દૈનિક
# મુંબઈ સમાચાર
૨૦૪ વર્ષ
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 113 ■ વિક્રમ સંવત ૨૦૮૨
વૈશાખ વદ - ૧૨ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 14 May 2026, Thursday ■ REGD.No. MCS/058/2024-26
ગુરુવાર, ૧૪ મે ૨૦૨૬, (૧૨ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦


લાડકી પૂર્તિ ૫ ૬ ૭


LIKE & FOLLOW: /Mumbaisamachar4u







**મોંઘવારી મારી નાખશે**

# અમૂલ, મધર ડેરીનું દૂધ બે રૂપિયા મોંઘું






નવી દિલ્હીઃ અમૂલ અને મધર ડેરીએ દૂધના ભાવમાં લિટર દીઠ રૂપિયા બેનો વધારો કર્યો છે. આ ભાવવધારો આજે ગુરુવારથી અમલી બનશે.

અમૂલ અને મધર ડેરીએ દૂધના ભાવમાં કરેલા વધારાને અન્ય ડેરીઓ પણ અનુસરીને દૂધના ભાવ વધારે એવી પૂરી શક્યતા છે.

અમૂલ દ્વારા દૂધના ભાવમાં પ્રતિ લિટર બે રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. આજથી ભારતભરમાં આ નવી કિંમતો અમલી બનશે. એક બાજુ વિશ્વમાં યુદ્ધનું સંકટ તોળાઈ રહ્યું છે તેવામાં અમૂલ દ્વારા દૂધના ભાવમાં અચાનક બે રૂપિયાનો વધારો કરી દેવામાં આવ્યો છે. નવીનતમ ભાવ સુધારો અમૂલ સ્ટાન્ડર્ડ મિલ્ક, બફેલો મિલ્ક, ગોલ્ડ, સ્લિમ એન્ડ ટ્રીમ, ટી-સ્પેશ્યલ, તાઝા અને ગાયનું દૂધ સહિતના મુખ્ય દૂધ ઉત્પાદનો પર લાગુ થશે.

આ વધારો અમૂલના ગ્રાહકોને અસર કરશે. ભાવવધારાની વાત કરવામાં આવે તો, દૂધના લગભગ તમામ પ્રકારોમાં પ્રતિ ૫૦૦ એમએલ એક રૂપિયો અને પ્રતિ લિટર બે રૂપિયાનો વધારો થયો છે. શક્તિ દૂધ (૫૦૦ એમએલ)નો ભાવ ૩૧ રૂપિયાથી વધીને ૩૨ રૂપિયા થયો છે, જ્યારે તાઝા દૂધ (૫૦૦ એમએલ) હવે ૨૮ રૂપિયાને બદલે ૨૯ રૂપિયામાં મળશે અને તેના એક લિટરના પેકિંગનો ભાવ પંચાવન રૂપિયાથી વધીને ૫૭ રૂપિયા થયો છે. ગોલ્ડ દૂધના ૫૦૦ એમએલના ૩૪ રૂપિયાના હવે ૩૫ રૂપિયા અને એક લિટરના ૬૮ રૂપિયાની જગ્યાએ હવે ૭૦ રૂપિયા કરવામાં આવ્યાં છે.

આ ઉપરાંત, ગાયના દૂધ (૫૦૦ એમએલ)નો ભાવ ૨૯ રૂપિયાથી વધીને ૩૦ રૂપિયા અને ભેંસના દૂધ (૫૦૦ એમએલ)નો ભાવ ૩૮ રૂપિયાથી વધીને ૩૯ રૂપિયા થયો


(જુઓ પાનું ૨) ▶▶


## અમદાવાદ-ધોલેરા વચ્ચે દેશની સૌપ્રથમ સૅમિ-હાઇ-સ્પીડ રેલ લાઇન નખાશે

▶ ડાંગર, કઠોળ, તેલીબિયાં, કપાસ સહિત ૧૪ ખરીફ પાકના લઘુતમ ટેકાના ભાવ વધારાયા

▶ નાગપુર ઈન્ટરનેશનલ ઍરપોર્ટને અપગ્રેડ કરાશે ▶ કૉલ ગૅસિફિકેશન પ્રોજેક્ટ્સને પ્રોત્સાહન અપાશે

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં બુધવારે મળેલી આર્થિક બાબતોની કેબિનેટ સમિતિની બેઠકમાં ગુજરાતના અમદાવાદ અને ધોલેરાની વચ્ચે અંદાજે રૂપિયા ૨૦,૬૬૭ કરોડના ખર્ચે ૧૩૪ કિલોમીટરની સૅમિ-હાઇ-સ્પીડ ડબલ રેલ લાઇન નાખવા, ડાંગર - કઠોળ - તેલીબિયાં - કપાસ સહિત ૧૪ ખરીફ પાકના લઘુતમ ટેકાના ભાવ વધારવા, નાગપુર ઇન્ટરનેશનલ ઍરપોર્ટને અપગ્રેડ કરવા અને કૉલ ગૅસિફિકેશન (હાઇ-ઍશ કૉલનું સ્વચ્છ રસાયણો, મિથેનોલ અને એમોનિયામાં રૂપાંતર કરવાના) પ્રોજેક્ટ્સને પ્રોત્સાહન આપવા મંજૂરી અપાઇ હતી.

અમદાવાદ અને ધોલેરાની વચ્ચેનો ૧૩૪ કિલોમીટરની સૅમિ-હાઇ-સ્પીડ ડબલ રેલ લાઇનનો પ્રોજેક્ટ ભારતીય રેલવેનો સ્વદેશી ટૅક્નોલૉજીથી તૈયાર થનારો સૌપ્રથમ સૅમિ-હાઇ-સ્પીડ કૉરિડૉર હશે. તેને લીધે અમદાવાદથી ધોલેરા એસઆઇઆર (સ્પેશ્યલ ઇન્વેસ્ટમેન્ટ રીજન), તૈયાર થઇ રહેલા ધોલેરા વિમાનમથક અને લોથલ નેશનલ


(જુઓ પાનું ૨) ▶▶







## સોના, ચાંદી પરની ઈમ્પોર્ટ ડ્યૂટી ડબલથીય વધુ વધારાઇ

▶ ૧૦ ગ્રામ સોનું વધુ ૧૩,૫૦૦ રૂપિયા મોંઘું થયું

નવી દિલ્હીઃ સરકારે સોના અને ચાંદી પરની ઇમ્પોર્ટ ડ્યૂટી છ ટકાથી વધારીને બુધવારથી ૧૫ ટકા, જ્યારે પ્લેટિનમ પરની ઇમ્પોર્ટ ડ્યૂટી ૬.૪થી વધારીને ૧૫.૪ ટકા કરી છે. સોના અને ચાંદી પરનો ત્રણ ટકા ઇન્ટિગ્રેટેડ જીએસટી (આઇજીએસટી) ગણીને કુલ ડ્યૂટી ૧૮.૪૫ ટકા થાય છે. તેને લીધે ૧૦ ગ્રામ સોનાનો ભાવ વધુ રૂપિયા ૧૩,૫૦૦ વધ્યો છે એટલે અગાઉ ૧૦ ગ્રામ દીઠ રૂપિયા ૧૩,૫૦૦નો વધારો હતો, તેને બદલે આ વધારો બમણો થઇને રૂપિયા ૨૭,૦૦૦ થયો છે.

સોના પરની બેસિક કસ્ટમ્સ ડ્યૂટી બમણી કરીને ૧૦ ટકા કરાઇ છે, જ્યારે ઍગ્રિકલ્ચર ઍન્ડ ડેવલપમેન્ટ સેસ એક ટકાથી વધારીને


(જુઓ પાનું ૨) ▶▶


**સલામ છે મોદીને, બોલ્યા એ કર્યું**

## પીએમના કાફલામાં હવેથી ફક્ત બે જ કાર

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ નાગરિકોને કરકસર કરવાની અને ઈંધણથી ચાલતા વાહનોનો ઉપયોગ ઘટાડવાની અપીલ કર્યાના એક દિવસ બાદ પોતાના વાહનોના કાફલાનું કદ ઘટાડ્યું હતું. આને પગલે ભાજપના અનેક મુખ્ય પ્રધાનોએ આવા જ પગલાં ભરીને કાફલાનું કદ નાનું કર્યું હતું. સત્તાવાર સૂત્રોએ કહ્યું હતું કે તાજેતરની મોદીની મુલાકાત દરમિયાન તેમના કાફલાનું કદ ઘટાડેલું જોવા મળ્યું હતું. આ ઘટાડે સ્પેશ્યલ પ્રોટેકશન ગ્રૂપના પ્રોટોકોલ જેવા સુરક્ષાના પાસાઓને ધ્યાનમાં લઈને કરવામાં આવ્યો છે. મોદીના


(જુઓ પાનું ૨) ▶▶





LIKE & FOLLOW: /Mumbaisamachar4u

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# પ્રતીક યાદવનું મોત રહસ્યમય, ડ્રગ્સે ભોગ લીધો કે કાવતરાએ?

**ઉત્તર** પ્રદેશના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને સમાજવાદી પાર્ટીના મુખિયા અખિલેશ યાદવના સાવકા ભાઈ પ્રતિક યાદવના આકસ્મિક મોતનો સમાચારે સૌને આંચકો આપી દીધો. માત્ર ૩૮ વર્ષનો બોડી બિલ્ડર પ્રતિક જીમ ટ્રેઈનર હતો ને એકદમ સ્વસ્થ લાગતો હતો ત્યાં બુધવારે સવારે જ અકાળે તેનું અવસાન થયાના સમાચાર આવી ગયા. ભાજપનાં નેતા અપર્ણા યાદવના પતિ પ્રતીકના મોતનું કારણ શું છે તેની ખબર પોસ્ટ મોર્ટમ પછી જ પડે પણ અત્યારે તો જાત જાતની કોન્સ્પિરસી થીયરીઓ વહેતી થઈ ગઈ છે. પ્રતિકને ઝેર આપીને મારી નખાયો છે ત્યાંથી માંડીને તેની તબિયત ખરાબ હોવા છતાં તેને હોસ્પિટલ લઈ જઈને સારવાર કરાવવાના બદલે જાણીજોઈને મરવા દેવાયો ને મરી ગયા પછી હોસ્પિટલ લઈ જવાયો ત્યાં સુધીની વાતો વહેતી થઈ છે.

આ વાતોમાં દમ છે કે નહીં એ નક્કી કરવું મુશ્કેલ છે પણ કેમ કે પ્રતીક બીમાર છે એ વાતની જ લોકોને ખબર નહોતી. પ્રતિક સેલિબ્રિટી નહોતો ને મુલાયમસિંહ યાદવના પરિવારની યાદવાસ્થળી બહાર ના આવી હોત તો કોઈ તેને ઓળખતું પણ ના હોત કેમ કે પ્રતિક મુલાયમસિંહ યાદવનો સગો દીકરો નહોતો. મુલાયમના રાજકીય વારસ બનવા યાદવ પરિવારમાં જંગ જામ્યો ત્યારે પ્રતિક લોકોની નજરમાં આવ્યો પણ પછી ભૂલાઈ ગયેલો. એ વખતે પ્રતીકની મીડિયામા જે ઈમેજ ઊભી કરાઈ એ હેલ્થ-કોન્શિયસ યુવકની હતી, એક્સરસાઈઝ કરીને જોરદાર બોડી બનાવનારા નવી જનરેશનના છોકરાની હતી. પ્રતિક બીમાર છે કે અસ્વસ્થ છે તેવો ખ્યાલ પણ કોઈને ના આવે એવું અલમસ્ત યુવક તરીકેની ઈમેજ મીડિયાએ બનાવી દીધેલી.

આ તો મોતના સમાચાર આવ્યા પછી સૌને ખબર પડી કે, પ્રતીકને લાંબી બીમારીના કારણે એક મોટી કોર્પોરેટ હોસ્પિટલમાં ભરતી કરાયેલો ને થોડા દિવસ પહેલાં જ હોસ્પિટલમાંથી રજા અપાઈ હતી. બુધવારે વહેલી સવારે તબિયત લથડી પછી લખનઉની સિવિલ હોસ્પિટલમાં લઈ જવાયો પણ ત્યાં લગીમાં તો પ્રાણપંખેરુ ઉડી ગયું હતું.

પ્રતીકનાં મોત પછી કોન્સ્પિરસી થીયરીઓ વહેતી થઈ છે તેનું કારણ પણ એ જ છે કે, પ્રતિક અખિલેશ યાદવનો ભાઈ છે. અખિલેશ ઉત્તર પ્રદેશના રાજકારણમાં મોટું માથું છે ને આવતા વરસે યોજાનારી વિધાનસભા ચૂંટણીઓમાં અખિલેશ ભાજપને પછાડીને ફરી સત્તા હાંસલ કરે છે કે નહીં તેના પર સૌની નજર છે. યુપીમાં અત્યારથી ચૂંટણીનો રંગ જામવા માંડ્યો છે ને તેમાં આ ગોઝારી ઘટના બની ગઈ તેથી કાવતરાની વાતો વહેતી થઈ ગઈ.

યાદવ પરિવારમાં થયેલી યાદવાસ્થળીનું એક કારણ પ્રતીકની પત્ની અપર્ણા પણ હતી ને તેના કારણે પણ જાત જાતની વાતો વહેતી થઈ છે. પ્રતીક યાદવની પત્ની અપર્ણા યાદવ ભાજપની નેતા છે ને અખિલેશ યાદવ સાથે તેને બારમો ચંદ્રમા છે. અખિલેશ સાથેના ડખાના કારણે જ અપર્ણા સમાજવાદી પાર્ટી છોડીને ભાજપમાં જોડાઈ ગયેલી પણ પ્રતીક યાદવ પરિવાર સાથે જ રહેલો. તેના કારણે પ્રતિક અને અપર્ણા વચ્ચે ખટરાગ થતાં થોડા મહિના પહેલાં પ્રતીકે અપર્ણાને ડિવોર્સ આપવાની જાહેરાત પણ કરી નાખેલી.

પ્રતીક યાદવે એ વખતે અપર્ણા યાદવને સોશિયલ મીડિયા પર ગાળો ભાંડીને આક્ષેપ મૂક્યો હતો કે, અપર્ણાના કારણે તેના પારિવારિક સંબંધો બરબાદ થઈ ગયા છે. પોતે સતત માનસિક તણવામાં રહે છે પણ અપર્ણાને કંઈ પડી જ નથી. અપર્ણાને પોતાના સિવાય કોઈની પરવા નથી, અપર્ણાને સત્તા અને ખ્યાતિ સિવાય બીજું કશું જોઈતું નથી. પ્રતીકે અપર્ણાને પોતાની જીંદગીમાં જોયેલી સૌથી ખરાબ વ્યક્તિ ગણાવીને તેની સાથે પોતે લગ્ન કર્યાં તેનો અફસોસ પણ વ્યક્ત કર્યો હતો. સાથે સાથે પોતે શક્ય એટલી ઝડપથી અપર્ણાને છૂટી કરી દેશે એવું પણ જાહેર કર્યું હતું. પ્રતીકે જાહેરાત તો કરી પણ તેણે અપર્ણાને ડિવોર્સ નહોતા આપ્યા. પ્રતીકને હોસ્પિટલમાં દાખલ કરાયો ત્યારે પણ અપર્ણા તેની સાથે હોય એવી તસવીરો સોશિયલ મીડિયા પર આવેલી તેથી બંને અલગ રહેતાં હશે પણ પતિ-પત્નિ તો હજુ છે જ.

પ્રતીકને મારવા માટે કોઈએ કાવતરું ઘડવું પડે કે કારસા કરવા પડે એવી તેની પર્સનાલિટી જ નહોતી પણ દુનિયામાં બધું નજરે દેખાય એવું હોતું નથી. પ્રતિક કોઈને નડ્યો નહોતો ને યાદવ પરિવારમાં જામેલા જંગ વખતે પણ એ બિલકુલ ચૂપ હતો. જાહેરમાં લવારા કરીને ખટરાગ વધારવાના બદલે પ્રતિકે મૌન રહેવાનું પસંદ કરેલું ને ગૌરવપૂર્ણ રીતે વર્તેલો. એ બીજા કોઈ વિવાદમાં પણ કદી નહોતો પડ્યો. પ્રતિક હાઈ પ્રોફાઈલ પરિવારનો હતો એ સાચું પણ એ હાઈ પ્રોફાઈલ નહોતો. યાદવ પરિવાર વરસોથી રાજકારણમાં છે ને અબજોનો દલ્લો ભેગો કરેલો છે. તેના જોરે તેણે પોતાનું જીમ ને રીયલ એસ્ટેટનો ધંધો જમાવેલો. તેમાંથી થતી કમાણીથી તેને સંતોષ હતો ને તેના જોરે એ જલસાની જિંદગી જીવતો હતો.

પ્રતીકની કોઈ રાજકીય મહત્ત્વાકાંક્ષા નહોતી ને મુલાયમ જીવતા હતા ત્યારે પણ કદી રાજકીય સક્રિયતા બતાવી નહોતી. પ્રતિકનાં માતા સાધના ગુપ્તા મુલાયમના બીજી પત્ની હતાં. ૧૯૮૦ના દાયકામાં મુલાયમ સાધના દેવીને છાનામાના પરણી ગયેલા. સાધનાનાં પહેલાં લગ્ન ચંદ્રપ્રકાશ ગુપ્તા સાથે થયેલાં ને આ લગ્નથી પ્રતિક જન્મ્યો હતો. સાધનાએ ચંદ્રપ્રકાશને ડિવોર્સ આપી મુલાયમ સાથે લગ્ન કર્યાં પછી પ્રતિકના પિતા તરીકે મુલાયમનું નામ લખાય છે પણ પ્રતીકને મુલાયમ સાથે લોહીનો સંબંધ નથી. સાધના આ વાત સમજ્યા વિના પ્રતિકને મુલાયમનો રાજકીય વારસ બનાવવા મથતાં હતાં પણ પ્રતિક પોતાની મર્યાદા સમજતો તેથી કદી રાજકીય મહત્ત્વાકાંક્ષા જ ના બતાવી.

આ કારણે અખિલેશ કે બીજા કોઈના માટે પણ નડતરરૂપ નહોતો તેથી તેને પતાવી દેવા માટે કોઈએ કાવતરું ઘડવું પડે એવા સંજોગો જ નહોતા. અલબત્ત જિંદગી આપણે ધારીએ એવી સરળ નથી હોત ને લોકોના જીવનમાં કેવાં કેવાં રહસ્યો છૂપાયેલાં હોય છે તેની તેમની સાથે રહેનારાં લોકોને પણ ખબર નથી હોતી. પ્રતિકના જીવનમાં પણ એવાં કોઈ રહસ્યો હોઈ શકે એ જોતાં કાવતરાની શંકા સાવ નકારી પણ ના શકાય.

પ્રતીક પહેલાં સાવ દૂબળોપાતળો હતો પણ છેલ્લાં કેટલાંક વરસોમાં મસલમેન બની ગયેલો. સુનિલ શેટ્ટી નવોસવો ફિલ્મોમાં આવેલો ત્યારે હતા એવો ડોલે-શોલે એટલે કે બાય-સેપ્સ ને ટ્રાય-સેપ્સ પ્રતિકના પણ થઈ ગયેલા. પ્રતિકે જીમમાં ટ્રેઈનિંગ દ્વારા કસાયેલું શરીર બનાવ્યું કે પછી દવાઓ લઈ લઈને બોડી બનાવી એ ખબર નથી પણ તેના બોડીમાં એચાનક આવેલા ફેરફારને જોતાં ડ્રગ્સ કે બીજી દવાઓની આડઅસર પણ તેના મોત માટે જવાબદાર હોય એ શક્યતા છે જ.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ – સૌર ગ્રીષ્મ ઋતુ, ગુરુવાર, તા. ૧૪-૫-૨૦૨૬, પ્રદોષ, વટસાવિત્રી વ્રતારંભ

- ભારતીય દિનાંક ૨૪, માહે વૈશાખ, શકે ૧૯૪૮
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, વૈશાખ વદ -૧૨
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે વૈશાખ, તિથિ વદ-૧૨
- પારસી શહેનશાહી રોજ ૩જો અર્દીબહેશ્ત, માહે ૧૦મો દએ, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૩જો અર્દીબહેશ્ત, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૨૫મો અશીશવંઘ, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૨૬મો, માહે ૧૧મો જિલ્કાદ, સને ૧૪૪૭
- મીસરી રોજ ૨૮મો, માહે ૧૧મો જિલ્કાદ, સને ૧૪૪૭
- નક્ષત્ર રેવતી રાત્રે ક. ૨૨-૩૩ સુધી, પછી અશ્વિની.
- ચંદ્ર મીનમાં રાત્રે ક. ૨૨-૩૩ સુધી, પછી મેષમાં.
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મીન (દ, ચ, ઝ, થ), મેષ (અ, લ, ઈ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૦૬, અમદાવાદ ક. ૦૬ મિ. ૦૧, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૦૩, અમદાવાદ ક. ૧૯ મિ. ૧૧, સ્ટા. ટા.
- -ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
- ભરતીઃ સવારે ક. ૧૦-૧૦, રાત્રે ક. ૨૧-૫૨
- ઓટઃ સાંજે ક. ૧૬-૦૧, મધ્યરાત્રિ પછી રાત્રે ક. ૦૪-૧૨ (તા. ૧૫)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, 'પરાભવ'નામ સંવત્સર, વૈશાખ કૃષ્ણ – દ્વાદશી. મધુસુદન બારસ, પ્રદોષ, નિરયન સૂર્ય વૃષભ રાશિમાં મધ્યરાત્રિ પછી ક. ૩૦.૨૦, મું. ૩૦. સામ્યાર્ધ પંચક સમાપ્તિ રાત્રે ક. ૨૨-૨૩, બુધ વૃષભમા ક. ૨૪-૩૦. શુક્ર મિથુનમાં ક. ૧૦-૫૩, વટસાવિત્રી વ્રતારંભ. શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ લગ્ન, ખાત, વાસ્તુ કળશ, સર્વદેવ પ્રતિષ્ઠા, વાહન, પ્રદોષ, વ્રત ઉપવાસ, શિવપૂજા, શિવરુદ્રાભિષેક પૂજા, સાયંકાળે શિવમંદિરમાં દીપદાન, રાત્રિ જાગરણ, શિવભક્તિ ભજન કીર્તન, ગુરુ-બુધ ગ્રહદેવતાનું પૂજન, પૂષાદેવતાનું પૂજન, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, નવાં વસ્રો, આભૂષણ, નવાં વાસણ, વાહન, યંત્રારંભ, દસ્તાવેજ, દુકાન-વેપાર, માલ લેવો, નોકરી-વેપાર, ધાન્ય ભરવું, પ્રયાણ શુભ, સીમંત સંસ્કાર, દેવદર્શન, અન્નપ્રાશન, પશુ લે-વેંચ, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શ્રી વિષ્ણુ સહસ્રનામ સ્તોત્ર પાઠ વાંચન.
- આચમનઃ ચંદ્ર-ગુરુ ચતુષ્કોણ દંભી સ્વભાવ. સૂર્ય-બુધ યુતિ ગણતરી બાજ, ચંદ્ર-મંગળ યુતિ માથાફરેલ.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-ગુરુ ચતુષ્કોણ સટ્ટાની આદત, સૂર્ય-બુધ યુતિ, પાકા ગણતરી બાજ, ચંદ્ર-મંગળ યુતિ અવિચારી.
- ગ્રહગોચરઃ સૂર્ય-મેષ, મંગળ-મેષ, માર્ગી બુધ-મેષ/ વૃષભ, માર્ગી ગુરુ-મિથુન, શુક્ર-વૃષભ/ મિથુન, માર્ગી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચ્યુન-મીન, વક્રી પ્લુટો-મકર.

મુખ્બિરે ઈસ્લામ

અનવર વલિયાણી
anwar.v@bombaysamachar.com

# બેસુમાર બરકત, બઢતી અને સચ્ચાઈના માર્ગે દુઆઓ કબૂલ થવાનો દિવસઃ જુમ્મા

**ઈસ્લામમાં** જેમ શબે જુમ્મા; શુક્રવારની રાત્રી, રોજે જુમ્મા શુક્રવારના દિવસને અન્ય દિવસોની તુલના; બરાબરીથી ઘણો ઊંચો; બુલંદ આંકવામાં આવ્યો છે તેમ જુમ્માની નમાઝને પણ ઘણી જ અહેમિયત; મહત્ત્વ પ્રદાન કરવામાં આવેલ છે.

- ઈલાહી કિતાબ; ઈશ્વરીય ગ્રંથ પવિત્ર કુરાનમાં સૃષ્ટિના સર્જનહાર કહે છે કે,

* 'હે ઈમાન લાવનારાઓ; શ્રદ્ધા-આસ્થાળુઓ! જ્યારે જુમ્માના દિવસે નમાઝ; પ્રાર્થના માટે પોકારવામાં આવે તો તમે અલ્લાહની યાદ માટે; મસ્જિદ તરફ દોડી જાઓ અને સઘળી લેણદેણને પડતી મૂકી દો. જો તમે આની; શુક્રવાર; જુમ્માની અહેમિયતને સમજતા હો તો આ તમારા માટે બહેતર; સર્વોત્તમ છે. પછી જ્યારે નમાઝ પૂરી થઈ જાય તો પૃથ્વીમાં ફેલાઈ જાઓ, અને અલ્લાહની કૃપા (રોજી)ના ઈચ્છનારા થાઓ અને અલ્લાહને વિશેષ (પ્રમાણમાં) યાદ કરો કે કદાચને તમે સફળતા મેળવો.'

નમાઝે જુમ્માનો એક હેતુ મોમીનોને સમૂહમાં એકઠા થવા અંગેનો પણ છે. જુમ્માનો અર્થ પણ સૌ મોમીનોએ એકઠા થવું એવો થાય છે.

હઝરત અલી અલૈયહિ સલ્લામે અલ્લાહના રસૂલ હઝરત મુહંમદ સલ્લલ્લાહો અલૈયહિ વસલ્લામથી નકલ કરે છે કે 'જ્યારે જુમ્માનો દિવસ આવે છે ત્યારે શેતાનો સવારમાં પોતાના ઝંડાઓ સાથે ઝડપથી બજારોમાં જાય છે અને લોકો માટે રૂકાવટો ઊભી કરીને લોકોને નમાઝે જુમ્મામાં સામિલ થવાથી રોકે છે.'

પયગંબરે ઈસ્લામ (સ.અ.વ.) ફરમાવે છે- 'જ્યારે જુમ્માનો દિવસ આવે છે ત્યારે અલ્લાહ અમુક ફરિશ્તાઓને મોકલે છે, જેમની પાસે સોનાની કલમ અને ચાંદીના કાગળ હોય છે. આ ફરિશ્તાઓ મસ્જિદના દરવાજા પાસે ઊભા રહી જાય છે અને જે લોકો મસ્જિદમાં દાખલ થતા જાય છે, તેમ તેઓના નામ ક્રમાનુસાર લખતા રહે છે અને જ્યારે નમાઝીઓની સંખ્યા સિત્તેર સુધી પહોંચી જાય છે ત્યારે કહે છે કે આ સંખ્યા એ સિત્તેર લોકોની સંખ્યા જેટલી થઈ ગઈ છે, જેઓને હઝરત મુસા અલૈયહિસલ્લામે પોતાની ઉમ્મત (પ્રજા)માંથી પસંદ કર્યા હતા. ત્યાર પછી એ ફરિશ્તાઓ લાઈનબંધ ઊભેલા નમાઝીઓની સફોની વચ્ચે જાય છે અને એવા લોકોના ખબર અંતર પૂછે છે, જેઓ નમાઝમાં હાજર થયા નથી (જેઓ નિયમિત રીતે નમાઝ અદા કરવા આવતા હતા) અને પૂછે છે કે ફલાણો માણસ ક્યાં છે? જો તે બીમાર હોય તો તેની શિફા (તન્દુરસ્તી) માટે અલ્લાહ પાસે દુઆ કરે છે, જો તે સફરમાં હોય તો તેના સલામતી સાથે પાછા ફરવાની દુઆ ગુજારે છે અને જો તે ઈન્તેકાલ (અવસાન) કરી ગયો હોય તો તેની મગફેરત (છુટકારા) માટે દુઆ કરે છે અને અલ્લાહને અરજ ગુજારે છે કે આને બક્ષી આપ. કેમ કે આ નમાઝે જુમ્મા પઢનાર હતો.

નમાઝે જુમ્માની બીજી મહત્ત્વની બાબત જુમ્માના ખુત્બા; બોધ-ઉપદેશ, નસીહત અંગેની છે ખુત્બો આપનાર ઈમામ; મૌલવીની જવાબદારી લોકોને અલ્લાહ તરફ દાવત આમંત્રણ આપવાની, જમાનાના સંજોગો અને બનાવોથી વાકેફ; માહિતગાર કરવાની હોય છે. તેથી જ હુકમ આપવામાં આવ્યો છે કે જ્યારે જુમ્માના ખુત્બા બયાન થઈ રહ્યા છે (ફરમાવવામાં આવી રહ્યા છે) ત્યારે મોમીનો ચૂપ રહે.

હઝરત ઈમામ મોહમ્મદ બાકીર અલૈયહિ સલ્લામથી રિવાયત; કથન છે કે, જુમ્માનો ખુત્બો (ધાર્મિક વ્યાખ્યાન) ઈમામ આપી રહ્યા હોય ત્યારે લોકો માટે વાજીબ (જરૂરી) છે કે તેઓ ખામોશી ગ્રહણ કરે.

પયગંબર હઝરત મુહમ્મદ (સલ.)નું કથન છે, જે શખ્શ ખુત્બા આપવા સમયે વાતચીત કરે તો તેનો દાખલો ગધેડો જેવો છે, જેની પીઠ ઉપર કિતાબ (કુશન) રાખવામાં આવી હોય અને એ માણસ પણ (તેમાં આવી જાય છે) જે વાત કરનારને કહેતો હોય કે ચૂપ રહો. આવા ઈન્સાનો નમાઝે જુમ્માથી કોઈ ફાયદો; - કોઈ લાભ મેળવી શકતા હોતા નથી. એક બીજી રિવાયત (કથન) મુજબ બંને ખુત્બાની વચ્ચે તથા ખુત્બા પછી ખતીબના મુસલ્લા જેના ઉપર નમાઝ અદા કરવા-આવવા સુધીનો સમય દુઆ કબૂલ થવા માટેનો છે. તેથી એ સમયે દીન અને ઈમાન શ્રદ્ધા; સબૂરી સલામત રહેવા માટે મોમીન નમાઝીએ દુઆ ગુજારવી જોઈએ; યાચના કરવી જોઈએ.

જુમ્માના દિવસે નામે મુસલમાન મોમિનની શું ફરજો હોવી જોઈએ? દીને ઈસ્લામે આ દિવસે મોમીન પર કઈ ફરજો નક્કી કરી છે? વગેરે બાબતો પર હદીસ (નબી સાહેબના કથનો)ના હવાલાથી આ લેખના આવતી કોલમના ત્રીજા અને આખરી ભાગમાં રોશની નાખીશું અને જુમ્મા; શુક્રવારની અહેમિયત; મહત્ત્વ પર હિદાયત; આદેશ; આજ્ઞા; ધર્મની સાચી સમજ હાંસિલ કરીશું.

* * *

સાપ્તાહિક સંદેશઃ

નમાઝ એક જરૂરી એવા શિક્ષણનો કોર્સ છે. જેનું એક એક હલન-ચલન-વાણી-વર્તન ઈન્સાનના રૂહાની; આત્મિક અને જીસ્માની-શારીરિક આરોગ્ય માટે સુખાકારીનું કારણ બને છે...! - હદીસ

# તમિળનાડુ વિધાનસભામાં વિજયે પુરવાર કરી બહુમતી

## દ્રમુકે વૉકઆઉટ કર્યો, અન્ના દ્રમુકના અનેક સભ્યોનું વિજયની તરફેણમાં મતદાન

ચેન્નઈઃ તમિળનાડુમાં થલપતિ વિજય સરકારે વિશ્વાસ મત જીતી લીધો છે. વિજયની સરકારના પક્ષમાં ૧૪૪ મત પડ્યા હતા. અગાઉ દ્રમુકના ૫૯ સભ્યોએ વિશ્વાસમતનો બહિષ્કાર કર્યો હતો. નોંધનીય છે કે ૨૩૪ સભ્યોની તમિલનાડુ વિધાનસભામાં બહુમતીનો આંકડો ૧૧૮ છે. ટીવીકેએ ૧૦૮ બેઠકો જીતી હતી. દ્રમુકે ૫૯ બેઠકો જીતી હતી. અન્ના દ્રમુકે ૪૭ બેઠકો જીતી હતી. કોંગ્રેસે પાંચ બેઠકો જીતી હતી. પીએમકે ચાર બેઠકો જીતી હતી.

જોકે, દ્રમુકે વોકઆઉટ કર્યું, જેના કારણે મતદાન સમયે ગૃહમાં કુલ સભ્યોની સંખ્યા ઘટી ગઈ હતી. વિજયને સમર્થન આપનારા ધારાસભ્યોની સંખ્યા પરથી લાગે છે કે અન્ના દ્રમુકના કેટલાક બળવાખોર ધારાસભ્યોએ પાર્ટીના વ્હીપનો અનાદર કર્યો હતો અને તેમની વિરુદ્ધ મતદાન કર્યું હતું.

કોંગ્રેસ, સીપીઆઈ, સીપીઆઈ(એમ) અને વીસીકેના ધારાસભ્યોએ ટીવીકેને સમર્થન આપતા સરકાર વિશ્વાસમત જીતી લીધો હતો. બે ધારાસભ્યો ધરાવતી ઈન્ડિયન યુનિયન મુસ્લિમ લીગ (આઈયુએમએલ) એ પણ ટીવીકે સરકારને ટેકો આપ્યો. અમ્મા મક્કલ મુનેત્ર કળગમ (એએમએમકે) ના ધારાસભ્ય કામરાજે પણ વિધાનસભામાં ટીવીકેને સમર્થન આપ્યું.

તમિળનાડુના મુખ્ય પ્રધાન વિજયે શપથ લીધાના ત્રણ દિવસ પછી રાજ્ય વિધાનસભામાં પોતાની બહુમતી સાબિત કરી હતી. વિજયની સરકારને ૧૪૪ મત મળ્યા જે બહુમતી સાબિત કરવા માટે જરૂરી સંખ્યા કરતા ઘણી મોટી સંખ્યા છે. અન્ના દ્રમુકના ધારાસભ્યોના એક જૂથે સી. જોસેફ વિજયના નેતૃત્વ હેઠળની સરકારને ટેકો આપ્યો હતો જેના કારણે મુખ્યપ્રધાન વિજયે ૧૪૪:૨૨ મતોથી ફ્લોર ટેસ્ટ પાસ કર્યો હતો.

ભાજપના ધારાસભ્ય રહ્યા જ્યારે એનડીએના અન્ય સાથી પક્ષ પીએમકેના ચાર ધારાસભ્યો પણ ગેરહાજર રહ્યા હતા. ફ્લોર ટેસ્ટ દરમિયાન તમિળનાડુ વિધાનસભામાં અરાજકતા, આંતરિક લડાઈ અને વોકઆઉટની સ્થિતિ જોવા મળી હતી. પણ જોવા મળ્યો હતો. વરિષ્ઠ નેતાઓ સી. વી. ષણ્મુગમ અને એસ.પી. વેલુમણિના નેતૃત્વ હેઠળ એઆઈએડીએમકેના ધારાસભ્યોના એક જૂથે મંગળવારે જાહેરાત કરી હતી કે તેઓ વિજયને સમર્થન આપશે કારણ કે તેઓ લોકોના આદેશનું સન્માન કરે છે. આ ગ્રુપે જનરલ સેક્રેટરી કે. પલાનીસ્વામીના જૂથ પર પણ આરોપ લગાવ્યો કે તેઓ સરકાર બનાવવા માટે દ્રમુકને સાથ આપવા માગે છે.

# પચીસ બળવાખોર વિધાનસભ્યને અન્ના દ્રમુકે પક્ષના હોદ્દા પરથી દૂર કર્યા

નવી દિલ્હીઃ અન્ના દ્રમુકના મહામંત્રી ઈડાપ્પદી કે, પલનીસ્વામીએ બુધવારે એસ. પી. વેલુમણી, સી વી. ષણ્મુગમ અને સી. વિજયભાસ્કર સહિતના બળવાખોર નેતાને પક્ષના હોદ્દા પરથી દૂર કર્યા હતા. પક્ષના અધ્યક્ષે નાથમ વિશ્વનાથ સહિતના બળવાખોર વિધાનસભ્યો સામે વ્હિપ લગાડ્યો હતો. આ બળવાખોર વિધાનસભ્યોએ પક્ષનો આદેશ ન માનીને બુધવારે વિધાનસભામાં વિશ્વાસના મતની તરફેણમાં મતદાન કર્યું હતું.

પલનીસ્વામીએ પચીસ વિધાનસભ્યોને પક્ષના હોદ્દામાંથી દૂર કરીને તેમના સ્થાને જિલ્લા મંત્રીની રચના કરી હતી. મતદાન વખતે અન્ના દ્રમુકની તિરાડ સપાટી પર આવી હતી. પક્ષના નેતાઓ વેલુમણી અને ષણ્મુગમની આગેવાનીમાં વિધાનસભ્યોએ સરકારની તરફેણમાં મતદાન કર્યું હતું.

પલનીસ્વામીએ ગૃહમાં જાહેર કર્યું હતું કે મારા પક્ષના વિધાનસભ્યએ સરકાર વિરુદ્ધ મતદાન કરવું જોઈએ. ત્યાર બાદ વેલુમણીએ સરકારને ટેકો જાહેર કર્યો હતો. બળવાખોર વિધાનસભ્યોએ સરકારની તરફેણમાં મતદાન કર્યું હતું. (એજન્સી)

પહેલા પાનાનું ચાલુ

### અમૂલ, મધર ડેરીનું

છે. સૌથી ઓછી કિંમત ધરાવતું સ્લિમ એન્ડ ટ્રીમ દૂધ (૫૦૦ એમએલ) હવે પચીસ રૂપિયાને બદલે ૨૬ રૂપિયા કરવામાં આવ્યાં છે. ટી સ્પેશિયલ દૂધના ભાવમાં પણ વધારો થયો છે, જેમાં ૫૦૦ એમએલનો ભાવ ૩૨ રૂપિયાથી વધીને ૩૩ રૂપિયા અને એક લિટરનો ભાવ ૬૪ રૂપિયાથી વધીને ૬૬ રૂપિયા કરવામાં આવ્યો છે. આમ, દૂધના આ નવા ભાવ વધારાની સીધી અસર સામાન્ય જનતાના બજેટ પર પડશે.

મધર ડેરીએ ગુરુવારથી દૂધનો નવો ભાવ લાગુ પાડવાનો નિર્ણય લીધો હતો. અગાઉ, તેણે ૨૦૨૫ના એપ્રિલમાં દૂધનો ભાવ વધાર્યો હતો. મધર ડેરીના દૂધનો ભાવ દિલ્હી - એનસીઆરમાં ભાવ-વધારા પછી નીચે મુજબ રહેશેઃ

ટોન્ડ મિલ્ક (બલ્ક વેન્ડેડ)નો ભાવ લિટર દીઠ રૂપિયા ૫૬થી વધારીને રૂપિયા ૫૮ કરાયો છે. ફૂલ ક્રીમ મિલ્ક (પાઉચ્ડ)નો ભાવ રૂપિયા ૭૨ રહેશે.

ટોન્ડ મિલ્ક (પાઉચ્ડ)નો ભાવ રૂપિયા ૫૮થી વધારીને રૂપિયા ૬૦ કરાયો છે. ડબલ ટોન્ડ મિલ્કનો ભાવ રૂપિયા ૫૪ રખાયો છે. ગાયના દૂધનો ભાવ રૂપિયા ૬૦થી વધારીને રૂપિયા ૬૨ કરાયો છે. ખાદ્યસામગ્રી પર આધારિત ફુગાવાનો દર એપ્રિલમાં ચાર ટકાથી વધી ગયો હતો અને દૂધના ભાવમાં થયેલો સામાન્ય જનતા પર વધુ આર્થિક બોજો લાદશે. (એજન્સી)

### અમદાવાદ-ધોલેરા

મેરિટાઇમ હૅરિટેજ કૉમ્પ્લેક્ષ સુધી ટ્રેનમાં જલદી આવજા કરી શકાશે.

આ ઉપરાંત, સૅમિ-હાઇ-સ્પીડ કૉરિડૉરને લીધે મુસાફરો ટ્રેનમાં એક દિવસમાં રિટર્ન ટ્રિપ કરી શકશે. ધોલેરા એસઆઇઆર (સ્પેશ્યલ ઇન્વેસ્ટમેન્ટ રીજન) ગુજરાતનું ગ્રીનફિલ્ડ ઇન્ડસ્ટ્રિયલ સ્માર્ટ સિટી છે.

કેન્દ્રીય પ્રધાન અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે અમદાવાદ - ધોલેરા કૉરિડોર, એ દિલ્હી - મુંબઈ ઇન્ડસ્ટ્રિયલ કૉરિડોરનો હિસ્સો છે. તેનાથી સરખેજ અને ધોલેરા વચ્ચેની મુસાફરનો સમય અંદાજે ૩૪ મિનિટ ઘટી જશે.

સરખેજથી અમદાવાદ સુધીની ડબલ લાઇનનું બાંધકામ ચાલુ છે અને તેના દ્વારા ધોલેરા અને અમદાવાદ વચ્ચે સીધું જોડાણ થશે. આ પ્રોજેક્ટનો લાભ ૨૮૪ ગામને મળશે. સરકારે ડાંગરનો લઘુતમ ટેકાનો ભાવ ૨૦૨૬-૨૭ ખરીફ પાકની મોસમ માટે રૂપિયા ૭૨ વધારીને ક્વિન્ટલ દીઠ રૂપિયા ૨,૪૪૧ કર્યો છે. નૈઋત્યનું ચોમાસું બેસે તેની પહેલાં જૂનમાં જે ૧૪ ખરીફ પાકની વાવણી શરૂ થાય છે, તેના લઘુતમ ટેકાના ભાવમાં વધારો કરવાનો નિર્ણય લેવાયો હતો.

નાગપુર આંતરરાષ્ટ્રીય વિમાનમથકને અપગ્રેડ કરવા માટે સરકાર અને ખાનગી કંપની વચ્ચે ભાગીદારી કરાશે.

સરકારે સ્વચ્છ ઊર્જા માટે કૉલ ગૅસિફિકેશન (હાઇ-ઍશ કૉલનું સ્વચ્છ રસાયણો, મિથેનોલ અને એમોનિયામાં રૂપાંતર કરવાના) પ્રોજેક્ટ્સને પ્રોત્સાહન આપવા રૂપિયા ૩૭,૫૦૦ કરોડની સ્કીમને મંજૂરી આપી હતી. તેને લીધે વિદેશી હૂંડિયામણની બચત થવાની આશા છે. (એજન્સી)

### સોના, ચાંદી પરની

પાંચ ટકા કરાઇ છે અને તેથી સોના અને ચાંદી પરની કુલ ઇમ્પોર્ટ ડ્યૂટી ૧૫ ટકા થાય છે. આ ઉપરાંત, આયાત કરનારે ત્રણ ટકા ઇન્ટિગ્રેટેડ જીએસટી (આઇજીએસટી) ભરવાનો હોવાથી કુલ ડ્યૂટી અગાઉના ૯.૧૮ ટકાથી વધીને ૧૮.૪૫ ટકા થઇ છે.

પશ્ચિમ એશિયામાં ચાલતી લડાઇને કારણે ખનિજ તેલના અને ખાતરના વધેલા ભાવની માઠી અસર ઓછી કરવા તેમ જ વિદેશી હૂંડિયામણની અનામતના રક્ષણાર્થે સરકારે આ પગલું ભર્યું છે.

અગાઉ, વડા પ્રધાને થોડા દિવસ પહેલાં જનતાને એક વર્ષ સુધી સોનાની ખરીદી નહિ કરવા, વિદેશી પ્રવાસ ટાળવા અને પેટ્રોલ, ડીઝલ તેમ જ ગૅસનો કરકસરથી ઉપયોગ કરવા અપીલ કરી હતી.

ભારત સોનું ખરીદનારા વિશ્વના દેશોમાં બીજા ક્રમે છે. સોનાના વપરાશમાં ચીન વિશ્વમાં પ્રથમ ક્રમે છે. દેશનું વિદેશી હૂંડિયામણ ખનિજ તેલની આયાત પછી સોનાની આયાતથી વિદેશમાં સૌથી વધુ જતું રહે છે. સોના અને ચાંદી પરની ઇમ્પોર્ટ ડ્યૂટીમાં અઢી ગણો વધારો કરાતા આ બે મોંઘી ધાતુના ભાવ પણ સ્થાનિક બજારમાં ઘણાં વધી ગયા છે.

સોના અને ચાંદી પરની ઇમ્પોર્ટ ડ્યૂટી ૧૩ મેથી જ છ ટકાથી વધારીને ૧૫ ટકા કરાઇ છે, જ્યારે પ્લેટિનમ પરની આ જકાત ૬.૪ ટકાથી વધારીને ૧૫.૪ ટકા કરાઇ છે.

સોના અને ચાંદીની આયાતમાં ૨૦૨૫-૨૬ના નાણાકીય વર્ષમાં આગલા વર્ષની સરખામણીમાં ૨૬.૭ ટકાનો વધારો થઇને ૧૦૨.૫ અબજ ડૉલર થઇ હતી. દેશમાંની કુલ આયાત પાછળ થતાં ખર્ચમાંનો સોના અને ચાંદીનો હિસ્સો ગયા વર્ષના ૧૧.૮ ટકાથી વધીને ૧૪ ટકા થયો છે.

દરમિયાન, ડૉલરની સામે રૂપિયાનું મૂલ્ય સતત ઘટી રહ્યું છે અને આયાતમાં થઇ રહેલા વધારાને લીધે દેશમાંના વિદેશી હૂંડિયામણની અનામત ઓછી થઇ રહી છે. ડૉલરની સામે રૂપિયાનું મૂલ્ય મંગળવારે ૯૫.૭૫ થઇ ગયું હતું.

અખાતના દેશોમાંની લડાઇને લીધે ખનિજ તેલના ભાવમાં પણ ઘણો વધારો થઇ ગયો છે અને પેટ્રોલિયમ પ્રોડક્ટ્સની અછત પણ ઊભી થઇ છે. (એજન્સી)

### પીએમના કાફલામાં

કાફલામાં બે જ કાર દેખાઈ હતી.

હૈદરાબાદમાં મોદીએ કરકસરનાં પગલાં લેવાનો અનુરોધ કર્યો હતો અને એના એક દિવસ બાદ તેમની ગુજરાત અને આસામની મુલાકાતમાં મોદીના કાફલાનું કદ સંકોચાયેલું હતું. સૂત્રોએ કહ્યું હતું કે મોદીએ નવી ખરીદી કર્યા વિના તેમના કાફલામાં ઈલેક્ટ્રિક વાહનોને સામેલ કરવાનું કહ્યું છે. આનું અનુસરણ કરીને ઉત્તર પ્રદેશ, દિલ્હી, મધ્ય પ્રદેશ રાજસ્થાન, મહારાષ્ટ્ર વગેરેના મુખ્ય પ્રધાનોએ તેમના વાહન કાફલાનું કદ ઘટાડ્યું હતું. મહારાષ્ટ્ર સરકારે બધા પ્રધાનોને સત્તાવાર પ્રવાસ માટે વિમાનનો ઉપયોગ કરતા પહેલાં આગોતરી પરવાનગી લેવાનો નિર્દેશ આફ્યો છે.

ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે મુખ્ય પ્રધાન અને તેમના પ્રધાનોના કાફલામાંથી ૫૦ ટકા વાહનો ઘટાડવાનો આદેશ આપ્યો છે. યોગીએ લોકોને વૈશ્વિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને બિનજરૂરી સોનું ન ખરીદવાનો અનુરોધ કર્યો છે.

મધ્ય પ્રદેશના મુખ્ય પ્રધાન મોહન યાદવે જાહેરાત કરી હતી કે હું મારા કાફલામાં લઘુતમ વાહનોનો ઉપયોગ કરીશ. તેમણે તેમના પ્રધાનોને પણ આમ કરવાની સૂચના આપી છે.

દિલ્હીનાં મુખ્ય પ્રધાન રેખા ગુપ્તાએ પ્રધાનો, વિધાનસભ્યો અને બીજા લોકપ્રતિનિધિઓ દ્વારા વપરાતા વાહનોની ટોચમર્યાદા નક્કી કરી છે. રાજસ્થાનના મુખ્ય પ્રધાન ભજનલાલ શર્માએ પણ પોતાના કાફલાનું કદ લઘુતમ રાખવાનો આદેશ આપ્યો હતો. (એજન્સી)



પ્રેમાળ સ્મૃતિમાં

**રમેશ (ટોની) અગ્રવાલ**

૨૮ જુલાઈ ૧૯૫૩ - ૧૩ મે ૨૦૨૬

અંતિમ સંસ્કાર વિધિ માટે અમારી સાથે જોડાવા અને દિવંગત આત્મા માટે પ્રાર્થના કરવા માટે અમે આપને નમ્ર વિનંતી કરીએ છીએ.

માતા-પિતા : સત્યારાણી લખપતરાય અગ્રવાલ
પત્ની : વંદના અગ્રવાલ
પુત્રવધુ-પુત્ર : રિન્કી માનવ અગ્રવાલ □ પુત્રઃ ધ્રુવ અગ્રવાલ
પુત્રીઓ : પૂજા અગ્રવાલ □ પ્રિયા અગ્રવાલ
દોહિત્રીઓ : નવીકા અગ્રવાલ □ નવ્યા અગ્રવાલ

અંતિમ સંસ્કાર વિધિઃ શુક્રવાર, તા.૧૫-૫-૨૦૨૬ સવારે ૧૦ કલાકે
નિવાસસ્થાનઃ ૨૯-એફ-૧, (રામવન), મોડેલ ટાઉન ગેટ નંબર-૧, બાલરાજેશ્વર રોડ, મુલુન્ડ (પશ્ચિમ), મુંબઈ-૪૦૦૦૮૦.

# ૧૮૦૦ કરોડના ખર્ચે રાજ્યના પોલીસ અધિકારીઓ માટે ઘર બાંધવામાં આવશે

મુંબઈઃ મહારાષ્ટ્ર સરકારે બુધવારે રાજ્યમાં પોલીસ અધિકારીઓ અને અમલદારોના ઘરના બાંધકામ માટે નાણાકીય સહાય પૂરી પાડવાના એક મહત્વપૂર્ણ નિર્ણયને મંજૂરી આપી છે. ગૃહ વિભાગના સરકારી નિર્ણય મુજબ મહારાષ્ટ્ર રાજ્ય પોલીસ આવાસ અને કલ્યાણ નિગમ દ્વારા પોલીસ કર્મચારીઓ માટે હાઉસિંગ એડવાન્સ યોજના હેઠળ ૧૭૬૮ કરોડ રૂપિયાની લોન માટે મંજૂરી આપવામાં આવી છે. આ લોન મહારાષ્ટ્ર રાજ્ય સહકારી બેંક લિમિટેડ દ્વારા ઊભી કરવામાં આવશે અને રાજ્યના હજારો પોલીસ અધિકારીઓ અને અધિકારીઓને આ યોજનાનો લાભ મળશે. સરકારે અગાઉ આ યોજના હેઠળ ૯૭૮૧ પોલીસ અધિકારીઓ અને અમલદારોને નાણાકીય સહાય આપવાનો નિર્ણય લીધો હતો. સપ્ટેમ્બર ૨૦૨૩થી ૩૧ ડિસેમ્બર, ૨૦૨૪ દરમિયાન મળેલા ઘર બાંધકામના આગોતરા પ્રસ્તાવોના આધારે વધુ ૫૪૫૯ દરખાસ્તોને મંજૂરી આપવામાં આવી હતી. ■

# સિંહસ્થ કુંભમેળાના લોગોનું અનાવરણ

મુંબઈઃ મહારાષ્ટ્ર સરકારે બુધવારે ૨૦૨૭ નાસિક-ત્ર્યંબકેશ્વર સિંહસ્થ કુંભમેળા માટે સત્તાવાર લોગોનું અનાવરણ કર્યું હતું. સહ્યાદ્રી ગેસ્ટ હાઉસ ખાતે નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે અને સુનેત્રા પવારની હાજરીમાં મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે લોગોનું અનાવરણ કર્યું હતું.

કુંભમેળા ઓથોરિટી, MyGov અને એસોસિએશન ઓફ ડિઝાઇનર્સ ઓફ ઇન્ડિયા દ્વારા સંયુક્ત રીતે આયોજિત રાષ્ટ્રવ્યાપી સ્પર્ધા દ્વારા આ ડિઝાઇનની પસંદગી કરવામાં આવી હતી. ૨૦ નવેમ્બરથી ૨૦ ડિસેમ્બર, ૨૦૨૫ દરમિયાન યોજાયેલી સ્પર્ધા દરમિયાન કુલ ૩,૦૬૭ એન્ટ્રી મળી હતી, જેમાં આંતરરાષ્ટ્રીય સહભાગીઓની ૭૦ એન્ટ્રી સામેલ હતી. (પીટીઆઈ)■

# સરકારી કર્મચારીઓની દિવ્યાંગતાનું થશે પુનઃમૂલ્યાંકનઃ હાઈ કોર્ટની લીલી ઝંડી

મુંબઈઃ દિવ્યાંગતાના અનેક બનાવટી દાવાઓની પૃષ્ઠભૂમિમાં સરકારી, અર્ધ-સરકારી અને અનુદાનિત સંસ્થાઓમાં 'દિવ્યાંગ વ્યક્તિઓ માટે અનામત' હેઠળ નોકરી મેળવનારા અથવા સેવા-સુવિધાઓનો લાભ લેનારા તમામ કર્મચારીઓની દિવ્યાંગતાના પ્રમાણનું ટૂંક સમયમાં પુનઃમૂલ્યાંકન કરવામાં આવશે. આ પુનઃમૂલ્યાંકન માટે વિશેષ અભિયાન ચલાવવા માટે તાજેતરમાં જ અદાલતે રાજ્ય સરકારને લીલીઝંડી બતાવી છે.

આ અભિયાન એક વખતની પ્રક્રિયા તરીકે હાથ ધરવામાં આવશે. ન્યાયમૂર્તિ રવિન્દ્ર ઘુગે અને ન્યાયમૂર્તિ અભય મંત્રીની ખંડપીઠે જણાવ્યું હતું કે દિવ્યાંગતાના અનેક બનાવટી દાવાઓ સામે આવતા આ ચકાસણી અનિવાર્ય બની છે. જૂન ૨૦૨૫ના સરકારી આદેશને પડકારતી અરજીઓનો નિકાલ કરતા કોર્ટે સ્પષ્ટ કર્યું કે દિવ્યાંગ ક્વોટામાં લાભ લેનારા તમામની તપાસ જરૂરી છે. કર્મચારીઓએ અરજીમાં દલીલ કરી હતી કે ૧૦ થી ૨૦ વર્ષની નોકરી બાદ ફરીથી તબીબી તપાસ કરાવવી અન્યાયી છે. તેમની પાસે માન્ય પ્રમાણપત્રો અને ''યુનિક ડિસેબિલિટી આઈડેન્ટિટી'' કાર્ડ હોવા છતાં આ તપાસ કરવી તે માનસિક ત્રાસ સમાન છે. સામે પક્ષે, રાજ્ય સરકારે આ અરજીઓનો વિરોધ કરતા જણાવ્યું હતું કે, જો દિવ્યાંગતા સાચી હોય તો તબીબી તપાસથી ડરવાની જરૂર નથી. સરકારે પ્રતિદાવો કર્યો હતો કે આવી તપાસનો વિરોધ કરવો એ શંકા જન્માવે છે કે તેમની દિવ્યાંગતાના દાવા કદાચ બનાવટી હોઈ શકે છે. ■

# શિંદે જૂથના નવ નગરસેવક વિરુદ્ધ ઠાકરે જૂથની કાનૂની ફરિયાદ

થાણેઃ થાણે મહાનગરપાલિકાની ચૂંટણી બાદ દીવા વિસ્તારના રાજકીય વર્તુળોમાં ખળભળાટ મચી ગયો છે. ઠાકરે જૂથે શિંદે જૂથના નવ નગરસેવક વિરુદ્ધ થાણે અદાલતમાં અરજી કરી છે. તેમણે ચૂંટણી સોગંદનામામાં સંપત્તિ અને નાણાકીય વિગતો વિશે ખોટી અને ગેરમાર્ગે દોરનારી માહિતી આપી હોવાનો અરજીમાં આરોપ કરવામાં આવ્યો છે. આ અરજીઓને કારણે સંબંધિત નગરસેવકના પદ જોખમમાં મુકાય એવી સંભાવના નિર્માણ થઈ છે.

થાણે મહાનગરપાલિકાની સામાન્ય ચૂંટણી ૨૦૨૬માં શિંદે જૂથના અનેક નગરસેવક દીવા વિસ્તારમાંથી ચૂંટાયા છે. જોકે આમાંથી નવ નગરસેવકોએ ચૂંટણી સોગંદનામામાં તેમની સંપત્તિ, અનધિકૃત બાંધકામ અને નાણાકીય વ્યવહાર વિશે સંપૂર્ણ માહિતી ન આપી હોવાનો દાવો ઠાકરે જૂથના પદાધિકારી એડવોકેટ રોહિદાસ મુંડેએ કર્યો છે. આ સંદર્ભમાં તેમણે અદાલતમાં 'ચૂંટણી રિટ પિટિશન' દાખલ કરી છે.

રોહિદાસ મુંડેએ આપેલી જાણકારી અનુસાર નવ નગરસેવક સામે કાયદેસરની કાર્યવાહીની માગ કરવામાં આવી છે. રમાકાંત મઢવી, શૈલેષ પાટીલ, આદેશ ભગત, દીપક જાધવ, સાક્ષી મઢવી, દર્શના મ્હાત્રે, અર્ચના પાટીલ, દીપાલી ભગત અને સ્નેહા પાટીલ વિરુદ્ધ અરજી દાખલ કરવામાં આવી છે.

લોક પ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૩૩-એ અને કલમ ૩૬ મુજબ, દરેક ઉમેદવાર માટે મતદારો સમક્ષ પોતાની સાચી અને સંપૂર્ણ માહિતી રજૂ કરવી ફરજિયાત છે. બોમ્બે હાઈ કોર્ટ અને સુપ્રીમ કોર્ટના વિવિધ નિર્ણયો અનુસાર ચૂંટણી સોગંદનામામાં હકીકતો છુપાવવી એ ગંભીર ગુનો છે. જો કોઈ જનપ્રતિનિધિએ મતદારોને ગેરમાર્ગે દોર્યા હોય, તો તેની ચૂંટણી રદ કરી શકાય છે અને તેની સામે ગેરલાયક ઠેરવવા માટે કાર્યવાહી કરી શકાય છે, એવી સ્પષ્ટતા વકીલ મુંડે દ્વારા કરવામાં આવી હતી.

અલબત્ત શિંદે જૂથે આ બધા આરોપોને નકારી કાઢ્યા છે. નગરસેવક અને વકીલ આદેશ કમલાકર ભગતે ઠાકરે જૂથની આકરી ટીકા કરી બધા આરોપો પાયાવિહોણા હોવાનું જણાવ્યું છે. ■

# પ્રાઈવેટ બસ સર્વિસના મનસ્વી ભાડાં વધારા, ગેરકાયદે બુકિંગ ઍપની હવે ખેર નથી

મુંબઈઃ મહારાષ્ટ્રના પરિવહન પ્રધાન પ્રતાપ સરનાઈકે બુધવારે અધિકારીઓને મનસ્વી ભાડા વધારા અને અનધિકૃત મુસાફરો બુકિંગ અરજીઓમાં સંડોવાયેલા પ્રાઈવેટ બસ સંચાલકો સામે કડક કાર્યવાહી કરવાનો નિર્દેશ આપ્યો હતો.

મંત્રાલયમાં એક બેઠકની અધ્યક્ષતા કરતા સરનાઈકે ખાનગી બસ સેવાઓ અને ગેરકાયદેસર બુકિંગ એપ્લિકેશનો સંબંધિત લાંબા ગાળાના પગલાં સૂચવવા અને ફરિયાદોના નિવારણ માટે સંયુક્ત પરિવહન કમિશનર અને સુરાજ્ય અભિયાન ( બિન-સરકારી સંસ્થા)ના ત્રણ પ્રતિનિધિઓનો સમાવેશ કરતી એક ખાસ સમિતિની રચનાની જાહેરાત કરી પ્રધાને જણાવ્યું હતું કે, સમિતિ ભાડા વધારાને નિયંત્રિત કરવા, અનધિકૃત એપ્લિકેશનો પર અંકુશ મૂકવા અને મુસાફરોની ફરિયાદો માટે તંત્રને મજબૂત બનાવવા અંગે વિગતવાર અહેવાલ રજૂ કરશે. રાજ્ય સરકાર પ્રાઈવેટ પેસેન્જર ટ્રાન્સપોર્ટ ઓપરેટરો દ્વારા ખાસ કરીને તહેવારો અને રજાના સમયમાં ગેરકાયદે ભાડા વધારા અંગેની ફરિયાદો પ્રત્યે ગંભીર છે.

સરનાઈકના જણાવ્યા મુજબ અનેક પ્રાઈવેટ ટ્રાવેલ કંપનીઓ અનધિકૃત મોબાઇલ એપ્લિકેશન દ્વારા બુકિંગ ચલાવી રહી હોવાની અને મહત્તમ મુસાફરીના સમયમાં વધુ પડતા ભાડા વસૂલતી હોવાની ફરિયાદો મળી છે.

મહારાષ્ટ્ર રાજ્ય માર્ગ પરિવહન નિગમ (એમએસઆરટીસી)ની બસો અને બસ સ્ટેશનોમાં અસ્વચ્છતાની ફરિયાદોનો ઉલ્લેખ કકરી પ્રધાને જણાવ્યું હતું કે સ્વચ્છતાના ધોરણોને કાયમી ધોરણે સુધારવા માટે નક્કર પગલાં લેવામાં આવી રહ્યા છે. પહેલી જૂનથી તમામ એમએસઆરટીસી બસ સ્ટેશન પર મુસાફરો માટે શૌચાલયની સગવડ વિનામૂલ્ય ઉપલબ્ધ થશે. (પીટીઆઈ)■

# સુનીલ તટકરે અને પ્રફુલ્લ પટેલ ભાજપમાંથી ચૂંટણી લડશેઃ રોહિત પવારનો દાવો

મુંબઈઃ છેલ્લા કેટલાક દિવસોથી સત્તાધારી પક્ષ અને વિરોધ પક્ષો વચ્ચે ચાલી રહેલા આરોપ-પ્રત્યારોપને કારણે રાજકારણ ગરમાયું છે. આ દરમિયાન, રાષ્ટ્રવાદી કોંગ્રેસ (શરદ પવાર) પક્ષના વિધાન સભ્ય રોહિત પવારે દાવો કર્યો કે રાષ્ટ્રવાદી કોંગ્રેસ (અજિત પવાર) પક્ષના નેતા સુનીલ તટકરે અને પ્રફુલ પટેલ તેમના બાવીસ ધારાસભ્યો સાથે ભાજપ તરફથી ચૂંટણી લડવાના છે. તેમના આ દાવાને કારણે રાજકીય વર્તુળોમાં ભારે ખળભળાટ મચી છે.

રોહિત પવારે કહ્યું હતું કે, 'સુનીલ તટકરે હોય કે પ્રફુલ પટેલ હોય, ગમે તે થાય પણ તેઓ ભાજપમાંથી જ ચૂંટણી લડવાના છે. તેમનું પહેલેથી જ નક્કી છે અને બાવીસ વિધાનસભ્યોનું પણ નક્કી જ છે. ભાજપે આ એક જાળ બિછાવી છે અને તે ટ્રેપમાં ઘણા વિધાનસભ્યો ફસાઈ ગયા છે, એવી ચર્ચાઓ લોકોમાં ચાલી રહી છે.'

રાષ્ટ્રવાદી કોંગ્રેસ (અજિત પવાર) પક્ષના પ્રદેશ પ્રમુખ સુનીલ તટકરેએ મંગળવારે અચાનક શરદ પવારના નિવાસસ્થાન 'સિલ્વર ઓક'ની મુલાકાત લેતા રાજકારણ ગરમાયું હતું. આ અંગે કટાક્ષ કરતા રોહિત પવારે કહ્યું હતું કે, ''કદાચ તટકરેને ત્યાંની ચા બહુ ભાવતી હશે એટલે ગયા હશે. આ મુલાકાત દ્વારા તેઓ તેમના જ પક્ષના પ્રમુખ (સુનેત્રા પવાર) ને કોઈ અલગ મેસેજ આપવા માગતા હોય તેવું લાગે છે.'

આ નિવેદન સામે અજિત પવાર જૂથના નેતાઓએ રોહિત પવારની આકરી ટીકા કરતા આ દાવાને પાયાવિહોણા ગણાવ્યા હતા. ■

# કાપડનો વ્યવસાય ધરાવતી મહિલા સાથે ૪૫ લાખની ઠગાઈઃ ત્રણ જણ સામે ગુનો

થાણેઃ થાણે જિલ્લામાં કાપડનો વ્યવસાય ધરાવતી મહિલા સાથે ૪૫ લાખ રૂપિયાની છેતરપિંડી આચરવા બદલ ત્રણ વ્યક્તિ વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

આરોપીઓએ મહિલાનો વિશ્વાસ સંપાદન કર્યો હતો અને કલ્યાણમાં આવેલી તેની કંપનીમાંથી છેલ્લા કેટલાક મહિનામાં તેની પાસેથી ૮૭.૬૭ લાખ રૂપિયાનો કાચો માલ ખરીદ્યો હતો.

આરોપીઓએ મહિલાને ૪૨.૭૨ લાખ રૂપિયા ચૂકવ્યા હતા. મહિલાએ બાકીના રૂપિયાની માગણી કરતાં આરોપીઓ તેને ટાળવા લાગ્યા હતા અને ઉડાઉ જવાબ આપવા લાગ્યા હતા. બાકીના પૈસા તમણે મહિલાને ચૂકવ્યા નહોતા. મહિલાએ આ પ્રકરણે ખડકપાડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી, જેને આધારે પોલીસે સોમવારે આરોપીઓ સામે ભારતીય ન્યાય સંહિતાની સંબંધિત કલમો હેઠળ ગુનો દાખલ કર્યો હતો. એક આરોપી રાજસ્થાનના જયપુરનો, જ્યારે બાકીના બે થાણેના રહેવાસી છે. પોલીસની ટીમ હવે ત્રણેય જણની શોધ ચલાવી રહી છે. (પીટીઆઇ)■







# પુરુષ

મેલ મેટર્સ
અંકિત દેસાઈ
feedback@bombaysamachar.com

## સમાનતાના આયનામાં ઘરેલુ વિખવાદો ને ભાષાકીય મર્યાદા




'ફેમિનિઝમ' એટલે કે સ્ત્રીવાદ એ મૂળભૂત રીતે સમાન અધિકારો, સન્માન અને સ્ત્રીઓને પિતૃસત્તાક જડતામાંથી મુક્ત કરવાની વિચારધારા છે. દાયકાઓથી પુરુષ દ્વારા સ્ત્રી વિશે કંઈપણ કહેવામાં આવે ત્યારે તેને ફેમિનિઝમના દૃષ્ટિકોણથી તુરંત મૂલવવામાં આવે છે, જે યોગ્ય પણ છે કારણ કે ભાષા એ વિચારધારાનું પ્રતિબિંબ છે, પરંતુ સિક્કાની બીજી બાજુ પણ એટલી જ મહત્ત્વની છે, જેની ચર્ચા ઘણીવાર સંકોચવશ કરવામાં આવતી નથી.

જ્યારે ઘરેલુ ઝઘડાઓ દરમિયાન કોઈ સ્ત્રી દ્વારા પુરુષના પરિવારની સ્ત્રીઓને, જેમ કે તેની માતા કે બહેનને, અભદ્ર ગાળો આપવામાં આવે અથવા તેમના વિશે અપમાનજનક શબ્દો બોલવામાં આવે ત્યારે શું તેને ફેમિનિસ્ટિક પર્સપેક્ટિવથી નારીવાદી દૃષ્ટિકોણથી જોવું જોઈએ? આનો ઉત્તર 'હા'માં છે, કારણ કે સાચો સ્ત્રીવાદ માત્ર સ્ત્રીને પુરુષ સામે રક્ષણ નથી આપતો, પરંતુ તે સ્ત્રી દ્વારા બીજી સ્ત્રીના સન્માનની પણ અપેક્ષા રાખે છે.

પરંપરાગત રીતે ફેમિનિઝમને આપણે ઘણીવાર માત્ર 'પુરુષ વિરુદ્ધ સ્ત્રી'ના સંઘર્ષ તરીકે જોઈએ છીએ, જે એક અધૂરી સમજ છે. ખરેખર તો, સ્ત્રીવાદનો હાર્દ માનવીય ગરિમા છે. જ્યારે કોઈ સ્ત્રી બીજી સ્ત્રીને ગાળો આપે છે, ત્યારે તે અજાણતામાં એ જ પિતૃસત્તાક ભાષાનો ઉપયોગ કરી રહી હોય છે જેનો શિકાર તે પોતે પણ બની શકે છે. ગાળો મોટાભાગે સ્ત્રીના ચરિત્ર કે તેના અંગો પર કેન્દ્રિત હોય છે. જો એક સ્ત્રી બીજી સ્ત્રી માટે આવી ભાષા વાપરે, તો તે પરોક્ષ રીતે તે જ વિચારધારાને મજબૂત કરે છે જે સ્ત્રીને એક વ્યક્તિ તરીકે જોવાને બદલે માત્ર એક 'વસ્તુ' કે 'લક્ષ્ય' તરીકે જુએ છે.

ઘરેલુ ઝગડાઓમાં લાગણીશીલ આવેગ હોઈ શકે છે, પરંતુ અપમાનની ભાષા ક્યારેય સશક્તીકરણનું પ્રતીક બની શકતી નથી. સ્ત્રીવાદનો ઉદ્દેશ્ય સ્ત્રીઓને સત્તા આપવાનો છે, પરંતુ તે સત્તા અન્ય સ્ત્રીઓને માનસિક કે ભાષાકીય રીતે કચડવા માટે નથી.

ઘણીવાર એવું જોવા મળે છે કે સામાજિક પરિવેશમાં પુરુષના પરિવારને ગાળો દેવી એ એક પ્રકારનો 'પાવર પ્લે' બની જાય છે. જ્યારે ઝગડો પતિ-પત્ની વચ્ચે હોય ત્યારે પત્ની એની સાસુ કે નણંદ પર અપશબ્દોનો મારો ચલાવે, ત્યારે તે વ્યક્તિગત આક્રોશ કરતા સામાજિક દૂષણ વધુ લાગે છે. અહીં ફેમિનિઝમનો દૃષ્ટિકોણ એટલા માટે જરૂરી છે કે આપણે એ સમજવું જોઈએ કે સ્ત્રી હોવાને નાતે અન્ય સ્ત્રીની ગરિમા જાળવવી એ નૈતિક જવાબદારી છે. જો આપણે પુરુષો પાસેથી એવી અપેક્ષા રાખતા હોઈએ કે તેઓ સ્ત્રીલક્ષી અપમાનજનક શબ્દો ન બોલે, તો તે જ માપદંડ સ્ત્રીઓ માટે પણ હોવો જોઈએ. સમાનતાનો અર્થ જ એ છે કે નૈતિકતાનાં ધોરણો બંને પક્ષે સરખા હોય. જો સ્ત્રીવાદ સ્ત્રીને અન્યાય સામે અવાજ ઉઠાવતા શીખવે છે, તો તે એ પણ શીખવે છે કે તમારો અવાજ બીજી સ્ત્રીને અન્યાય કરતો ન હોવો જોઈએ.

સમાજશાસ્ત્રીય રીતે જોઈએ તો સ્ત્રી જ્યારે બીજી સ્ત્રી માટે ગાળો વાપરે છે ત્યારે તે 'ઇન્ટર્નલાઇઝ્ડ મિસોજીની' એટલે કે આંતરિક સ્ત્રી-દ્વેષનો પુરાવો છે. વર્ષોથી સમાજે સ્ત્રીઓને એકબીજાની હરીફ તરીકે જોવાનું શીખવ્યું છે. સાસુ-વહુ કે નણંદ-ભોજાઈના ઝગડાઓને હંમેશાં મનોરંજન કે સ્વાભાવિક ગણવામાં આવ્યા છે, પરંતુ ગંભીરતાથી વિચારીએ તો આ એક વ્યવસ્થિત પદ્ધતિ છે જેનાથી સ્ત્રીઓ ક્યારેય એક થઈ ન શકે. જ્યારે કોઈ સ્ત્રી પોતાની ભાષામાં સંયમ ગુમાવીને પરિવારની અન્ય સ્ત્રીઓને નિશાન બનાવે છે, ત્યારે તે ખરેખર તો સ્ત્રીવાદના પાયાના સિદ્ધાંત 'સિસ્ટરહુડ' (ભગિનીભાવ)ને તોડે છે. સ્ત્રીવાદ એટલે માત્ર પુરુષોના વર્તનનું વિશ્લેષણ કરવું એટલું જ નહીં, પરંતુ સ્ત્રીઓના વર્તનમાં રહેલી ખામીઓને પણ સુધારવી.

ઘરેલુ હિંસા કે માનસિક ત્રાસ માત્ર પુરુષ દ્વારા જ થાય તેવું નથી. જ્યારે કોઈ સ્ત્રી શબ્દો દ્વારા અન્ય સ્ત્રીનું માનસિક શોષણ કરે છે ત્યારે તેને પણ સ્ત્રીવાદી દૃષ્ટિકોણથી સખત રીતે વખોડવું જોઈએ. ઘણીવાર એવું બને છે કે સ્ત્રી પોતે પીડિત હોય ત્યારે તે પોતાના આક્રોશને કાઢવા માટે નબળાં પાત્રો અથવા સામાજિક રીતે સંકળાયેલાં પાત્રોને નિશાન બનાવે છે. પરંતુ ભાષાની શુદ્ધતા એ સંસ્કારિતાની સાથે સાથે માનવાધિકારનો પણ વિષય છે. જો સ્ત્રીવાદ સ્ત્રીને 'વ્યક્તિ' તરીકે ઓળખ અપાવવા માગતો હોય, તો ગાળો ભાંડતી સ્ત્રી પોતે જ બીજી સ્ત્રીને 'વ્યક્તિ' તરીકે જોવાનું બંધ કરી દે છે. આ એક વિરોધાભાસી સ્થિતિ છે જે સ્ત્રીવાદી ચળવળને નબળી પાડે છે.

આજના યુગમાં જ્યારે આપણે 'જેન્ડર ન્યુટ્રલ' સમાજની વાતો કરીએ છીએ ત્યારે નૈતિક જવાબદારીઓ પણ જેન્ડર ન્યુટ્રલ હોવી જોઈએ. જો પુરુષ દ્વારા સ્ત્રીને અપાતી ગાળ એ ફેમિનિઝમના નામે અપરાધ ગણાય, તો સ્ત્રી દ્વારા અપાતી ગાળને 'ગુસ્સો' કે 'લાચારી' કહીને નકારી ન શકાય. ન્યાય અને સન્માનની લડાઈમાં કોઈ પણ લિંગને ગેરવર્તણૂક કરવાની છૂટ ન હોઈ શકે. સ્ત્રીઓએ એ સમજવું પડશે કે પિતૃસત્તા સામેની લડાઈ માત્ર પુરુષો સામેની લડાઈ નથી, પણ એ માનસિકતા સામેની લડાઈ છે જે સ્ત્રીને ગૌણ ગણે છે. અને જ્યારે સ્ત્રી બીજી સ્ત્રીને ગાળ આપે છે, ત્યારે તે એ જ માનસિકતાના પક્ષમાં ઊભી રહી જાય છે.

ઘરેલુ ઝઘડામાં વાપરવામાં આવતી ભાષા અને વર્તન ચોક્કસપણે ફેમિનિસ્ટિક પર્સપેક્ટિવથી તપાસવા જોઈએ. સ્ત્રીવાદનો અર્થ એ નથી કે સ્ત્રી જે કંઈ કરે તે સાચું જ હોય. સાચો સ્ત્રીવાદ એ છે જે સ્ત્રીને તેના અધિકારો પ્રત્યે જાગૃત કરે અને સાથે જ તેને જવાબદારી અને ગરિમાનું ભાન કરાવે. સ્ત્રી સશક્તીકરણનો માર્ગ બીજી સ્ત્રીઓના અપમાનમાંથી પસાર નથી થતો. જો આપણે એક એવા સમાજનું નિર્માણ કરવું હોય જ્યાં સ્ત્રીઓ સુરક્ષિત અને સન્માનિત અનુભવે, તો તેની શરૂઆત સ્ત્રીઓએ અંદરોઅંદરની ભાષા અને વ્યવહાર સુધારવાથી કરવી પડશે. કોઈ પણ સંજોગોમાં, ગમે તેવા મોટા ઝગડામાં પણ, અન્ય સ્ત્રીની ગરિમાને ઠેસ પહોંચાડવી એ સ્ત્રીવાદના આદર્શોની વિરુદ્ધ છે. સમાનતા એટલે માત્ર હક નહીં, પણ સન્માન આપવાની અને જાળવવાની સમાન ક્ષમતા. સ્ત્રી દ્વારા સ્ત્રી પ્રત્યેની ભાષાકીય હિંસા એ સ્ત્રીવાદના મુખવટા નીચે છુપાયેલી એક કડવી વાસ્તવિકતા છે, જેને બદલવી અનિવાર્ય છે. ■



## ડિયર હની... તારો બન્ની

પત્નીને પત્ર

કૌશિક મહેતા
feedback@bombaysamachar.com

## પ્રસંગમાં મહિલાઓની ભાગીદારી ઓછી કેમ?

*ડિયર હની,*

હમણાં જ આપણા ઘરમાં એક સરસ મજાનો લગ્નપ્રસંગ ઊજવાયો. બહારગામ અને વિદેશથી પણ મહેમાન આવ્યા હતા. રંગેચંગે બધા પ્રસંગ પાર પડ્યા, પણ મેં આ દિવસોમાં એક અવલોકન કર્યું કે, આવા પ્રસંગો હોય ત્યારે મહત્ત્વના નિર્ણયો કરવાના હોય ત્યારે મહિલા સભ્યોની ભાગીદારી બહુ સીમિત કરી દેવામાં આવે છે.

આવું કેમ?

આ પ્રશ્નનો જવાબ મેળવવાની જરૂર છે. લગ્નપ્રસંગ હોય ત્યારે અનેક કામ હોય છે. ઘરેણાં અને કપડાંની ખરીદીમાં તો મહિલા સભ્યો જ નિર્ણય કરે છે, પણ બજેટ કેટલું છે એ ઘરના પુરુષો નક્કી કરે છે. આ સિવાય કેટલાંય કામો હોય છે. લગ્નનું સ્થળ, મહેમાનો માટે ઉતારાની વ્યવસ્થા, પ્રસંગમાં ભોજન શું રાખવું, કેટરિંગની વ્યવસ્થા. મહેમાનોનું લિસ્ટ, લગ્નની વિધિઓ ...કેટલીય માથાકૂટ હોય છે.

આપણા ઘરમાં વડીલો હતા ત્યાં સુધી તો ઘણી રાહત હતી, કારણ કે એમને બધું યાદ રહેતું. કયા પ્રસંગમાં કોને કહેવું જોઈએ. આજની પેઢી એમાં ગોટે ચઢી જાય છે. જોકે, અગાઉના પ્રસંગની યાદીઓ હોય એનો આધાર લેવાય છે.

વડીલો ના હોય ત્યારે આવી યાદી ઉપયોગી બની જાય છે. કેટલાક સભ્યો ઉદાર હોય છે અને કેટલાક કરકસરના આગ્રહી હોય છે અને અહીંથી શરૂ થાય છે વાદ-વિવાદ. આપણને તો પેલા પ્રસંગે કોઈએ નહોતું કહ્યું એટલે આ વેળા એમને કાપો. એમના પ્રસંગમાં તો આપણે કેવો વ્યવહાર કરેલો અને આપણે એ આવે છે ફૂલફટાક થઇ ફરે છે. વ્યવહાર તો સાવ પાતળો, આવી દલીલોના આધારે લિસ્ટ બનતું હોય છે.

જોકે આ પદ્ધતિ સાચી નથી. ઘરમાં કેટલાક ઉદાર સભ્યો એવી દલીલ કરે છે કે, કોણે શું કર્યું'તું એના આધારે નિર્ણય ના લેવાય. આપણે શું કરવું છે એ નક્કી થવું જોઈએ. અહીંથી વિવાદ આગળ વધતો જાય છે.

બીજું કે, વર્ષો પહેલાં કોઈએ લગ્નમાં ૨૫૦ રૂપિયા ચાંદલો કર્યો હોય અને આજે આપણો વારો આવે તો એટલા જ આપવાના એવો આગ્રહ કેમ રાખવામાં આવે છે? વીતેલાં વર્ષોમાં મોંઘવારી વધી એનો તો વિચાર કરો? તમે તમારા પગારમાં મોંઘવારી ભથ્થા વધે એ ચાહો છો તો વ્યવહારમાં એની ગણતરી કેમ નહિ?

સાચું કહું, મારો અનુભવ એવો છે કે, આ બધી બાબતમાં મહિલાઓ વધુ સારી રીતે કામ પાર પાડી શકે છે, પણ એમને આવા નિર્ણયોમાં પૂરી રીતે સામેલ કરવામાં આવતા નથી. ઘણીવાર એવું જોવા મળે છે કે લગ્ન જેવા મોટા પ્રસંગોમાં મહિલાઓ રસોડા, મહેમાનગતિ કે વિધિ-વિધાનમાં આખો દિવસ વ્યસ્ત રહે છે, પણ જ્યારે બજેટ, મિલકત કે કોઈ મોટા નિર્ણયો લેવાના હોય ત્યારે પણ તેમની સલાહ લેવામાં આવતી નથી.

લગ્ન એ આખા પરિવારનો પ્રસંગ છે અને તેમાં મહિલાઓની હિસ્સેદારી માત્ર મૌખિક પૂરતી મર્યાદિત ન રહેતાં નિર્ણાયક હોવી જોઈએ. સામાન્ય રીતે ઘરનું બજેટ કે નાણાકીય વ્યવહાર પુરુષો સંભાળતા હોય છે, પરંતુ ખરીદી અને વ્યવસ્થાપનમાં મહિલાઓની સૂઝબૂઝ ઘણીવાર વધુ સચોટ હોય છે. લગ્નના બજેટમાં ક્યાં બચત થઈ શકે અને કઈ જગ્યાએ શ્રેષ્ઠ ગુણવત્તા મળી શકે, તે વાતમાં તેમને પણ બરાબરનો હિસ્સો આપવો જોઈએ. કેટરિંગ, હોલ બુકિંગ કે ડેકોરેટર સાથેની વાતચીતમાં પણ મહિલાઓ જોડાય તે જરૂરી છે. મહેમાનોની યાદી તૈયાર કરવી, કોને કેટલી પ્રાધાન્યતા આપવી અને સામાજિક સંબંધો સાચવવાની મહિલાઓનું અવલોકન શક્તિશાળી હોય છે. તેમનાં મંતવ્યોને માત્ર સાંભળવા નહીં, પણ અમલમાં મૂકવાં જોઈએ.

અહીં એક પ્રસંગની વાત કરવી છે. એક મોટા પરિવારમાં દીકરીનાં લગ્ન હતાં. રિવાજ મુજબ લગ્ન પછી વળામણાં વખતે અનેક સંબંધીઓને ભેટ-સોગાદો આપવાની પરંપરા હતી. ઘરના પુરુષોએ અંદાજ લગાવ્યો કે આમાં અંદાજે બેથી ૩ લાખ રૂપિયાનો ખર્ચ થશે, કારણ કે એ બધા વર્ષોથી ચાલી આવતી રૂઢિચુસ્ત યાદી મુજબ ચાલતા હતા.

ત્યારે ઘરની મોટી વહુ અને કાકીઓએ એક સાંજ સાથે મળીને ચર્ચા કરી અને પુરુષો સામે એક પ્રસ્તાવ મૂક્યો. તેમણે કહ્યું, 'આપણે જે દૂરના સંબંધીઓને મોંઘી મિજબાનીઓ અને વસ્તુઓ આપીએ છીએ, તેના કરતાં જે વિધવા બહેનો કે જરૂરિયાતમંદ સંબંધીઓ છે તેમને સીધી આર્થિક મદદ કરીએ તો? અને બાકીના વ્યવહારમાં બિનજરૂરી વસ્તુઓ આપવાને બદલે શુકન પૂરતું રાખીને એ પૈસા દીકરીના ભવિષ્ય માટે ફિક્સ ડિપોઝિટમાં મૂકીએ.'

શરૂઆતમાં વડીલોને લાગ્યું કે સમાજ શું કહેશે? પણ જ્યારે મહિલાઓએ તર્ક આપ્યો કે દેખાડો કરવા કરતાં દીકરીનું ભવિષ્ય અને સાચા જરૂરિયાતમંદની મદદ વધુ પુણ્યનું કામ છે ત્યારે બધા માની ગયા. ફાયદો એ થયો કે, લગ્નનું બજેટ ઘટ્યું. જેમને ખરેખર જરૂર હતી તેમને મદદ મળી. દીકરીના નામે મોટી રકમની બચત થઈ. ઉપરાંત કેટલાક કામમાં હાંફી જતા હતા અને ગુસ્સે થઈ જતા હતા, તે જ કામ સ્ત્રીઓએ ખૂબ જ શાંતિથી અને ચોકસાઈથી પૂરું કર્યું.

શાંતિથી વિચાર કરશો તો ખ્યાલ આવશે કે, પુરુષો મોટું ચિત્ર જુએ છે, પણ સ્ત્રીઓ નાની નાની વિગતોમાં માહિર હોય છે. સ્ત્રીઓ નિર્ણયો લેતી વખતે માત્ર ગણિત નથી જોતી, પણ એ નિર્ણયની સામેવાળી વ્યક્તિ પર શું અસર થશે તે પણ વિચારે છે. લગ્નની દોડધામમાં જ્યારે પુરુષો ટેન્શનમાં હોય છે ત્યારે ઘરની સ્ત્રીઓ ઘણીવાર ધૈર્ય જાળવી રાખીને મામલો થાળે પાડે છે.

મુદ્દાની વાત એ છે કે, સ્ત્રીઓને માત્ર હાર-તોરા કે રસોડા સુધી મર્યાદિત રાખવાને બદલે જો તેમને પૂરી સત્તા આપવામાં આવે તો પ્રસંગની ભવ્યતા અને વ્યવસ્થા બંને સુધરે છે. સાચી વાત ને?

*તારો બન્ની*

## સંધ્યા છાયા

feedback.ladki@bombaysamachar.com
નીલા સંઘવી

## બીજાની તકલીફ સમજ્યા વગરની જીદ શા માટે...?

હમણાં જ આપણે 'મધર્સ ડે' ઊજવ્યો. જોકે આવા બધા 'ડે' વિદેશમાં ઊજવાતા હોય છે. તેમનું જોઈને આપણે પણ આવા 'ડે' ઊજવવાનું શરૂ કર્યું છે. આપણે તો વર્ષોથી માતૃત્વને- માતાને ઊજવીએ છીએ તેથી જ તો કવિ શ્રી દામોદર ખુશાલદાસ બોટાદકર લખે છે.

*'મીઠા મધુ ને મીઠા મેહુલા રે લોલ*
*એથી મીઠી તે મોરી માત રે*
*જનનીની જોડે સખી! નહીં જડે રે લોલ.'*

'જનની', 'માતા'નું મહત્ત્વ આપણાં જીવનમાં અદકેરું છે. 'મા'ને પોતાના સંતાન પર એટલો પ્રેમ હોય છે કે માતા હંમેશાં ઇચ્છે છે કે તેનું સંતાન તેને રોજ મળવા આવે અથવા તો બની શકે તેટલી વધારે વખત પોતાની સાથે વિતાવે.

માતાની આ 'ચાહ' હોય છે, પણ આજના સમયમાં તે શક્ય નથી. સંતાનો પણ બહુ વ્યસ્ત છે, સતત સ્ટ્રેસમાં છે. માને એ વાત સમજાતી નથી. તેને એવું લાગે છે કે મારાં દીકરા/દીકરીને મારી સાથે લેવા દેવા નથી. તેમને મારી કાંઈ પડી નથી. તે બધા તો પોતાની જિંદગીમાં મોજ મજા કરી રહ્યા છે. તેમને માની યાદ આવતી નથી.

સરલાબહેન એક એવી જ માતા છે. તેમનું એક માત્ર સંતાન એટલે સલોની. સલોની ૧૫ વર્ષની થઈ ત્યારે જ પિતાનો સ્વર્ગવાસ થયેલો. ત્યાર બાદ સરલાબહેને જ સલોનીને બહુ પ્રેમથી એકલા હાથે ઉછેરી હતી. ભણાવીગણાવીને સારા ઘેર પરણાવેલી. સરલાબહેન રહે ભાવનગરની બાજુના નાના ગામમાં અને દીકરીને પરણાવી મુંબઈ.

સલોની મુંબઈમાં રહેતા મધ્યવર્ગ પરિવારના સૂરજ સાથે પરણી હતી. બન્ને જૉબ કરતાં, સૂરજ પણ શિક્ષિત હતો તેથી સારી નોકરી હતી અને સલોની સ્કૂલમાં શિક્ષિકા હતી. તેમને એક દીકરી, એક દીકરો એમ બે સંતાન. સલોની અને એના પતિની આવક ઠીકઠાક હતી પણ કહેવાય છે ને કે 'મુંબઈની કમાણી મુંબઈમાં સમાણી' એમ બે સંતાનના ભણવાનો ખર્ચ, મુંબઈની રહેણીકરણી બધું મળીને ખર્ચ કરતા જેટલી આવક આવતી તે બધી સ્વાહા થઈ જતી હતી. સલોનીના ખભે બેવડો ભાર હતો. ઘર-પરિવાર-વર-વ્યવહાર-બાળકો બધું સંભાળતાં સંભાળતાં નોકરી કરવાની. તેની પાસે એક મિનિટનો સમય ન રહેતો. આ બધાં કામની સમતુલા જાળવતાં જાળવતાં રાત પડે ત્યારે સલોની હાંફી જતી. આવા ટાઇટ સમયપત્રક વચ્ચે રોજ પોતાની જ માતા સાથે વાત કરી શકવાનું શક્ય ન હતું. બે-ચાર દિવસે એકવાર મા સાથે વાત કરી શકાય એ પણ થોડીવાર... એમાં સરલાબાને ઓછું આવી જતું. કદીક કદીક સરલાબહેન થોડા સાજાંમાંદાં થાય ત્યારે સલોનીને ફોન કરતાં અને સલોની થોડા દિવસ ભાવનગર પોતાની પાસે આવીને રહે તેવી જીદ કરતાં. સલોની માને સમજાવવાનો પ્રયત્ન કરતી કે તે આવી શકે તેમ નથી. વળી નોકરીમાં રજા પણ લઈ શકે તેમ નથી. રજા લે તો પગાર કપાય તે એને પોષાય તેમ નથી. પણ સરલાબહેનને આવી વાતો સમજાતી ન હતી. તેમની તો એક જ જીદ હતી કે પોતે એકલાં છે અને જગતમાં પોતાનું કહી શકાય તેવી એક માત્ર દીકરી જ છે તો તેણે વર્ષમાં બે-ત્રણ વાર પોતાને મળવા આવવું જ જોઈએ. તે સલોનીને પોતાની પાસે ગામમાં આવવાનો આગ્રહ કરતાં રહેતાં તેને કારણે સલોનીને વધારે સ્ટ્રેસ થતું. આના કારણે સલોની બીમાર પડી. તાવ ઊતરવાનું નામ લેતો ન હતો. સૂરજે સરલાબહેનને ફોન કર્યો. દીકરીના ઘરે ન રહેવાય, તેના ઘરનું પાણી ન પીવાય તેવી માન્યતા ધરાવતાં સરલાબહેન દીકરીની બીમારીના સમાચાર સાંભળીને મુંબઈ દોડી આવ્યાં. બે-ત્રણ દિવસ દીકરીની સુશ્રુષા કરીને ઊભી કરી દીધી. સલોની પાછી પોતાની રુટિન લાઈફ જીવવા લાગી. સરલાબહેન બધું જોતાં. સવારના સાડાપાંચ વાગે ઊઠેલી સલોની રાત્રે બાર વાગે સૂવા પામતી. આખા ઘરની વ્યવસ્થા સંભાળીને નોકરી કરતી પોતાની દીકરીનો સંઘર્ષ સરલાબહેને જોયો. હવે તેમને સમજણ પડી ગઈ કે આટલા વ્યસ્ત સમયપત્રકમાં જીવતી પોતાની દીકરી કઈ રીતે ગામમાં પોતાને મળવા વારંવાર આવી શકે? ! છતાંયે વર્ષમાં એકવાર વેકેશનમાં સમય ચોરીને પણ આવવાની કોશિશ સલોની કરતી હતી તે સરલાબહેનને યાદ આવ્યું અને તેમને પસ્તાવો થવા લાગ્યો કે પોતે પોતાની દીકરીની તકલીફ સમજ્યા વગર જીદ કરતાં રહ્યાં. થોડા દિવસ દીકરી પાસે રોકાઈને સરલાબહેન પોતાને ગામ જવા રવાના થયા ત્યારે જતાં જતાં કહ્યું,

'સલોની બેટા, મને માફ કરજે. તારી તકલીફ સમજવા વગર તને બોલાવ બોલાવ કરતી રહી તેને લીધે તારા સ્ટ્રેસમાં વધારો થયો. અને દીકરીના ઘરે રહેવાય નહીં એવી ખોટી માન્યતાને કારણે તને બોલાવતી રહી. હવે જીદ નહીં કરું. તને મળવાનું મન થશે ત્યારે હું જ આવી જઈશ.

માની વાત સાંભળીને સલોની માને ભેટી પડી. ■




મુંબઈ સમાચાર
YouTube
ગુજરાતી
ગૃહિણી સાથે ગોસિપ
રોજિંદા કામકાજની વ્યસ્તતા વચ્ચે મેળવો હળવી પળો અને રસપ્રદ વાતોનો ખજાનો.
મુંબઈ સમાચારની ઓફિશિયલ ગુજરાતી યુટ્યૂબ ચેનલ પર સવારે ૧૧ વાગ્યે.
https://youtu.be/4vrhZGSwLYQ
આજે જ સબસ્ક્રાઇબ કરો અને જોડાયેલા રહો!

# લાડકી

કથા કોલાજ
કાજલ ઓઝા-વૈદ્ય
feedback.ladki@bombaysamachar.com

# અસુરક્ષિત હોવાનો અનુભવ મને ભાગ્યે જ થાય છે

(ભાગઃ ૧)

**નામઃ અરુંધતિ રૉય**
સમયઃ ૨૦૨૬
સ્થળઃ દિલ્હી
ઉંમરઃ ૬૪ વર્ષ

દરેક માણસની જિંદગી એના અસ્તિત્વનો આઇનો હોય છે. સામાન્ય હોય કે ખાસ, સફળ હોય કે નિષ્ફળ, અમીર હોય કે ગરીબ વ્યક્તિએ જીવેલાં વર્ષો એના જીવનના અનુભવની એક એવી મૂડી હોય છે જે એની જીવનકથા બની જાય છે. આત્મકથા માત્ર મોટા માણસોની, રાજનેતા કે અભિનેતાઓની, ઉદ્યોગપતિ કે સમાજસેવકની જ હોય એવું નથી. એક સામાન્ય માણસ પાસે પણ પોતાની આત્મકથા હોય જ છે. એના સંબંધોની, એના સંઘર્ષોની, એણે માણેલી ક્ષણોની... એના સ્મિતની, એના આંસુની કથા... મારી પાસે પણ એવી એક કથા છે... આ કોઈ બુકર પ્રાઇઝથી નવાજવામાં આવેલી કોઈ વિદ્રોહી લેખકની કથા નથી, બલકે એક અત્યંત સંવેદનશીલ, જીવનના ઉતાર-ચઢાવ જોઈ ચૂકેલી અને પોતાનો આગવો અવાજ ધરાવતી એક આધુનિક સ્ત્રીની કથા છે.

જીવન આપણને અનેક તક આપે છે-સામે આપણી પાસે અનેક તકો ખૂંચવી લે છે! દરેક વ્યક્તિએ પોતાના જીવનમાં ક્રૉસરોડ્સ પર ઊભા રહીને પસંદગી કરવાની હોય છે. આજે જિંદગીના ૬ દાયકા પૂરા થઈ ગયા પછી વિચારું છું તો મને સમજાય છે કે મારા જીવનમાં પણ મને જે કંઈ મળ્યું એ અને મારી પાસેથી જે કંઈ ચાલી ગયું તે, બધું જ અંતે તો મારા વ્યક્તિત્વને ઘડતું રહ્યું છે.

આજે વાચક કે દુનિયા જે અરુંધતિ રૉયને ઓળખે છે એ કંઈ જન્મ સાથે હાથમાં કલમ લઈને જન્મેલી વ્યક્તિ નહોતી જ! મારી કથા એક એવી છોકરીની કથા છે જેણે એના બાળપણમાં એકલતા, તિરસ્કાર, અભાવ અને અધૂરપનો અનુભવ કર્યો છે. માનો માર ખાધો છે, ભાઈની સાથે નદીકિનારે રખડવાની મજા લીધી છે. બેઘર અને બિચારી થઈને જીવી છે... આ એવી છોકરીની વાત છે જેનું નામ સુઝાના હતું, છે!


અરુંધતિ રૉય

આ લખી રહી છું ત્યારે મારી સામે જે પહેલો ચહેરો આવે છે એ મારી મા મૅરીનો છે. એક કડક સાડી પહેરતી, ટૂંકા વાળવાળી, શ્યામ વર્ણની છતાં નમણી, પોતાની દૃઢ માન્યતાઓ અને એને માટે સમાજ સાથે લડવાની હિંમત ધરાવતી એક એવી સ્ત્રી જે મારી મા હોવાની સાથે સાથે એક આધુનિક સ્ત્રી હતી. એનામાં એક અજબ જેવો ગુણ હતો, જે વાત નક્કી કરી લેતી એમાંથી એને કોઈ ચળાવી કે ડગાવી શકતું નહીં. એ પોતાની ટર્મ્સ પર જીવી. એણે પોતાના નિયમો ઘડ્યા અને પાળ્યા-પળાવ્યા. રૂઢિ અને રિવાજોની સામે બળવો કરીને એણે પોતાની જિંદગીની આગવી કેડી કંડારી.

આજે એને યાદ કરું છું ત્યારે સમજાય છે કે મારામાં જે કોઈ વિદ્રોહના, પ્રામાણિકતા કે નિડરતાના ગુણો છે એ બધા મને મૅરી પાસેથી મળ્યા છે. હું ભવિષ્યની ચિંતા કર્યા વગર આજ માટે નિર્ણય કરી શકું છું... અસુરક્ષિત હોવાનો અનુભવ મને ભાગ્યે જ થાય છે. સંબંધો કે સંપત્તિમાં બચત કરવી એ મારો સ્વભાવ જ નથી. મને જે ગમે અને જેવું ગમે તેવું જીવીને, જે સાચું લાગે તે લખવાની મારી ફિતરત પણ મૅરી પાસેથી જ આવી હોવી જોઈએ.

હું સપ્ટેમ્બર મહિનો યાદ કરું છું. કેરાલાનાં જંગલો અને દરિયા પરથી મારું વિમાન ઊડી રહ્યું હતું. હું મૅરીના અંતિમ સંસ્કાર માટે ઘરે જઈ રહી હતી. નીચે જોતાં મને મારું બાળપણ, મૅરી સાથે વિતાવેલા દિવસો અને એ ભટકતી જીપ્સી જિંદગી યાદ આવતી રહી. ચર્ચે એનો બહિષ્કાર કર્યો, પરંતુ ડર્યા વગર મૅરીએ પોતાના અધિકારોની માગણી કરી. જિંદગીના અંતિમ શ્વાસ સુધી એ પારિવારિક મિલકતમાં સ્ત્રીઓને મળવા જોઈતા અધિકારો માટે લડતી રહી.

મૅરી રૉય માત્ર મારી મા નહોતી, બલકે કેરાલાની સિરિયન ક્રિશ્ચિયન સ્ત્રીઓની મસિહા હતી.

ત્રાવણકોર ક્રિશ્ચિયન સક્સેશન ઍક્ટ, ૧૯૧૬ પ્રમાણે એ સમયે દીકરીનાં લગ્ન એકવાર થઈ જાય એ વખતે એને જે આપવામાં આવે એ દાગીના, વસ્ત્રો, સંપત્તિ, જમીન કે ઘર પછી પારિવારિક સંપત્તિ પર દીકરીનો અધિકાર રહેતો નહીં.

દીકરાઓને બહુ મોટો ભાગ મળતો એટલું જ નહીં, દીકરી વિધવા થાય કે એને આર્થિક જરૂરિયાત હોય તો પણ મોટાભાગના ભાઈઓ બહેનને પારિવારિક મિલકતમાંથી મદદ કરવાનું પસંદ કરતા નહીં. મૅરી, મારી મા સુપ્રીમ કોર્ટ સુધી લડી અને ૧૯૮૬માં સુપ્રીમ કોર્ટે ઇન્ડિયન સક્સેશન ઍક્ટ મુજબ ખ્રિસ્તી મહિલાઓને પૈતૃક સંપત્તિમાં પુરુષો જેટલો જ અધિકાર મળશે એવું જજમેન્ટ આપ્યું. એ ક્ષણથી મૅરી રૉય કેરાલાની ક્રિશ્ચિયન સ્ત્રીઓ માટે હીરો બની ગઈ.

જોકે, મૅરી રૉયને લગભગ પંદર વર્ષ સુધી આ કાનૂની લડાઈ લડવા માટે સમાજ અને પોલીસ સહિત સિસ્ટમનો જબરજસ્ત સામનો કરવો પડ્યો. હું ત્યારે જન્મી પણ નહોતી. ૧૯૬૦ના દશકમાં જ્યારે મારા નાનાનું મૃત્યુ થયું ત્યારે મારી માને પૈતૃક સંપત્તિમાંથી બાકાત કરવામાં આવી. ૧૯૫૮માં મૅરીનાં લગ્ન થયાં ત્યારે એને જે સોનું, ઘરેણાં અને જમીનનો એક ટુકડો આપવામાં આવ્યો એ જ એની કુલ સંપત્તિ હતી. મારા પિતા રાજીબ રૉય બંગાળી હતા. મારા જન્મ સમયે એ આસામમાં ચાના બગીચામાં કામ કરતા હતા. ૨૪ નવેમ્બર, ૧૯૬૧ના દિવસે હું જન્મી ત્યારે શિલોંગ શહેર આસામ રાજ્યનો હિસ્સો હતું. એ પછી મેઘાલય બન્યું. મારા જન્મ પહેલાં મારો એક ભાઈ હતો. એનું નામ લલિત છે.

મારા નાના પી. વી. આઇઝેક એક કિટ વિજ્ઞાની હતા. કીડા, પેસ્ટીસાઇડ્ઝ, કૃષિ અને કિટજન્ય રોગોમાં એ નિષ્ણાત હતા. એમણે ઇંગ્લૅન્ડમાં શિક્ષણ લીધું હતું. એ પછી થોડાં વર્ષો ઇંગ્લૅન્ડમાં કામ કરીને એમણે પોતાની માતાની ઇચ્છાને કારણે વતન, કેરાલા આવવાનું નક્કી કર્યું. એમના પરિવાર પાસે ખૂબ જમીન હતી. કોટ્ટાયમની આસપાસના ક્ષેત્રમાં એ સમયના જમીનદાર કહી શકાય એવા મોટા ઘરમાં મારા નાના રહેવા લાગ્યા. એમણે એલિસ સાથે લગ્ન કર્યાં. જે અંગ્રેજી ભણેલી એક સમજદાર સ્ત્રી હતી. મારા નાના પી.વી. આઇઝેકના પરિવારની પ્રતિષ્ઠા આસપાસનાં ગામોમાં ખૂબ ઊંચી હતી.

એમણે પોતાના અને આસપાસનાં ગામોમાં કૃષિસંબંધી જાણકારી આપવાનું શરૂ કર્યું. સમાજસેવા અને ગૃહઉદ્યોગોની પણ શરૂઆત કરી. એ સમયે સિરિયન ક્રિશ્ચિયન સમુદાય ખૂબ રૂઢિચુસ્ત અને જડ નિયમો ધરાવતો હતો. એલિસ-મારી નાની કોઈ વિરોધ કે વિદ્રોહ વગર મારા નાના સાથે સારી રીતે જીવતી હતી એવું મારી મા કહેતી. એ સમયે લગ્ન કરીને આવનારી સ્ત્રીનું નામ બદલવામાં આવતું. એલિસનું નામ સુઝી કરવામાં આવ્યું. કેટલાક લોકો એને એલિસ તો કેટલાક લોકો એને સુઝી આઇઝેક તરીકે ઓળખતા.

મારા નાનાને મેં જોયા નથી, પરંતુ મારી મા પાસેથી જેટલી વાર સાંભળ્યું એટલી વાર મને સમજાયું છે કે મારી માને મારા નાનાની બુદ્ધિ અને વિચક્ષણતા વારસામાં મળ્યા હતા. પી.વી. આઇઝેકને આઠ સંતાનો હતાં. જેમાં મારી મા એક હતી. એનો નંબર કેટલામો હતો એ મારી માને જ યાદ નહોતું. એ સમયે મારા નાના આટલા બધા ભણેલા હોવા છતાં ગામડામાં જન્મ-મરણના કોઈ દાખલા નોંધવામાં આવતા નહીં... મારી માની એક્ઝેક્ટ જન્મ તારીખ એને પોતાને પણ ખબર નહોતી...

૧૭ વર્ષની ઉંમરે મારી મા કેરાલાથી નીકળીને ચેન્નઈ ક્વિન મૅરીઝ કૉલેજમાં ભણવા આવી. એને પોતાના જીવન વિશે અનેક સપનાં હતાં. એ કશુંક બનવા માગતી હતી... મારી નાની, જેમને માથે આઠ સંતાનો અને મોટા પરિવારની જવાબદારી હતી. એ પોતે ભણેલી હતી, એટલે દીકરીઓને ભણાવવા વિશે એમણે અન્ય સ્ત્રીઓની જેમ કોઈ વિરોધ ન કર્યો, પરંતુ મારી મા પહેલેથી જ જિદ્દી અને મનસ્વી હતી (એવું મારી નાની કહેતી). એણે ચેન્નઈથી કેરાલા પાછા આવવાને બદલે નોકરી શોધી કાઢી.


થોડા મહિના ચેન્નઈમાં નોકરી કર્યા પછી એને કલકત્તા જવાની તક મળી. માતા-પિતાને પૂછ્યા વગર એણે કલકત્તાની ટ્રાન્સફર સ્વીકારી લીધી. સ્વાભાવિક રીતે ઘરમાં ખૂબ કકળાટ થયો. કેરાલાથી છેક કલકત્તા સુધી નોકરી કરવાની જરૂર પડે એવી એમના પરિવારની આર્થિક સ્થિતિ નહોતી, પરંતુ મારી મા કોઈનું સાંભળ્યા વગર કલકત્તા ગઈ... અથવા, કહો કે એને એનું નસીબ કલકત્તા લઈ ગયું, કારણ કે એણે ત્યાં રાજીબ રૉયને મળવાનું હતું. (ક્રમશઃ)■

ઉડાન મુગ્ધાવસ્થાથી મધ્યાવસ્થા સુધી
શ્વેતા જોષી અંતાણી
feedback.ladki@bombaysamachar.com

# વિરોધાભાસી લાગણીનો ટકરાવ થાય ત્યારે...

ધૈર્ય મહેતા જેના જીવનમાં ધૈર્ય નામની કોઈ જગ્યા બચી નહોતી. હંમેશાં ઘડિયાળના કાંટે દોડતો રહેતો એ છોકરો સોળ વર્ષની ઉંમરમાં રાષ્ટ્રીય કક્ષાએ બેડમિન્ટન ચેમ્પિયન બની ગયેલો. શહેરની પ્રતિષ્ઠિત શાળાનો એ હેડ બોય હતો. પબ્લિક સ્પીકિંગથી માંડીને ડિબેટ જેવી અનેક પ્રવૃત્તિઓમાં એ અવ્વલ રહેતો. ધૈર્ય એટલે એક એવો વિદ્યાર્થી જેની સામે શિક્ષકો આંગળી ચીંધી અન્યોને કહેતા કે, 'આને જુઓ. કેવી રીતે સ્પોર્ટ્સ સાથે સ્ટડીનું બેલેન્સ કરે છે. રોજ સવારે સાડા ચાર વાગ્યે ઊઠવું. દોડવા જવું, કસરતો કરવી, ક્લાસમાં જવું , સાંજે ફરીથી પ્રેક્ટિસ કરવી વચ્ચે ટ્યુશન જવું, મોક ટેસ્ટ આપવી.....ઈત્યાદિ.

લોકો એને સખ્ત મહેનતુ અને લક્ષ્ય કેન્દ્રિત છોકરો ગણતાં. મમ્મી એની સાથે સતત દોડતી. પપ્પા એની મહેનતમાં મદદરૂપ થવાં પ્રયત્નો કરતાં. ટીચર્સ એને સતત પ્રેરણા આપતાં રહેતાં. બસ, ત્યાં જ તો કંઈક લોચો હતો. બધા એને માત્ર 'ગોલ ઓરિએન્ટેડ ટીનેજર' તરીકે ઓળખતાં, પણ કુદરતી રીતે એડલ્ટ થઈ રહેલા 'ટીનએજ બોય ' તરીકે એને કોઈ નહોતું જોઈ રહ્યું.



ધૈર્યની જિંદગીમાં મહત્ત્વનું વર્ષ આવ્યું બારમા ધોરણનું અને સાથોસાથ નેશનલ ચેમ્પિયનમાંથી હવે આગળ રમવા જવાની તૈયારી કરવાનો સમય. ત્યારે જ એની જિંદગીમાં પ્રવેશી કાવ્યા. પહેલા જ દિવસે ક્લાસમાં થોડી મોડી આવેલી કાવ્યાને ટીચરે ખખડાવી નાખી તો પણ એ હસવાનું છુપાવતી, મોઢું મલકાવતી એક્ટ્રેસની જેમ માફી માગતી જાણે પોતે કોઈ એવોર્ડ શોમાં આવી હોય એ રીતે બેંચ તરફ આગળ વધી. આખો ક્લાસ હસી પડ્યો, પણ ધૈર્યને હસવું ના આવ્યું. એ વિચારી રહ્યો કે આટલું નિષ્ફિકર કોઈ કેવી રીતે રહી શકતું હશે?

ધૈર્યની સરખામણીએ કાવ્યા બિલકુલ અલગ હતી. એને શેડ્યુલ કે ટાઈમ ટેબલ ગમતા નહીં. હોમવર્ક ના કરવું, ક્લાસ બંક કરી ચા પીવા જવું એ એનું ગમતું કામ. ચોકલેટ-આઈસક્રીમ, પાણીપૂરી, પીત્ઝા જેવા જંકફૂડ એને પ્રાણપ્યારા. રોજ સાંજ પડે ને એને રખડવાના વિચાર આવે. પાસ થવા પૂરતું જ વાંચવુ એ એનો સિદ્ધાંત અને મનમોજીલી તો એવી કે પરીક્ષા ક્યારેક ના પણ આપે , પરંતુ કાવ્યાના આવા બેફિકર અંદાઝ પાછળ છુપી રીતે સંતાયેલી હતી ઈમોશનલ ઈન્સિક્યોરિટી. માતા- પિતાનું એકમાત્ર સંતાન હોવાના કારણે એ ઘરમાં એકલી પડી જતી. પેરેન્ટ્સનો પ્રેમ ઓછો નહોતો, પરંતુ સખ્ત ઈમોશનલ ડિપેન્ડન્સી ધરાવતી કાવ્યા માટે એ પૂરતો પણ નહોતો. સતત વ્યસ્તતાને કારણે થાકેલા રહેતા પેરેન્ટ્સ માટે કાવ્યાના નાના-મોટા ઈમોશનલ આઉટબ્રેક સંભાળવા કઠિન હતાં. ટૂંકમાં કાવ્યાને ઘરમાં કંપનીનો સદંતર અભાવ હતો. માટે જ એ જે કોઈ નવું વ્યક્તિ મળે, એનામાં ઈમોશનલ સહારો શોધતી. એવી આ કાવ્યાને ધૈર્ય ભટકાય ગયો.

સંબંધ આગળ વધતાં ધૈર્યએ જીવનમાં પહેલી વાર ધૈર્ય રાખવાની શરૂઆત કરી. આમ તો નાની-મોટી વાતચીતથી શરૂ થયેલી બન્નેની દોસ્તી પૂરપાટ આગળ વધતી ચાલી. ધીરે-ધીરે ધૈર્ય રાત્રે મોડે સુધી જાગવા લાગ્યો. એ પણ માત્ર કાવ્યાની વાતો સાંભળવા. કાવ્યાની આડી-અવળી સ્ટોરીઝ, સ્કૂલની ગોસીપ, બાળપણની યાદો વિચારે હવે એ પોતાના જીમ સેશન પાડવા લાગ્યો. પ્રેક્ટિસમાં બ્રેક દરમિયાન એ સ્ટ્રેચિંગ કરવા કે જાતને હાઇડ્રેટિંગ રાખવાને બદલે કાવ્યાના મેસેજનો જવાબ આપવામાં વ્યસ્ત રહેતો. જિંદગીમાં પહેલીવાર એને કોઈ સામાન્ય છોકરો ગણી ઈમોશનલી એની સાથે જોડાયું એવી લાગણી ગમવા લાગી. જેનું પરિણામ એ આવ્યું કે એના મેડલ્સ ઘટવા લાગ્યા. ગોલ્ડનું સ્થાન સિલ્વરે લીધું. ક્લાસ ટોપરને બદલે એ ચોથા-પાંચમા સ્થાને ગબડી ગયો. આમ પણ તમારા ધ્યેયથી ભટકાવતા સંજોગો કોઈ આગોતરા જાણ કરીને નથી આવતા. એ બહુ શાંતિથી તમને સમજ પડે એ પહેલા તમારી જિંદગી પર હાવી થઈ જાય છે.

મેદાનમાં કોચ તો ક્લાસરૂમમાં ટીચર્સ ઘા ખાઈ ગયા. પેરેન્ટ્સ તો ચિંતાના માર્યા અડધા થઈ ઉઠ્યાં, પણ ધૈર્ય માટે હવે કાવ્યાની ખુશીથી વિશેષ બીજું કશું જ નહોતું. કાવ્યા એને પોરસાવતી,'અરે યાર, તું તો બહુ જ હોશિયાર છે.' તારે વળી આટલું બધું વાંચવાની શી જરૂર!' અને ધૈર્ય ભટક્યો. પોતાના ધ્યેયથી જોજનો દૂર પટકાયો. મા-બાપ સાથે તકલીફો ઊભી થવા લાગી. ટીચર એના વખાણ કરવાની બદલે ફરિયાદો કરવા લાગ્યા. આ બધાને હવે ધૈર્ય પોતાના દશ્મન ગણતો હતો. એમ કરતાં પોતે કાવ્યાની વધારે નજીક આવી ગયો. એને ખબર નહોતી કે આ નજીદીકી કેટલી ભારે પડવાની હતી , કારણ કે ટીનએજ અવસ્થા જ એવી છે કે જેમાં પોતાનું નુકસાન થતું જોવું અશક્ય હોય છે. તરુણાવસ્થાએ તમને ખરા - ખોટાનું ભાન નથી હોતું, જેનો ભોગ ધૈર્ય પણ બનવાનો હતો અને સાથોસાથે કાવ્યા પણ.....

**એ વાત હવે પછી...** ■

લાફ્ટર આફ્ટર
પ્રજ્ઞા વશી
feedback.ladki@bombaysamachar.com

# નારીશક્તિ ઝિંદાબાદ... ઝિંદાબાદ!

'વારેવારે નારીશક્તિના નારા લગાવવાની જરૂર નથી,' રમેશભાઈએ મીનાબહેન તરફ થોડી કરડાકીથી જોયું ને કહ્યું એટલે મીનાબહેન પણ તાડૂક્યાં :




'તમારાથી સત્ય વાત સાંભળી શકાતીનથી. સાચું પૂછો તો આજકાલ નારીશક્તિ અગ્રસર છે અને તે પણ દરેક ક્ષેત્રમાં. ઘરકામથી મેનેજમેન્ટ કે પછી રાજકારણ, સામાજિકતા, અર્થકારણ કે પછી મનોરંજન ક્ષેત્ર. અહાહાહા... ધરતીથી લઈ અવકાશ સુધી અત્ર તત્ર સર્વત્ર નારીની બોલબાલા છે.'

'મીના, ભાઈઓ પણ દરેક ક્ષેત્રમાં બહેનો કરતાં આગળ છે. તું કહે મને શું નથી આવડતું? કોઈ એક કામ એવું છે કે જે મને નથી આવડતું?'

'તમને રસોઈ કરતાં આવડતી નથી.'

'કોણે કહ્યું? હું હમણાં જ સવારના દાળ-ભાત, રોટલી-શાક બનાવીને બતાવી દઉં છું. આજે રવિવાર છે. તું આરામ કર. અને હા, જો હું જીતી ગયો તો તારે ભૂલે ચૂકે નારીશક્તિની વાત મારી આગળ કરવી નહીં.'

'શરત મંજૂર.'

'આજે તમારી જેમ હીંચકે બેસીને છાપું વાંચીશ. તમે રસોઈનો શુભારંભ કરો. ઓલ ધ બેસ્ટ.' કહી મીનાબહેન છાપું ઉઘાડી હીંચકે ઝૂલવા લાગ્યાં. ત્યાં રસોડામાંથી બૂમ પડી,

'આ ચાર લોટમાંથી ઘઉંનો લોટ કયો છે?'

મીનાબહેને આંગળીથી લોટ બતાવ્યો. હજી હીંચકે બેઠાં જ હતાં ત્યાં ફરી બૂમ પડી. 'આટલા બધા ડબ્બામાંથી કયા ચોખા રાંધવાના?'

'એ તમારે નક્કી કરવાનું. બધું હવે તમારે જ વિચારવાનું કે આ ચાર જાતના ચોખામાંથી કયા બનાવવા.'

ઘઉંનો લોટ તો મળ્યો, પણ આ ચોખા ચાર જાતના છે તો શું કરું? રમેશભાઈને યાદ આવ્યું. આ ચાર જાતના ચોખા પણ એના લીધે જ તો મીનાએ ઘરમાં ભરવા પડેલા. 'બાજુવાળાને ત્યાં તો જાતજાતના ભાત રંધાય. બાસમતી, લાલ ચોખા, કૃષ્ણ કમોદ, કોલમ, કણકી... અને આપણે ત્યાં તો એમાં પણ વેરાઈટી જોવા નહીં મળે. જરા આડોશ-પાડોશની બહેનો પાસે શીખો તો ખબર પડે કે રસોઈમાં પણ કેટલી વેરાઈટી હોય છે...... ને તમે તો ફટાફટ સીટી મારી કે જલદી જલદી પતાવીને ટીવી જોતાં સોફા પર આરામ કરવાનો બસ.'

'હાથે કરેલાં હૈયે વાગ્યાં ને અક્કર્મીનો પડિયો કાણો.' હવે તો બે-ચાર મહિના સુધી ઘરની નારીના શ્લોકો સાંભળવાની તૈયારી રાખવી પડશે એ વાતે રમેશભાઈ કંપી ઊઠ્યા.

આવનારા ખરાબ સમયનાં એંધાણ આવી જતાં હાથ હલી ગયો અને ઘઉંના લોટમાં પાણીનો લોટો ઠલવાઈ ગયો. લોટ સાવ રબડી જેવો ઢીલોઢસ! અને હવે તો મીનાને બોલાવવા જાય તો નાક કપાય અને સાસુઓ મેણાં મારે એના કરતાં ભયંકર મેણાં મીના તરફથી છૂટવા લાગે. એટલે એમણે ગહન વિચાર્યા બાદ એક વાટકો ઘઉંનો લોટ ઉમેર્યો છતાં લોટ રબડીમાંથી શ્રીખંડ જેવો થયો. પણ વણી શકાય એવો તો થયો જ નહીં. એટલે એમણે બીજા બે વાટકા વધુ લોટ ઉમેર્યો. એમ કરતાં લગભગ એક મોટા તપેલા જેટલો લોટનો પિંડો બે કલાકે તૈયાર થયો.

ત્યાં જ આત્મજ્ઞાન લાધ્યું કે આ દરમિયાન મેં દાળ કૂકરમાં ચડવા મૂકીને પછી લોટ બાંધ્યો હોત તો બે કામ સાથે થઈ જાત. ત્યાં બહાર હીંચકે ઝૂલતાં મીનાબહેને બૂમ પાડી : 'બે કલાક થયા છે. હજી રસોઈ થઈ નથી. મને તો ભૂખ લાગી છે.'

'બસ, તૈયાર જ છે. તું તારે હીંચકે ઝૂલતી રહે. રસોઈ થશે એટલે બૂમ પાડીશ.'

હવે દાળની સાત બરણીઓમાંથી તુવેરની દાળ કઈ એ પ્રશ્ન ઊભો થયો. ખૂબ વિચાર્યા બાદ તુવેરદાળ ચડવા મૂકી. ગેસ ફુલ રાખી શાક કયું બનાવવું એ વિચાર કરવામાં કશીક બળવાની વાસ આવી અને બહાર હીંચકેથી મીનાબહેન અને પડોશમાંથી રમાબહેન 'એ તમારા ઘરમાં આગ લાગી કે પછી શોર્ટ સર્કિટ થઈ લાગે છે' એમ બરાડતાં દાખલ થયાં. રસોડામાં કૂકરમાં જ કંઈ બળે છે એમ વિચારી મીનાબહેને કૂકર ઉતારીને ઠંડું કરવા નળ નીચે મૂક્યું.

એક તરફ તવી ઉપર રોટલા જેટલી જાડી રોટલી પણ ધુમાડા કાઢી રહી હતી અને નીચે કિચન ઉપર બે બીજી કાળી કાળી બળી ગયેલી રોટલી રમેશભાઈ સગેવગે કરવામાં દાઝી ગયા હોય એમ હાથ ઉપર ફૂંક મારી રહ્યા હતા. કૂકર ખોલ્યું તો દાળ બળીને કૂકરમાં પોપડો બની ચૂકી હતી અને તે પણ તુવેરની નહીં, ચણાની દાળ હતી. રમાબહેને જોયું ત્રીજા ગેસ પર ચોખા પણ પાણી ઓછું પડવાથી દાઝીને સાવ કાળા પડી ગયા હતા. બે માણસની જગ્યાએ દસ માણસ ખાય એટલાં ઘી, લોટ, દાળ, ભાત, તેલ, મરી-મસાલાનો બગાડ ઓલરેડી થઈ ચૂક્યો હતો અને છતાં રવિવારના બપોરના બે વાગ્યે પણ બે જણા હજી ભૂખ્યાં જ બેઠા હતા.

'બોલો, હવે નારીશક્તિ વિશે રમેશજી આપ કંઈ કહેવા માગો છો ખરા?'

'હા મીના, નારીશક્તિનો બીજો કોઈ વિકલ્પ નથી.'

'તો હવે આપ માનો છો ને કે...'

'હા... હા...નારીશક્તિ ઝિંદાબાદ. મીના, હવે પછી કોઈ પ્રયોગ નહીં કરું. જેનું કામ જે કરે. એટલે મીના, આ રસોડું તું જ સાફ કરી શકે એમ છે. મારાથી તો આ દૃશ્ય જોઈ શકાય એમ પણ નથી. તમે બહેનો આ કામ કેટલી સરળતાથી, સહજતાથી અને પ્રેમથી કરો છો.'

'તો હવે પછી ખાતી વખતે ફરિયાદ તો નહીં કરો ને? કે પછી હજી કૂતરાની પૂંછડી વાંકી તે વાંકી જ.'

'મીના, હવે પાકા ઘડે કાંઠા ન ચડે. માટે જે જેમ ચાલે છે તેમ પરંપરા મુજબ જ તારું કામ તો તું જ કરી શકે અને અમારું પણ તું જ કરી શકે એટલી સબળ તું આ ઘરનીનારીશક્તિછે.... ચાલ, આજે રવિવારે મારા તરફથી સરસહોટલમાંલંચ તો બનતા હૈ. અને હા રમાબહેન, તમે તો કદાચ જમી જ લીધું હશે. પણ છતાં આવવું હોય તો...'

'ના ભાઈ ના... ' મીનાબહેન તરફ જોઈને 'નારીશક્તિ ઝિંદાબાદ' કરતાં રમાબહેન સરકી ગયાં.

આ પ્રયોગ બધી બહેનો અજમાવીને જોઈ શકે છે. કદાચ લંચ અને હીંચકો બંને રવિવારે તમને મળી પણ જાય. ■

# વન-ડેનું સર્વોચ્ચ શિખર સર કર્યું, હવે ટી-૨૦નો વર્લ્ડ કપ જીતવાનો છે

## ભારતની મહિલા ટીમ જૂનનો ટી-૨૦ વિશ્વ કપ જીતવા તત્પર છે... ઇંગ્લૅન્ડ જતાં પહેલાં હરમનપ્રીત કૌરની ટીમ બેંગ્લૂરુમાં પ્રૅક્ટિસમાં મશગૂલ છે

સ્પોર્ટ્સવુમન
સાશા
feedback.ladki@bombaysamachar.com

ગયા વર્ષે બીજી નવેમ્બરે નવી મુંબઈના ડી. વાય. પાટીલ સ્ટેડિયમમાં ભારતની મહિલા ટીમે વન-ડેના વર્લ્ડ કપની ફાઇનલમાં સાઉથ આફ્રિકાને હરાવીને ભારતને પહેલી જ વખત વિમેન્સ વર્લ્ડ કપની ટ્રોફી અપાવી હતી. સ્વાભાવિક છે કે એ સફળતાથી ભારતીય મહિલા ટીમનો જુસ્સો બુલંદ થઈ ગયો હતો અને એ સાથે એવી વધુ ઉપલબ્ધિઓ મેળવવાની ભૂખ પણ જાગી હતી. એ સપનું પણ સાકાર કરવા માટેના દિવસો હવે બહુ દૂર નથી, કારણકે મહિલાઓનો ટી-૨૦ વર્લ્ડ કપ નજીક આવી ગયો છે. આગામી ૧૨મી જૂનથી ઇંગ્લૅન્ડ અને વેલ્સમાં આ વિશ્વ કપ રમાશે.

૧૨ દેશ વચ્ચેના વિમેન્સ ટી-૨૦ વર્લ્ડ કપમાં કુલ ૩૩ મૅચ રમાશે. આ મહા ટૂર્નામેન્ટ પછી તરત જ (૧૦મી જુલાઈથી) ક્રિકેટના મક્કા ગણાતા લૉર્ડ્સમાં એક ઐતિહાસિક ટેસ્ટ મૅચ રમાવાની છે. આ બન્ને મોટી ઇવેન્ટ માટે ભારતે ટીમોની જાહેરાત કરી દીધી છે અને એમાં ખાસ કંઈ ફેરફાર નથી, પરંતુ વિશેષ બાબત એ છે કે પેસ બોલર નંદની શર્માને ભારતનું પ્રતિનિધિત્વ કરવા માટે પસંદ કરવામાં આવી છે. તેણે વિમેન્સ પ્રીમિયર લીગ (ડબ્લ્યૂપીએલ)માં પોતાની પહેલી જ સીઝનમાં પ્રભાવ પાડ્યો હતો. તેણે દિલ્હી કૅપિટલ્સ વતી ૧૭ વિકેટ લીધી હતી. બીજી વિશેષ વાત એ છે કે ડબ્લ્યૂપીએલમાં તેણે પોતાની બીજી જ મૅચમાં હૅટ-ટ્રિક લીધી હતી. એ જોતાં, આગામી વર્લ્ડ કપમાં ભારત સામે રમનારી ટીમોની બૅટર્સ તેની સામે ખાસ સાવધ રહેશે.

સવાલ એ છે કે શું આપણી ખેલાડીઓ વન-ડે વર્લ્ડ કપ જેવો જ પ્રભાવ હવે ટી-૨૦ વિશ્વ કપમાં પાડી શકશે ખરી? સંભાવના પ્રબળ છે. ભારતીય ટીમમાં સારું સંતુલન છે અને આ ફૉર્મેટમાં ભારતે તાજેતરમાં સારું પર્ફોર્મ પણ કર્યું હતું. કૅપ્ટન હરમનપ્રીત કૌરનું કહેવું છે, ‘પાછલી જીત (વન-ડે વર્લ્ડ કપ) વિશેષ હતી, પરંતુ અમારું અભિયાન હજી પૂરું નથી થયું.’




નવેમ્બર, ૨૦૨૫માં નવી મુંબઈમાં ભારતે મહિલા ક્રિકેટ જગતને નવી વર્લ્ડ ચૅમ્પિયન ટીમ આપી હતી.

સ્ટાર બૅટર જેમિમા રૉડ્રિગ્સ કહે છે, ‘વન-ડે વિશ્વ કપની સફળતાએ ટીમને વધુ મહત્ત્વકાંક્ષી બનાવી દીધી છે. અમારી ભૂખ અગાઉ કરતાં ઘણી વધી ગઈ છે. એક મોટી જીત અમને બીજી મોટી જીત મેળવવા પ્રેરિત કરી રહી છે. સામાન્ય રીતે વિશ્વ કપ પછી ટીમો લાપરવાહ થઈ જતી હોય છે, પણ અમારી આ ટીમ સાવ અલગ છે. અમે ફરી એક વાર સફળતાની સીડી ચઢવા તત્પર છીએ.’

ખરેખર તો ટીમની જાહેરાત પહેલાંથી જ ટી-૨૦ વિશ્વ કપ માટેની તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી હતી. નવેમ્બર, ૨૦૨૫ના વન-ડે વિશ્વ કપ બાદ ચૅમ્પિયન ભારતીય ટીમ ડિસેમ્બરમાં ઘરઆંગણે શ્રીલંકા સામે ટી-૨૦ સિરીઝ રમી હતી જે ૫-૦થી જીતી લીધી હતી. ત્યાંથી જ ટી-૨૦ વિશ્વ કપની યાત્રા શરૂ થઈ હતી. ત્યાર પછી ભારતીય ટીમ વધુ બે ટી-૨૦ શ્રેણી રમી હતી. ભારતે ઑસ્ટ્રેલિયાને ઑસ્ટ્રેલિયામાં ૨-૧થી પરાજિત કર્યું હતું, જ્યારે દુર્ભાગ્યપણે સાઉથ આફ્રિકા સામેની શ્રેણી ભારત સામે જરાય સારી નહોતી. એમાં ભારતનો ૧-૪થી પરાભવ થયો હતો. એ વિશે જેમિમા રૉડ્રિગ્સ કહે છે, ‘ક્યારેક નિષ્ફળતા ખેલાડીને જીતની તુલનામાં વધુ બોધ આપે છે. એ પરાજયમાં અમારું રિયાલિટી-ચેક થઈ ગયું હતું. અમે શું ભૂલ કરી એ બરાબર શોધી કાઢી અને એમાં સુધારો કરી રહ્યાં છીએ. અમે દરેક હારને ખેલદિલીપૂર્વક લઈ રહ્યાં છીએ અને તનતોડ મહેનતથી પાક્કી તૈયારીઓ કરી રહ્યાં છીએ. અમે જોરદાર વાપસી કરીશું.’

ઇંગ્લૅન્ડમાં ટી-૨૦ વર્લ્ડ કપ રમવા જતાં પહેલાં ભારતીય ટીમ ભૂતકાળની એક સિરીઝને બરાબર યાદ કરી લેશે. એ પાછલી સિરીઝમાં ભારતે ઇંગ્લૅન્ડને એની જ ધરતી પર ૩-૨થી હરાવ્યું હતું. આગામી વિશ્વ કપ ત્યાં જ રમાવાનો છે અને ઇંગ્લૅન્ડમાં જ પહેલી વખત પેસ બોલર ક્રાંતિ ગૌડે હરીફ બૅટર્સને પોતાની લાઇન અને લેન્ગ્થથી પ્રભાવિત કરી દીધી હતી. ઇંગ્લૅન્ડ જવા રવાના થતાં પહેલાં ભારતીય ખેલાડીઓ બેંગ્લૂરુમાં એક અઠવાડિયાના કૅમ્પ માટે ભેગી થઈ છે. વિશ્વ કપ પહેલાં ભારતીય ટીમ ઇંગ્લૅન્ડ સામે ત્રણ મૅચની ટી-૨૦ સિરીઝ રમશે કે જેથી ત્યાંની સ્થિતિથી અનુરૂપ થઈ જવાય. એટલું જ નહીં, બ્રિટિશ ટીમ સામેની એ સિરીઝ ટીમમાં કયા કૉમ્બિનેશન રાખવા એ પણ નક્કી કરવામાં આવશે. વર્લ્ડ કપમાં ભારતની પ્રથમ મૅચ ૧૪મી જૂને પાકિસ્તાન સામે રમાવાની છે.



વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ભારતની વિશ્વ વિજેતા ખેલાડીઓનું બહુમાન કર્યું હતું.

પાછલા ટી-૨૦ વર્લ્ડ કપમાં ભારતીય ટીમ પોતાની પ્રતિષ્ઠાને અનુરૂપ પર્ફોર્મ નહોતી કરી શકી. શું આ વખતે આ ફૉર્મેટમાં સારું રમશે? કૅપ્ટન હરમનપ્રીત કૌર કહે છે, ‘અમે વન-ડેના વર્લ્ડ ચૅમ્પિયન છીએ એટલે હવે ટી-૨૦ વર્લ્ડ કપ જીતવા બાબતમાં પણ અમારા પર માનસિક દબાણ રહેશે અને થોડી હતાશા પણ રહેશે. જોકે મોટી ટૂર્નામેન્ટો માટે અમે પોતાને માનસિક રીતે કેવી રીતે તૈયાર કરીએ છીએ એ સૌથી મહત્ત્વનું છે.’ જેમિમા કહે છે, ‘પૂર્વતૈયારીઓ અમારી ટીમનો અતૂટ હિસ્સો છે. અમે દરેક પડકારને પહોંચી વળવા તૈયાર રહેવામાં માનીએ છીએ. અમે એકદમ યોગ્ય રીતે આગળ વધી રહ્યા છીએ.’ હરમન અને જેમિમાના આ મંતવ્યો સાથે હેડ-કોચ અમોલ મુઝુમદાર પણ સહમત છે અને તેમનું કહેવું છે કે ‘પ્રૅક્ટિસ કૅમ્પ ખૂબ જ પરિણામલક્ષી બની રહેશે.’

જોકે ભારતીય ટીમ હરફનમૌલા ખેલાડી અમનજોત કૌરની ગેરહાજરી જરૂર અનુભવશે. નવેમ્બરના વન-ડે વર્લ્ડ કપમાં તેણે મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. આ પચીસ વર્ષીય પેસ બોલરને કમરમાં અસહ્ય દુખાવો છે અને તે સર્જરી કરાવવાની છે. અમોલ મુઝુમદાર તેના વિશે કહે છે, ‘અમનજોત જેવી પ્રતિભાશાળી ખેલાડીને રિપ્લેસ કરવી ખૂબ કઠિન છે. તે સતતપણે સારું પર્ફોર્મ કરી રહી હતી. જોકે ઈજા તો રમતનો એક હિસ્સો કહેવાય. હું આશા રાખું છું કે તે વધુ મજબૂત થઈને વાપસી કરશે.’

ભારતીય ટીમમાં અનુભવ છે અને ભરપૂર આત્મવિશ્વાસ પણ છે. હવે માત્ર જરૂર છે કે ટીમ એક થઈને સારું પર્ફોર્મ કરે અને ૨૦૨૫ પછી ૨૦૨૬માં પણ એક મોટી ટ્રોફી જીતીને ભારતીય ક્રિકેટપ્રેમીઓના દિલોદિમાગ બાગ-બાગ કરી દે. ■

# ગરમીમાં પણ સ્ટાઈલ ને કમ્ફર્ટનું સંતુલન

ફેશન
ખુશ્બુ મુલાણી ઠક્કર
feedback.ladki@bombaysamachar.com

**મુંબઈના** ગરમ અને ભેજવાળા વાતાવરણમાં ઑફિસ જવું એટલે માત્ર કામની જવાબદારી નહીં, પણ કપડાંની પસંદગીમાં પણ ચાલાકીની જરૂર પડે છે. મે-જૂનની ગરમીમાં સ્ટાઇલિશ દેખાવા સાથે સાથે આરામ અને વ્યવસાયિકતા જાળવવી એ પડકાર છે. આજે અમે તમારા માટે લાવ્યા છીએ સમર સિઝનમાં કઈ ટાઇપનાં ઑફિસ વેર પહેરી શકો જે તમને ગરમીમાં પણ કૂલ, કૉન્ફિડન્ટ અને કમ્ફર્ટેબલ લુક આપશે . ઉનાળામાં પહેરવાં માટે કૉટન ટ્રાઉઝર, કોર્ડ સેટ, કફ્તાન અને ડ્રેસ એ એક બેસ્ટ ઑપ્શન છે.





### ફેબ્રિક પસંદગી સૌથી મહત્ત્વનું પાસું

ઉનાળામાં ઑફિસમાં શું પહેરવું એ એક મોટી ચૅલેન્જ હોય છે. ઑફિસ વેર સૉફિસ્ટિકેટેડ, ડિસન્ટ અને કમ્ફર્ટેબલ પણ હોવાં જોઈએ. ખાસ કરીને કૉટન અને લિનનનાં કપડાં પહેરી શકાય. સિન્થેટિક અને પોલિએસ્ટરવાળા કપડાં ટાળવા જોઈએ, કારણ કે તેમાં ગરમી અને પરસેવો વધારે થાય છે. ઉનાળામાં ખાસ કરીને કૉટન , લિનન, ક્રેપ કે મોડલ સિલ્કના ડ્રેસ પહેરી શકાય. આ ફૅબ્રિકમાં ઉનાળામાં ગરમી થતી નથી અને શાઇન પણ આપે છે.

ટ્રાઉઝર - ઑફિસમાં ખાસ કરીને યુવતીઓ ટ્રાઉઝર પહેરે છે. સિન્થેટિક ટ્રાઉઝર પહેરવાને બદલે તમે કૉટનના ટ્રાઉઝર પહેરી શકો. કૉટન ટ્રાઉઝર ઘણા અલગ અલગ ફીટના આવે છે. તમે તમારી બૉડી ટાઇપ અને હાઇટને આધારે ટ્રાઉઝરના ફીટની પસંદગી કરી શકો. જેમ કે જો તમારી હાઇટ સારી હોય તો તમે બૂટ કટ ટ્રાઉઝર પહેરી શકો તેમ જ એન્કલ લેન્થનું ટ્રાઉઝર પણ પહેરી શકાય. જો તમારું શરીર ભરેલું હોય તો, ફિટિંગવાળા ટ્રાઉઝર પહેરી શકાય. અને જો તમારું શરીર સુડોળ હોય તો તમે બ્રૉડ બૉટમવાળા ટ્રાઉઝર પણ પહેરી શકો. આ ટ્રાઉઝર સાથે કૉટનના કે લિનનના શર્ટ સારા લાગશે. જે શર્ટને તમે ઇન્ટક કરી શકો. આ શર્ટની પૅટર્ન એવી હોય છે કે તમે તેને ઇન્ટક નહિ કરો તો પણ સારા લાગશે. આ શર્ટની નેક લાઇનમાં વેરિએશન જોવા મળે છે જેમ કે, ચાઇનીસ કૉલર અને ઓપન નેક લાઇન. જેમનું શરીર ભરેલું હોય તેઓએ ખાસ કરીને ચાઇનીઝ કૉલર પહેરવા ટાળવા, તેની બદલે તમે ઓપન નેકલાઇનવાળા ટૉપ્સ કે શર્ટ પહેરી શકો.

### કોર્ડ સેટ

ઉનાળામાં કોર્ડ સેટ એ એક આશીર્વાદ છે. કોર્ડ સેટ પહેર્યા પછી સિમ્પલ છતાં સ્ટાઇલાઇઝ્ડ લાગે છે. તમે તમારી પર્સનલ ચૉઇસ પ્રમાણે પ્લેન અથવા પ્રિન્ટેડ કોર્ડસેટની પસંદગી કરી શકો. પ્લેન કોર્ડ પહેર્યા પછી એક સૉલિડ લુક આપે છે. આ લુકને તમે સ્કાર્ફ અથવા એક્સેસરીઝથી હાઇલાઇટ કરી શકો. લિનનના પ્લેન કોર્ડ સેટ એક આગવી છાપ ઊભી કરશે. કૉટનના પ્રિન્ટેડ કોર્ડ સેટની પ્રિન્ટ જોઈને લેવી કે જે ઑફિસમાં સારી લાગી શકે. ઑફિસ માટે ફ્લોરલ પ્રિન્ટ કરતાં જોમેટ્રિક પ્રિન્ટ પહેરી શકાય. જો તમારે ફ્લોરલ પ્રિન્ટ જ પહેરવી હોય તો ઝીણી પ્રિન્ટ પહેરી શકાય. વધારે પડતી બોલ્ડ ફ્લોરલ પ્રિન્ટ ઑફિસમાં સારી નહીં લાગે. પેસ્ટલ શેડના લિનનના કોર્ડ સેટ એક સ્માર્ટ લુક આપશે. પ્લેન કોર્ડ સેટને તમે એક્સેસરીઝથી હાઇલાઇટ કરી શકો જેમકે, સ્ટેટમેન્ટ ઇયરિંગ કે નેક પીસ.

### કફ્તાન

ઑફિસમાં રેગ્યુલર કૉટનની કુર્તી પહેરવા કરતાં કફ્તાન પહેરી શકાય. કફ્તાન ફિટિંગમાં હોવા છતાં તેની સ્ટાઇલને કારણે કમ્ફર્ટેબલ લાગે છે. કફ્તાનની લેન્થ કઈ ટાઇપની બૉટમ પહેરવાનો છો તેમ જ તમારી બૉડી ટાઇપ અને હાઇટ અનુસાર સિલેક્ટ કરી શકો. કફ્તાન પણ અલગ અલગ ફૅબ્રિકમાં આવે છે. ઉનાળામાં કૉટનના કફ્તાન કરતાં ક્રેપ કે મોડલ સિલ્કના કફ્તાન પહેરી શકાય. આ ફૅબ્રિકથી થોડી શાઇન પણ આવશે અને ચોળાતું પણ નથી. કફ્તાન સાથે તમે નેરો પૅન્ટ કે પછી બ્રૉડ પૅન્ટ પણ પહેરી શકો. તે તમારી પર્સનલ ચૉઇસ પર આધાર રાખે છે. કફ્તાનની સ્ટાઇલ અને ફૅબ્રિકના હિસાબે તેમાં ગરમી થતી નથી. કફ્તાન બધી જ વયની યુવતીઓ અને મહિલાઓ પર સારા લાગે છે.

ડ્રેસ - ઉનાળામાં ડ્રેસ પહેરવાની મજા જ અલગ હોય છે.તમારી ઑફિસ મુજબ તમે ડ્રેસની પસંદગી કરી શકો. જેમ કે જો તમે કૉર્પોરેટ કંપનીમાં કામ કરતા હોવ તો લિનનના ડ્રેસ પહેરવા. લિનન એ એક એવું ફૅબ્રિક છે જે ચોળાય જાય તો પણ ખરાબ નથી લાગતું. ડ્રેસની લેન્થ તમારી ઑફિસના માહોલ અનુરૂપ તેમ જ તમારી બૉડી ટાઇપ અનુસાર કરવી. વધારે પડતા પૅટર્નવાળા ડ્રેસ પહેરવા ટાળવા, તેની બદલે સિમ્પલ અને સ્ટાઇલાઇઝ્ડ ડ્રેસ પહેરવા. એ લાઇન અને સ્ટ્રેટ ડ્રેસ ઑફિસમાં ખૂબ જ સૉફિસ્ટિકેટેડ લુક આપે છે. આ ડ્રેસને થોડો વધારે સ્ટાઇલાઇઝ્ડ લુક આપવા માટે તમે ડ્રેસ પર ઓપન જૅકેટ પણ પહેરી શકો. ■

# યુવાઓમાં એક્સેસરીઝનો નવો ક્રેઝ હાથમાં અનેક પ્રકારના બ્રેસલેટ

ફેશન પ્લસ
પ્રતિમા અરોરા
feedback.ladki@bombaysamachar.com

આજકાલ યુવાનોમાં એક જ હાથમાં વિવિધ પ્રકારના બ્રેસલેટ પહેરવાનો ફેશન ક્રેઝ બની ગયો છે. આ માત્ર એક ટ્રેન્ડ નથી, પરંતુ પોતાની જાતને વ્યક્ત કરવાની એક નવી રીત પણ છે. એક જ હાથમાં બે થી છ કે તેથી વધુ બ્રેસલેટ પહેરવા, જે અલગ-અલગ શૈલી, મટિરિયલ અથવા રંગોના હોઈ શકે છે.

મોટી ઉંમરના લોકોને આ જોવામાં કદાચ એક પ્રકારનું ગાંડપણ લાગે, પરંતુ યુવાનો માટે આ એક નવી ‘વાઇબ’ છે, જે આજકાલ ફેશન જગતમાં પોતાની આગવી રીતે લોકોનું ધ્યાન ખેંચી રહી છે.



### આ ટ્રેન્ડ આટલો લોકપ્રિય કેમ છે?

આની પાછળનું સૌથી મોટું કારણ યુવાનોનો પોતાની પર્સનલ આઈડેન્ટિટી પ્રત્યેનો ક્રેઝ અથવા પોતાને અલગ દેખાડવાની રીત છે. કોઈ બિડ્સ તો કોઈ મેટલની ચેઈન પહેરે છે, કોઈ આધ્યાત્મિક દોરો બાંધે છે, તો કોઈ લક્ઝરી બ્રેસલેટ પહેરે છે. અને આમાંનું દરેક કોમ્બિનેશન પોતાની રીતે યુનિક હોય છે.

જો આ ટ્રેન્ડ પર ધ્યાન આપીએ તો, તે એટલા માટે પણ સારી રીતે ચાલી રહ્યો છે કારણ કે તે અફોર્ડેબલ પણ છે અને સ્ટાઈલિશ પણ છે. કહેવાનો અર્થ એ છે કે યુવાનોમાં ભલે આજે અનેક પ્રકારના બ્રેસલેટ પહેરવાનો ક્રેઝ વધ્યો હોય, પરંતુ તે મોંઘી જ્વેલરીનો હિસ્સો નથી. સામાન્ય રીતે આ બ્રેસલેટ ૧૦૦ થી ૫૦૦ રૂપિયાની વચ્ચે હોય છે. હા, પણ તેનો લૂક ચોક્કસપણે ખૂબ જ ટ્રેન્ડી હોય છે.

સૌથી મોટી વાત એ છે કે, આ દરેક પ્રકારના ડ્રેસ અથવા એમ કહીએ કે તમામ પ્રકારની ફેશનમાં હિટ અને ફિટ છે. પછી ભલે તે કુર્તા-પાયજામા હોય, ટી-શર્ટ અને ડેનિમ જીન્સ હોય કે પછી ફિટ લેધર જેકેટ કેમ ન હોય; દરેક આઉટફિટ સાથે આ બ્રેસલેટ મેચ થઈ જાય છે. એક નોંધવા જેવી વાત એ પણ છે કે, આજકાલ સાશ્યલ મીડિયામાં પણ એકસાથે અનેક બ્રેસલેટ પહેરવાનો ક્રેઝ છે. ઇન્સ્ટાગ્રામ રીલ્સ અને ઇન્ફ્લુએન્સર્સે આ ટ્રેન્ડને ખૂબ જ ઝડપથી લોકપ્રિય બનાવ્યો છે.

### કયા બ્રેસલેટ ટ્રેન્ડમાં છે

આજકાલ યુવાનોમાં જે બ્રેસલેટ સૌથી વધુ ટ્રેન્ડમાં છે, તેમાં પહેલા નંબરે ‘બીડેડ બ્રેસલેટ’ છે, એટલે કે રુદ્રાક્ષ, સ્ટોન બીડ્સ અને કલરફુલ બીડ્સ; ખાસ કરીને છોકરાઓમાં આનું પ્રમાણ વધુ છે. છોકરાઓમાં જ અન્ય એક બ્રેસલેટ પણ ખૂબ લોકપ્રિય છે, તે છે ‘લેધર બ્રેસલેટ’. ત્રીજા નંબરે જે બ્રેસલેટ અત્યારે સૌથી વધુ લોકપ્રિય છે, તે મેટલ ચેઈન અથવા સિલ્વર ચેઈન અને ગોલ્ડ ફિનિશ ધરાવતા બ્રેસલેટ છે. સાથે જ દોરાવાળા બ્રેસલેટ, જેમ કે પરંપરાગત કલાવો - એટલે કે વિશિષ્ટ ધાર્મિક પ્રસંગોએ હાથમાં બાંધવામાં આવતો કેસરી કે ભગવો દોરો, આજકાલ યુવાનોમાં બ્રેસલેટ તરીકે ખૂબ લોકપ્રિય થઈ રહ્યો છે.

આમાં એક તરફ જ્યાં પરંપરાગત લૂક મળે છે, તો બીજી તરફ કેઝ્યુઅલ લૂક પણ ઊભરીને સામે આવે છે. નાનાં-નાનાં ચિહ્નો અથવા પેન્ડન્ટ્સ સાથેના ‘ચાર્મ બ્રેસલેટ’ પણ આજકાલ માર્કેટમાં આવી રહ્યા છે, જેના કારણે તે યુવાનોમાં ખૂબ જ હિટ છે.

### આખરે, તેને કેવી રીતે સ્ટાઈલ કરવા?

બ્રેસલેટનું સ્ટાઇલિંગ કરવું ખૂબ જ જરૂરી છે, તો જ આ એક્સેસરીઝ સસ્તી હોવા છતાં ખાસ બની જાય છે. સ્ટાઇલિંગ કરવાની સૌથી સરળ રીત એ છે કે બે કે ત્રણ સિમ્પલ બ્રેસલેટ અને તેની વચ્ચે એક ભભકદાર એટલે કે ‘બોલ્ડ’ બ્રેસલેટને મિક્સ કરીને પહેરવા.

આ બ્રેસલેટનો કલર કોન્ટ્રાસ્ટ હોય અથવા તો બધા જ રંગો એકબીજાને કોમ્પ્લીમેન્ટ કરતા હોય, બંને સ્થિતિમાં આ કોમ્બિનેશન આકર્ષક લાગે છે. જો ઘડિયાળ સાથે બ્રેસલેટ પહેરવા હોય, તો મેચિંગ અને બેલેન્સિંગ બ્રેસલેટ જ પહેરવા જોઈએ. એવી રીતે ન પહેરો કે બંને વસ્તુઓ એકબીજાને ‘ઓવરક્રાઉડ’ કરે. કહેવાનો અર્થ એ છે કે, ઘડિયાળ સાથે એવું બ્રેસલેટ ન પહેરો જે વારંવાર ઘડિયાળને છુપાવી દે, અથવા ઘડિયાળ એટલી હેવી ન હોવી જોઈએ કે બ્રેસલેટ પર કોઈનું ધ્યાન જ ન જાય. અને હા, જેમ આજકાલ અલગ-અલગ પ્રસંગો મુજબ અલગ-અલગ ફેશન અને ડિઝાઇનના આઉટફિટ ચલણમાં છે, તેવી જ રીતે જો અલગ-અલગ પ્રસંગો પર અલગ-અલગ બ્રેસલેટ પહેરવામાં આવે, તો તે ‘સોનામાં સુગંધ ભળે’ તેવી સ્થિતિ હશે.

### આ ભૂલોથી બચો

જ્યાં ઓછા ખર્ચમાં સ્ટાઇલિશ અને નવા કોમ્બિનેશન સાથે બ્રેસલેટ યુવાનોની ખાસ એક્સેસરીઝ બનીને ઊભરી રહ્યા છે, ત્યાં જો થોડું ધ્યાન રાખવામાં ન આવે અને તેનું કોમ્બિનેશન બગડી જાય, તો તે માત્ર સામાન્ય જ નહીં પણ કંટાળાજનક પણ લાગે છે. કહેવાનો અર્થ એ છે કે, જ્યારે પણ બ્રેસલેટ પહેરો ત્યારે આ બાબતોનું ખાસ ધ્યાન રાખવું જોઈએ.

- વધારે પડતા અને ભારે બ્રેસલેટ પસંદ ન કરો.
- દરેક બ્રેસલેટનો એક અલગ જ અંદાજ હોય છે, તેથી આ કોમ્બિનેશન પરફેક્ટ છે અને પહેરવામાં સારું લાગે છે.
- ખૂબ જ ચમકતા બ્રેસલેટ પહેરવાનું ટાળો.
- બ્રેસલેટ ત્યારે જ સારા લાગે છે જ્યારે તેની ડિઝાઇન તેમજ રંગનું મિશ્રણ સારું હોય.
- એક વાત ક્યારેય ભૂલશો નહીં કે બ્રેસલેટ પહેરતી વખતે તે ખૂબ ઢીલું કે ખૂબ ટાઈટ ન હોવું જોઈએ.

આજનો યુવાન માત્ર કપડાં જ નથી પહેરતો, પરંતુ પોતાના હાથો દ્વારા પોતાની એક ઓળખ પણ ડિઝાઈન કરી રહ્યો હોય છે. તેથી જ ‘બ્રેસલેટ સ્ટેકિંગ’ ખાસ બની જાય છે, કારણ કે તે એક તરફ જ્યાં સસ્તું અને સ્ટાઇલિશ છે, ત્યાં બીજી તરફ દરેક હાથના બ્રેસલેટ તે હાથના માલિકની પોતાની પર્સનાલિટીની કહાની કહે છે. ■

## એપ પરની અશ્લીલતા ન ચલાવાયઃ હાઈ કોર્ટ

નવી દિલ્હીઃ દિલ્હી હાઈ કોર્ટે બુધવારે ગૂગલ અને એપલને ઓનલાઈન પ્લેટફોર્મમાં હોસ્ટ કરાયેલા તેના મોબાઈલ એપ વડે બીભત્સ અને અશ્લીલ સામગ્રીના વ્યાપ સામે કડક પગલાં લેવાનો આદેશ આપ્યો હતો. હાઈ કોર્ટે એવી ટિપ્પણી કરી હતી કે તે આખી પેઢીને પાયમાલ થવાની છૂટ ન આપી શકે. મુખ્ય ન્યાયમૂર્તિ ડી. કે. ઉપાધ્યાય અને જસ્ટિસ તેજસ કારીયાની બનેલી બેન્ચે કહ્યું હતું કે હાલના કાનૂની માળખામાં સોશ્યલ મીડિયના ઈન્ટરમીડીયરીએ આમાં અતિ મહત્ત્વની ભૂમિકા ભજવાની છે અને તેણે ફરિયાદ મળે ત્યારે જ નહીં પરંતુ તેને અપલોડ કરતી વખતે વિવેકબુદ્ધી વાપરીને અશ્લીલ સામગ્રીનો પ્રશાર સામે કાર્યવાહી કરવી જોઈએ,

હાઈ કોર્ટે આવી બીભત્સ સામગ્રીના પ્રસારને ડામવા કેન્દ્રની કોમ્પ્યુટર ઈમરજન્સી રિસપોન્સ ટીમને આદેશ આપ્યો હતો.

## - તો પેટ્રોલ, ડીઝલ મોંઘાં થશે

નવી દિલ્હીઃ દેશમાં પીએમ મોદીની ઇંધણ બચાવવાની અપીલ વચ્ચે આરબીઆઈ ગવર્નર સંજય મલ્હોત્રાએ કહ્યું હતું કે જો મિડલ-ઇસ્ટમાં તણાવ નહી ઘટે અને ક્રૂડ ઓઈલ મોંઘું રહેશે તો દેશમાં ઇંધણના ભાવમાં વધારો અનિવાર્ય છે. મિડલ ઇસ્ટ સંઘર્ષ દેશની ઊર્જા બચત પર દબાણ વધારી રહ્યો છે. આ ઉપરાંત ફુગાવો પણ વધી રહ્યો છે. મીડિયા અહેવાલ મુજબ સ્વિટ્ઝર્લેન્ડમાં સ્વિસ નેશનલ બૅન્ક અને ઇન્ટરનેશનલ મોનેટરી ફંડ દ્વારા આયોજિત એક કોન્ફરન્સમાં બોલતા મલ્હોત્રાએ જણાવ્યું હતું કે, જો આ લાંબા સમય સુધી આ સ્થિતિ ચાલુ રહેશે તો સરકાર ભાવ વધારો કરશે તેવી સંભાવના છે.

## એર ઈન્ડિયાની ૧૦૦થી વધુ ફ્લાઈટ રદ

નવી દિલ્હીઃ એર ઇન્ડિયાએ દૈનિક ફ્લાઇટની સંખ્યામાં ઘટાડો કરવાનો મોટો નિર્ણય લીધો છે. આમાં અનેક આંતરરાષ્ટ્રીય રૂટ પર ફ્લાઇટ સેવા સ્થગિત કરશે. ફ્લાઇટમાં જૂન માસ સુધી તબક્કાવાર કાપ મૂકવામાં આવશે. તેમજ અનેક શહેરો માટે ફ્લાઇટની સંખ્યા ઘટાડવામાં આવશે. એર ઇન્ડિયાએ ૧૦૦ ફ્લાઇટ્સ રદ કરી છે. એર ઇન્ડિયાએ દિલ્હીથી શિકાગો, નેવાર્ક, સિંગાપોર અને શાંઘાઈની ફ્લાઇટ્સ કામચલાઉ ધોરણે સ્થગિત કરવાનો નિર્ણય લીધો છે. આ ઉપરાંત સેન ફ્રાન્સિસ્કો, પેરિસ અને ટોરન્ટો જેવા મુખ્ય શહેરોની ફ્લાઇટની સંખ્યા પણ ઘટાડવામાં આવી છે.

## સીબીએસઇ બારમામાં પાસ થનારાઓ ઘટ્યા

નવી દિલ્હીઃ કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડ (સીબીએસઈ) દ્વારા બારમા ધોરણનું પરીક્ષાનું પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. કુલ ૮૫.૨૦ ટકા વિદ્યાર્થીઓ પાસ થયા છે. ગયા વર્ષની સરખામણીમાં પરિણામમાં ૩.૧૯ ટકાનો ઘટાડો થયો છે. આ પરીક્ષામાં ૮૮.૮૬ ટકા વિદ્યાર્થિનીઓ પાસ થઈ છે, જ્યારે ૮૨.૧૩ ટકા વિદ્યાર્થીઓ પાસ થયા છે. પરિણામમાં ત્રિવેન્દ્રમ સૌથી ટોચ પર છે, જ્યાં પાસ થવાની ટકાવારી ૯૫.૬૨ ટકા રહી છે.

## આસામમાં સમાન નાગરિક ધારો

ગુવાહાટીઃ આસામ કેબિનેટે બુધવારે રાજ્યમાં યુનિફોર્મ સિવિલ કોડ (યુસીસી) કે સમાન નાગરિક ધારાના અમલને મંજૂરી આપી હતી, પરંતુ આદિવાસી વસ્તીને તેના કાર્યક્ષેત્રની બહાર રાખવામાં આવશે, તેવું મુખ્ય પ્રધાન હિમંતા બિસ્વા સરમાએ જણાવ્યું હતું. એમણે સરકારના વડા તરીકે તેમના બીજા કાર્યકાળની પ્રથમ કેબિનેટ બેઠકની અધ્યક્ષતા કર્યા પછી અહીં એક પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે, યુસીસી બિલ ૨૬ મેના રોજ નવી વિધાનસભા સમક્ષ રજૂ કરવામાં આવશે. ■

# ચીન પહોંચ્યા ડોનલ્ડ ટ્રમ્પ, આજે જિનપિંગને મળશે

બીજિંગઃ અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ બુધવારે ત્રણ દિવસની મહત્ત્વપૂર્ણ મુલાકાત માટે ચીન પહોંચ્યા હતા. તેઓ ચીનના રાષ્ટ્રપ્રમુખ શી જિનપિંગ સાથે ગુરુવારે મુલાકાત કરશે. અમેરિકા અને ચીન વચ્ચેની આ બેઠક સંબંધો, વેપાર, તાઇવાન, વૈશ્વિક સુરક્ષા અને આર્થિક તણાવ જેવા મુદ્દાઓ વચ્ચે થશે.

બીજિંગમાં ટ્રમ્પનું સ્વાગત ચીનના ઉપરાષ્ટ્રપતિ હાન ઝેંગે કર્યું હતુ. દરમિયાન ચીનમાં અમેરિકાના રાજદૂત પણ હાજર રહ્યા હતા. ૨૦૧૭ પછી ટ્રમ્પની ચીનની આ પહેલી સત્તાવાર રાજકીય મુલાકાત છે. બંને નેતાઓ વચ્ચે છેલ્લી મુલાકાત ગયા વર્ષે ઓક્ટોબરમાં દક્ષિણ કોરિયાના બુસાનમાં થઈ હતી. ટ્રમ્પની મુલાકાત પહેલાં ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા ગુઓ જિયાકુને એક પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે વૈશ્વિક સ્થિરતા માટે બંને દેશો વચ્ચે ઉચ્ચ સ્તરીય નેતૃત્વ-સ્તરની વાટાઘાટો મહત્વપૂર્ણ છે. ટ્રમ્પ સાથે અમેરિકાની ટોચની કંપનીઓના સીઈઓ પણ ચીન પહોંચ્યા છે. એરપોર્ટ પર ૩૦૦ ચીની યુવાનોએ એક સાથે ચીની અને અમેરિકન ધ્વજ લહેરાવ્યા હતા. એરપોર્ટ આસપાસની ઈમારતોને અમેરિકન અને ચીની રાષ્ટ્રધ્વજથી શણગારવામાં આવ્યા હતા.

ટ્રમ્પ ગુરુવારે શી સાથે દ્વિપક્ષી મુલાકાત કરશે. ■

# વિજયના જ્યોતિષીનું ભાવિ ૨૪ કલાકમાં જ પલટાયુંઃ નિમણૂક રદ

ચેન્નઈઃ તમિળનાડુ સરકારે જ્યોતિષી રિકી રાધન પંડિત વેટ્રિવેલને મુખ્ય પ્રધાન સી. જોસેફ વિજયના ઓફિસર ઓન સ્પેશિયલ ડ્યૂટી(ઓએસડી) તરીકે નિયુક્ત કરવાના તેના આદેશને બુધવારના રોજ રદ કરી દીધો હતો.

મંગળવારના રોજ નિમણૂક થયાના ૨૪ કલાકથી પણ ઓછા સમયમાં સરકારી આદેશ(જીઓ) પાછો ખેંચવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. આ નિર્ણય રાજકીય વિરોધીઓ અને તમિલગા વેટ્રી કળગમ(ટીવીકે)ના સાથીઓ, બંને તરફથી આકરી ટીકાઓની લહેર ઉઠ્યા બાદ લેવામાં આવ્યો હતો. આ નિમણૂકે દિવસની શરૂઆતમાં રાજ્ય વિધાનસભામાં ભારે ચર્ચા જગાવી હતી. ડીએમડીકેના મહાસચિવ પ્રેમલતા વિજયકાંત સહિત વિપક્ષી નેતાઓએ ગૃહમાં આ નિર્ણયની સખત શબ્દોમાં નિંદા કરી હતી. તેમજ એક જ્યોતિષીને મુખ્ય રાજકીય-વહીવટી ભૂમિકા સોંપવા અંગે પ્રશ્ન ઉઠાવ્યા હતા.

ચારેકોરથી વધતા દબાણ અને વિરોધનો સામનો કરતા વિજયના નેતૃત્વ હેઠળના વહીવટીતંત્રે નિમણૂક રદ કરવા માટે ઝડપી કાર્યવાહી હાથ ધરી હતી. ■

# મેડિકલ એસોસિયેશન નીટ(યુજી)માં આમૂલ સુધારા માટે સુપ્રીમ કોર્ટમાં

- પુણે, અહિલ્યાનગર, જયપુર, ગુરુગ્રામ, નાશિકથી વધુ આરોપીઓ પકડાયા
- પરીક્ષાના આયોજક એનટીએને હટાવવા અરજી

નવી દિલ્હીઃ ફેડરેશન ઑફ ઓલ ઇન્ડિયા મેડિકલ એસોસિયેશને દેશની વિવિધ મેડિકલ કૉલેજોમાં પ્રવેશ માટેની નેશનલ એલિજિબિલિટી કમ એન્ટ્રન્સ ટેસ્ટ (અન્ડરગ્રેજ્યુએટ) એટલે કે 'નીટ (યુજી)'માં આમૂલ સુધારાની અને આ પરીક્ષા લેતી નેશનલ ટેસ્ટિંગ એજન્સી (એનટીએ)ને આયોજક તરીકે નહિ રાખવાની દાદ ચાહતી અરજી સર્વોચ્ચ અદાલતમાં કરી હતી. દરમિયાન, પરીક્ષાનું પ્રશ્નપત્ર ફોડવાના સંબંધમાં પુણે, અહિલ્યાનગર, જયપુર, ગુરુગ્રામ, નાશિક ખાતેથી વધુ ધરપકડ કરાઇ હતી તેમ જ નાશિક ખાતેથી અગાઉ પકડાયેલા શુભમ ખૈરનારને બે દિવસના ટ્રાન્ઝિટ રિમાન્ડ પર લેવા અદાલતે સેન્ટ્રલ બ્યૂરો ઑફ ઇન્વેસ્ટિગેશન (સીબીઆઇ)ને પરવાનગી આપી હતી. સીબીઆઇએ દેશભરમાં પાડેલા દરોડામાં અનેક મોબાઇલ ફોન, લેપટોપ સહિત ડિજિટલ સાધનો જપ્ત કર્યાં હતાં અને તે ફોરેન્સિક તપાસ માટે મોકલ્યા હતા.

રાજસ્થાનના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન અશોક ગહલોતે આક્ષેપ કર્યો હતો કે પેપર ફોડવાના પ્રકરણમાં સંડોવેલો દિનેશ બિનવાલ ભાજપનો નેતા છે અને ભાજપ તેને બચાવવા પ્રયાસ કરી રહ્યો છે. આમ છતાં, ભાજપના રાજસ્થાન એકમના ઉપપ્રમુખ મુકેશ દધીચે સ્પષ્ટતા કરી હતી કે બિનવાલ ભાજપમાં કોઇ હોદ્દો નથી સંભાળતો.

પુણેથી નાસી ગયેલા આરોપી ધનંજય લોખંડેની અહિલ્યાનગર ખાતેથી ધરપકડ કરાઇ હતી. પુણે પોલીસે બીબવેવાડી ખાતેથી એક મહિલાની અટક કરી હતી. અગાઉ, ત્રીજી મેએ લેવાયેલી નેશનલ એલિજિબિલિટી કમ એન્ટ્રન્સ ટેસ્ટ (અન્ડરગ્રેજ્યુએટ) એટલે કે 'નીટ(યુજી)'નું પેપર ફૂટતાં તે રદ કરવાની જાહેરાત કરાઇ હતી અને આ પરીક્ષામાંની કહેવાતી 'ગેરરીતિ'ની તપાસ સેન્ટ્રલ બ્યૂરો ઑફ ઇન્વેસ્ટિગેશન (સીબીઆઇ)ને સોંપાઇ હતી. સીબીઆઇએ આ મામલે એફઆઇઆર નોંધ્યો હતો.

એમબીબીએસ, બીડીએસ, બીએએમએસ, બીએચએમએસ, બીએસએમએસ અને અન્ય મેડિકલ શાખાની કૉલેજો માટેની પ્રવેશ પરીક્ષા 'નીટ (યુજી)' ત્રીજી મેએ દેશનાં ૫૫૧ શહેરમાં અને વિદેશનાં ૧૪ શહેરમાં મળીને કુલ ૫૬૫ શહેરમાં ૨૩ લાખ જેટલા વિદ્યાર્થીએ આપી હતી. હવે આ પરીક્ષા લેવાની નવી તારીખ બાદમાં જાહેર કરાશે. (એજન્સી) ■

## અમેરિકામાં વિઝાના નિયમોનું ઉલ્લંઘનઃ ૧૦ હજાર વિદ્યાર્થીઓ રડાર પર

વૉશિંગ્ટનઃ અમેરિકાના ઇમિગ્રેશન એન્ડ કસ્ટમ્સ એન્ફોર્સમેન્ટ (આઇસીઈ) અને યુનાઇટેડ સ્ટેટ્સ સિટિઝનશિપ એન્ડ ઇમિગ્રેશન સર્વિસીસ (યુએસસીઆઈએસ) એ ઓપ્શનલ પ્રેક્ટિકલ ટ્રેનિંગ (ઓપીટી) વિઝા પ્રોગ્રામમાં વ્યાપક છેતરપિંડીનો પર્દાફાશ કર્યો છે. આખા અમેરિકામાં હજારો વિદેશી વિદ્યાર્થીઓ અને શંકાસ્પદ નોકરીદાતાઓ આ કૌભાંડમાં સંડોવાયેલા છે. આઇસીઇના એક્ટિંગ ડિરેક્ટર ટોડ લિયોન્સે એક પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે તપાસકર્તાઓને ખાલી ઓફિસો, બંધ ઇમારતો અને નકલી કાર્યસ્થળો મળી આવ્યા છે. આ કંપનીઓએ સેંકડો વિદેશી વિદ્યાર્થીઓને રોજગારી આપવાનો દાવો કર્યો હતો, પરંતુ તેમનો કોઈ વાસ્તવિક વ્યવસાય નહોતો. આઇસીઇએ કહ્યું હતું કે તેણે ૧૦,૦૦૦ વિદેશી વિદ્યાર્થીઓની ઓળખ કરી છે, જેમાં ઘણા ભારતીય વિદ્યાર્થીઓ પણ છે. ■

## મુલાયમસિંહ યાદવના પુત્ર પ્રતીકનું અવસાન

લખનઊઃ સમાજવાદી પાર્ટીના સ્થાપક મુલાયમ સિંહ યાદવના નાના પુત્ર પ્રતીક યાદવનું બુધવારે વહેલી સવારે અચાનક બીમાર પડી જવાથી ૩૮ વર્ષની વયે અવસાન થયું હતું.

પ્રતીક મુલાયમ સિંહ યાદવ અને તેમની બીજી પત્ની સાધના ગુપ્તાના પુત્ર હતા. જ્યારે બંનેના લગ્ન થયા ત્યારે તેમની ઉંમર લગભગ ૧૬ વર્ષની હતી.

સૂત્રોએ જણાવ્યું હતું કે, પ્રતીક, એક અગ્રણી રાજકીય પરિવાર સાથે સંબંધ હોવા છતાં, એમણે ઉદ્યોગસાહસિક તરીકે અનામત જીવન જીવ્યું હતું, તેમને અહીંની સિવિલ હોસ્પિટલમાં મૃત જાહેર કરવામાં આવ્યા હતા. તેમની પત્ની અપર્ણા બિષ્ટ યાદવ, ભાજપના સભ્ય છે અને હાલમાં રાજ્ય મહિલા આયોગના ઉપાધ્યક્ષ છે. સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવ પણ તેમના મૃત્યુ પર શોક વ્યક્ત કરનારાઓમાં સામેલ હતા.

શ્રી પ્રતીક યાદવજીનું અવસાન ખૂબ જ હૃદયદ્રાવક છે! ભગવાન દિવંગત આત્માને શાંતિ આપે. નમ્ર શ્રદ્ધાંજલિ! તેવું સમાજવાદી પાર્ટીએ એક્સ પર એક ટૂંકી પોસ્ટમાં લખ્યું હતું. પ્રતીકના સાળા અમન બિષ્ટ હોસ્પિટલમાં હતા.

સિવિલ હૉસ્પિટલમાં મૃતદેહ સાથે જોવા મળેલા કેટલાક યુવાનોએ જણાવ્યું કે તેઓ પ્રતીકને સવારે ૫.૧૦ વાગ્યાની આસપાસ હૉસ્પિટલ લઈ ગયા હતા, અને સવારે છ વાગ્યાની આસપાસ તેમને સત્તાવાર રીતે મૃત જાહેર કરવામાં આવ્યા હતા. સિવિલ હૉસ્પિટલના ડિરેક્ટર ડૉ. જી.સી. ગુપ્તાએ જણાવ્યું હતું કે પ્રતીકને મૃત હાલતમાં હોસ્પિટલમાં લાવવામાં આવ્યો હતો.

શબપરીક્ષણ પછી, મૃતદેહને કેજીએમયુથી પ્રતીક અને અપર્ણા યાદવના ૮/૧૧ વિક્રમાદિત્ય માર્ગ સ્થિત નિવાસસ્થાને લઈ જવામાં આવ્યો. પોલીસે વિસ્તારમાં સુરક્ષા કડક ગોઠવી હતી અને બેરિકેડ લગાવી દેતાં ભાજપ અને સમાજવાદી પાર્ટી બંનેના સમર્થકો ઘરની બહાર ભેગા થયા હતા. બપોરે ૨.૧૫ વાગ્યાની આસપાસ, અપર્ણા યાદવ એરપોર્ટથી સીધા વિક્રમાદિત્ય માર્ગ સ્થિત નિવાસસ્થાને પહોંચ્યા હતા, અને એક મિનિટ પછી, પ્રતીક યાદવના મૃતદેહને લઈને એક એમ્બ્યુલન્સ પણ ઘરે પહોંચી હતી. ■

# વિધર્મીઓ વચ્ચે શુદ્ધ પ્રેમનો વાંધો નથી પણ લવ જિહાદ ચિંતાજનકઃ આરએસએસ

નવી દિલ્હીઃ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ) ના મહાસચિવ દત્તાત્રેય હોસબોલેએ કહ્યું હતું કે શુદ્ધ પ્રેમ પર કોઈ સવાલ ઉઠાવી શકે નહીં. ભલે તે અલગ અલગ ધર્મોના લોકો વચ્ચે હોય પરંતુ હિન્દુ છોકરીઓનું અપહરણ કરવાનું કોઈપણ સુનિયોજિત કાવતરું ચોક્કસપણે સમસ્યારૂપ છે.

પીટીઆઈ વીડિયો સાથે ખાસ વાતચીત કરતા તેમણે કહ્યું હતું કે સ્વયંસેવકોમાં એવા અસંખ્ય કિસ્સાઓ છે જેમણે શુદ્ધ પ્રેમ માટે જાતિ, ધર્મ અને રાષ્ટ્રીયતાની સરહદો પાર કરીને લગ્ન કર્યા છે. સંઘે હંમેશા તેને સ્વાભાવિક માન્યું છે. આરએસએસના મહાસચિવે કહ્યું કે અમે તે લગ્નોનું સ્વાગત કર્યું છે, ઉજવણી કરી છે અને તેમાં ભાગ લીધો છે.

તેમણે કહ્યું હતું કે, જો તે ફક્ત સાચો પ્રેમ હોય તો કોઈ સવાલ નથી. પરંતુ જો તે જેહાદ હોય તો સવાલ ઉઠે છે. જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે તેઓ ''લવ જેહાદ'' શબ્દને કેવી રીતે વ્યાખ્યાયિત કરે છે, જે શબ્દ દક્ષિણપંથી હિંદુ એક મુસ્લિમ પુરુષ અને એક હિન્દુ મહિલા વચ્ચેના સંબંધ માટે ઉપયોગ કરે છે. ત્યારે હોસાબલેએ કહ્યું હતું કે, હકીકત એ છે કે કોઈએ તેને વ્યાખ્યાયિત કરી નથી. લવ જિહાદ શબ્દનો ઉપયોગ સૌપ્રથમ કોઈ હાઇકોર્ટના ન્યાયાધીશે કર્યો હતો. તેથી તેમાં અમારી કોઈ ભૂમિકા નથી.

વાત એ છે કે જો બે વ્યક્તિઓ પ્રેમમાં હોય તો કોઈ ધર્મ, રાષ્ટ્રીયતા વગેરે હોતું નથી. તેથી તે પ્રેમ પવિત્ર હોય છે. પરંતુ તેમણે ઉમેર્યું હતું કે જ્યારે આ એક એજન્ડા બની જાય છે અને હિન્દુ છોકરીઓને લલચાવીને ફસાવવાનું આયોજનબદ્ધ કાવતરું રચાય છે ત્યારે તેનાથી સવાલ ઉઠે છે. ■

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શુક્રવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ફન વર્લ્ડ

### ભાષા વૈભવ...

મરાઠી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી બનાવો

| A | B |
|---|---|
| आत | જમણું |
| वर | વચલું |
| खाली | ઉપર |
| उजवा | અંદર |
| मधला | નીચે |

### જાણવા જેવું

માતા એટલે જન્મદાત્રી એ પ્રથમ ઓળખાણ. મા, માવડી, જનની, જનેતા, જનયિત્રી વગેરે એના પર્યાય છે. જાણવા જેવી વાત એ છે કે માનો એક અર્થ વનસ્પતિની એક જાત પણ થાય છે જે જટામાસી કહેવાય છે. તે છેટેથી એવી બિહામણી લાગે છે કે જાણે વિકરાળ મહાકાળી માતા પહાડ ઉપર જંગલમાં એકલાં વાસ કરી રહ્યાં હોય. તેના આવા દેખાવને લીધે તેને માતા કહે છે.

### ગુજરાત મોરી મોરી રે

અટપટી રીતે સમજાવતા સંબંધને ઓળખી કાઢો. કોઈ પુરુષના ભાભીની સગી નણંદના પતિ એ પુરુષને સંબંધમાં શું થાય એ દિમાગ દોડાવી જણાવો જોઉં.

અ) બનેવી  બ) સાળો
ક) ભત્રીજો  ડ) માસા

### નોંધી રાખો

*જેમ પૂર્ણ કૃપાયુક્ત જનની પોતાનાં સંતાનોનાં સુખ ને ઉન્નતિ ચાહે છે, તેમ પરમેશ્વર પણ સર્વ જીવોની ઉન્નતિ ચાહે છે, માટે તે માતા કહેવાય છે*

### શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | | | ૩ | | | ૪ |
| | | | | ૪અ | | | | | |
| ૫ | ૬ | | | ૭ | ૮ | | ૯ | ૧૦ | |
| | | | ૧૧ | | | | | | |
| ૧૨ | | ૧૩ | | | | ૧૪ | ૧૫ | | ૧૬ |
| ૧૭ | | | | | ૧૮ | | ૧૯ | | |
| | | | | ૨૦ | | | | | |
| ૨૧ | | | | ૨૨ | | | ૨૩ | | ૨૪ |
| | | | ૨૫ | | | | | | |
| ૨૬ | | | | | | ૨૭ | | | |

**આડી ચાવી**

૧. મરણ (૪)
૩. સાનભાન (૪)
૫. અણસમજુ, મૂર્ખ (૩)
૭. જોગવાઈ (૨)
૯. નાઉમેદ, આશભંગ (૩)
૧૧. આંગળી (૩)
૧૨. વાર (૩)
૧૪. ઈન્દ્રનો હાથી (૪)
૧૭. સરખેસરખું, સમોવડ (૪)
૧૯. રાજા (૩)
૨૦. ---નું મન બાવળિયે (૩)
૨૧. યુક્તિ, હિકમત (૩)
૨૨. રાજા (૨)
૨૩. કાંટો (૩)
૨૬. પાંચમું પાતાળ (૪)
૨૭. પતંગ (૪)

**ઊભી ચાવી**

૧. દીવો (૩)
૨. ઝાકળ, ઓસ (૩)
૩. ઘૃણા, ચીતરી (૨)
૪. ઉત્સાહ, ઉત્કટતા (૩)
૪અ. પ્રકૃતિનાં ત્રણ ગુણ માંનો એક (૪)
૬. કૈલાસ શિખર પાસેનું પ્રસિદ્ધ સરોવર (૬)
૮. શેરી (૨)
૧૦. રાજ કારભાર (૬)
૧૨. કામ કરે તે કાલું અને --- કરે તે વહાલું (૨)
૧૩. અવાજ, ધ્વનિ (૨)
૧૫. દશરથનંદન (૨)
૧૬. તપસ્યા (૨)
૧૮. બારી (૪)
૨૦. મદિરા, શરાબ (૨)
૨૧. ડરપોક, બાયલું (૩)
૨૩. કંકણ, બંગડી (૩)
૨૪. હોયે લીમડો પણ શીતળ તેની છાંય (૩)
૨૫. કપાળ (૨)

**ગયા વખતનો ઉકેલ**

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ પ | ય | ૨ ટ | ૩ ન | | | ૪ વે | ૫ ધ | ક | ૬ તા |
| ર્યા | | ૭ પા | લ | ૮ ક | | ૯ પા | ડ | | લી |
| ૧૦ ય | મ | લ | | ૧૧ પા | મ | ર | | ૧૨ ધા | મ |
| | | | ૧૩ કા | ળ | | | ૧૪ સ | | |
| ૧૫ ત | ર | ૧૬ બો | ળ | | ૧૭ મુ | ૧૮ દ | ત | | ૧૯ જો |
| ટ | | ૨૦ ર | જ | ત | | ૨૧ મા | ત | બ | ર |
| | | ડી | | | ૨૨ હે | મ | | | |
| ૨૩ મ | રી | | ૨૪ સ | ફ | ર | | ૨૫ મ | લી | ૨૬ ડો |
| ર્યા | | ૨૭ સા | ફ | | ૨૮ ત | ૨૯ રં | ગ | | લ |
| ૩૦ દા | વા | ન | ળ | | | ૩૧ જ | ન | મ | ત |

### ઓળખાણ પડી?



ગયા મહિને વાનખેડે સ્ટેડિયમમાં જેના નામનો ગેટ અર્પણ કરવામાં આવ્યો એ ભૂતપૂર્વ મહિલા ક્રિકેટ કૅપ્ટન અને સ્પિનરની ઓળખાણ પડી?

અ) શાંતા રંગસ્વામી બ) શુભાંગી કુલકર્ણી ક) ડાયેના એદલજી ડ) ગાર્ગી બેનર્જી

### ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

આપેલા વાક્યમાં પાણીમાં સરકતી હોડી સંતાઈને બેઠી છે એ શોધી કાઢો જોઉં.

કેટલાક વિસ્તારમાં તમાકુની બનાવટ પર પ્રતિબંધ છે.

### માઈન્ડ ગેમ

પશ્ચિમ બંગાળના નક્સલવાદના સંદર્ભમાં લખાયેલી 'હજાર ચૌરાસી કી માં' નવલકથાનાં લેખિકાનું નામ જણાવો.

અ) ગીતાંજલિ શ્રી  બ) મહાશ્વેતા દેવી
ક) સ્મિતા અગ્રવાલ  ડ) મહાદેવી વર્મા

### સુડોકુ-૯૨૮૩

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | ૭ | | |
| ૪ | ૩ | | | ૫ | ૧ | | | |
| ૮ | | | ૪ | ૭ | | | | ૯ |
| | ૫ | | | | ૪ | | | ૭ |
| ૬ | | | | | | | | ૮ |
| ૩ | | | ૮ | | | | ૪ | |
| ૭ | | | | ૮ | ૨ | | | ૧ |
| | | | ૧ | ૩ | | | ૯ | ૬ |
| | | ૧ | | | | | | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

**સુડોકુ-૯૨૮૨**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | ૬ | ૫ | ૯ | ૨ | ૪ | ૩ | ૮ | ૧ |
| ૩ | ૮ | ૪ | ૧ | ૭ | ૫ | ૨ | ૯ | ૬ |
| ૯ | ૨ | ૧ | ૩ | ૮ | ૬ | ૫ | ૭ | ૪ |
| ૪ | ૧ | ૭ | ૮ | ૫ | ૨ | ૬ | ૩ | ૯ |
| ૨ | ૩ | ૮ | ૬ | ૪ | ૯ | ૭ | ૧ | ૫ |
| ૫ | ૯ | ૬ | ૭ | ૧ | ૩ | ૮ | ૪ | ૨ |
| ૬ | ૪ | ૩ | ૨ | ૯ | ૮ | ૧ | ૫ | ૭ |
| ૧ | ૫ | ૨ | ૪ | ૩ | ૭ | ૯ | ૬ | ૮ |
| ૮ | ૭ | ૯ | ૫ | ૬ | ૧ | ૪ | ૨ | ૩ |

### ગયા ગુરુવારના જવાબ

| A | B |
|---|---|
| तोंड | મોઢું |
| पोट | પેટ |
| बोट | આંગળી |
| कोपर | કોણી |
| गुडघ्या | ઘૂંટણ |

ગુજરાત મોરી મોરી રેઃ ભત્રીજી

ઓળખાણ પડી? યામિની કૃષ્ણમૂર્તિ

માઈન્ડ ગેમ : જેન ઓસ્ટીન

ચતુર આપો જવાબ માથું ખંજવાળો : કાશ

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) ડૉ. પ્રકાશ કટકિયા (૨) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૩) કિશોરકુમાર જીવણદાસ વેદ (૪) વિપીન શાહ (૫) નૂતન વિપીન શાહ (૬) મુલરાજ કપૂર (૭) ખુશરૂ કાપડિયા (૮) શ્રદ્ધા આશર (૯) ભારતી બુચ (૧૦) જયવંત પદમશી ચિખલ (૧૧) જ્યોતિ ખાંડવાલા (૧૨) કમલ માતલિયા (૧૩) મહેશ સંઘવી (૧૪) ભાવના કર્વે (૧૫) ભરત કજરિયા (૧૬) મનીષા શેઠ (૧૭) ફાલ્ગુની શેઠ (૧૮) નિખિલ બંગાળી (૧૯) અમીશી બંગાળી (૨૦) વિણા સંપટ (૨૧) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૨૨) દેવેન્દ્ર સંપટ (૨૩) અંજુ ટોલિયા (૨૪) નિતીન જયંતીલાલ બજરિયા (૨૫) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૨૬) પુષ્પા ખોના (૨૭) ડાયના સંતોકે (૨૮) પુષ્પા ખોના (૨૯) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૦) અલકા વાણી (૩૧) નયના ગિરીશ મિસ્ત્રી (૩૨) ડૉ. પ્રકાશ કટકિયા (૩૩) સુભાષ મોમાયા (૩૪) નીતા દેસાઈ (૩૫) પુષ્પા પટેલ (૩૬) હર્ષા મહેતા (૩૭) લજિતા ખોના (૩૮) પ્રવીણ વોરા (૩૯) મહેન્દ્ર લોઢાવિયા (૪૦) મહેશ દોશી (૪૧) જ્યોત્સના ગાંધી (૪૨) રમેશભાઈ દલાલ (૪૩) હિનાબેન દલાલ (૪૪) ઈનાક્ષીબેન દલાલ (૪૫) શીરીન ઔરંગાબાદવાલા (૪૬) તાહેર ઔરંગાબાદવાલા (૪૭) પ્રતિમા પમાણી (૪૮) ધીરેન્દ્ર મુલરાજ (૪૯) પ્રીતિબેન ઉદય શેઠ (૫૦) શ્રીમતી કુંદનબેન કાંતિલાલ મારુ (૫૧) વિરલભાઈ ઉદય શેઠ (૫૨) વત્સલભાઈ ઉદય શેઠ

# કચ્છની સદીઓ જૂની 'કોપર બેલ' કલાને મળ્યો જી.આઇ.ટેગ: વૈશ્વિક બજારમાં કચ્છી રણકાર ગુંજશે

(આપણા પ્રતિનિધિ તરફથી)

ભુજ: ભાતીગળ પ્રદેશ કચ્છની વિશ્વવિખ્યાત હસ્તકલાના ખજાનામાં વધુ એક કિંમતી રત્ન ઉમેરાયું છે. કચ્છની પરંપરાગત 'કોપર બેલ' હસ્તકલાને ભૌગોલિક ઓળખ એટલે કે જી.આઈ. ટેગ એટલે કે, જિઓગ્રાફિકલ ઈન્ડિકેશન ટેગ મળતા સ્થાનિક કારીગરોમાં હર્ષની હેલી જોવા મળી છે. આ વૈશ્વિક માન્યતાને કારણે હવે કચ્છી ઘંટડીઓ વિદેશી બજારોમાં પોતાની આગવી ઓળખ સાથે વેચાશે. કચ્છનું ઝુરા ગામ આ કલાનું મુખ્ય કેન્દ્ર છે. અહીંના કુશળ કારીગરો લોખંડના નકામા ભંગારને ટીપી-ટીપીને કલાત્મક ઘંટડીઓ તૈયાર કરે છે. ઘંટડીનું માળખું તૈયાર કર્યા બાદ તેના પર તાંબા કે પિત્તળનું પડ



ચઢાવવામાં આવે છે અને ત્યારબાદ તેને ભઠ્ઠીમાં તપાવી આખરી ઓપ અપાય છે. કોઈ પણ જાતની મશીનરી વિના કુશળ કારીગરો માત્ર પોતાની કોઠાસૂઝથી આ ઘંટડીઓમાં એવો મધુર રણકાર પેદા કરે છે જે આજે વિશ્વભરના સંગીત અને કલા પ્રેમીઓને મંત્રમુગ્ધ કરી રહ્યો છે. એક સમયે આ ઘંટડીઓનો ઉપયોગ માત્ર માલધારીઓ પોતાના પશુઓના ગળામાં બાંધવા માટે કરતા હતા, જેથી સીમમાં ચરતા પશુઓનું લોકેશન જાણી શકાય, પરંતુ આજે સમય બદલાયો છે. હવે ૧ થી ૧૪ નંબરની વિવિધ સાઈઝમાં ઉપલબ્ધ આ ઘંટડીઓ અમેરિકા અને બ્રિટન જેવા વિકસિત દેશોના આલીશાન ઘરોમાં ડેકોરેટિવ આઈટમ અને 'વિન્ડ ચાઈમ્સ' તરીકે શોભા વધારી રહી છે. જી.આઈ. ટેગ મળ્યા બાદ ૫૦૦થી વધુ નવી આધુનિક ડિઝાઈન્સની માગ વિદેશોમાં વધી છે. રાજ્ય સરકારની 'ગરવી ગુર્જરી' સંસ્થા, વર્કશોપ અને વિવિધ લોન યોજનાઓએ આ લુપ્ત થતી કલાને પુનર્જીવિત કરવામાં મહત્ત્વનો ફાળો આપ્યો છે. આ કલાને આંતરરાષ્ટ્રીય સ્તરે ઓળખ મળતા ગ્રામીણ અર્થતંત્રને વેગ મળ્યો છે અને નવી પેઢીના કારીગરો પણ આ વ્યવસાય તરફ આકર્ષાયા છે.

# વડા પ્રધાનની 'ઈંધણ બચત'ની હાકલ: ગુજરાત સરકાર એક્શન મોડમાં, વીવીઆઈપી કલ્ચર પર બ્રેક

(આપણા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વૈશ્વિક પરિસ્થિતિ અને આર્થિક સ્થિતિને ધ્યાનમાં રાખીને વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કરેલી 'ઈંધણ બચત' અને 'કરકસર'ની અપીલ અંગે ગુજરાત સરકારે મહત્ત્વપૂર્ણ નિર્ણય લીધો છે.

રાજ્યના મુખ્ય પ્રધાનથી લઈને પોલીસ વડા અને માહિતી આયોગ સુધીના તમામ વિભાગોએ ઈંધણના વપરાશમાં ધરખમ ઘટાડો કરવાનું શરૂ કરી દીધું છે. મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે અમરેલીના રાજુલા ખાતે એક કાર્યક્રમમાં માત્ર પાંચ ગાડીઓના કાફલા સાથે પહોંચીને સુરક્ષા પ્રોટોકોલમાં કાપ મૂક્યો હતો. આ તરફ આરોગ્ય રાજ્ય પ્રધાન પ્રફુલ પાનશેરીયાએ રાષ્ટ્રહિતમાં પોતાની સુરક્ષામાં રહેલી 'પાયલોટિંગ કાર'નો ઉપયોગ સદંતર બંધ કરવાનો પ્રેરણાદાયી નિર્ણય લીધો છે. જ્યારે નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવીએ વડા પ્રધાનની એક વર્ષ વિદેશ પ્રવાસ ટાળવાની અપીલને માન આપી પોતાનો આગામી અમેરિકા પ્રવાસ રદ કર્યો છે.

રાજ્ય પોલીસ વડા ડૉ. કેએલએન રાવે ઈંધણ બચાવવા માટે કડક સૂચનાઓ જારી કરી છે. તમામ ક્રાઈમ કોન્ફરન્સ અને મીટિંગો ફરજિયાત વીડિયો કોન્ફરન્સથી જ થશે. પાયલોટિંગ અને એસ્કોર્ટ સુવિધા માત્ર નિયત પાત્રતા ધરાવતા મહાનુભાવોને જ મળશે. કોર્ટની કામગીરી અને જુબાની માટે રૂબરૂ જવાને બદલે ઓનલાઈન માધ્યમનો ઉપયોગ કરાશે. બંદોબસ્ત માટે સ્ટાફને લાવવા-લઈ જવા એક જ વાહન કે પબ્લિક ટ્રાન્સપોર્ટનો ઉપયોગ કરવા જણાવાયું છે. તપાસ અને સુપરવિઝન હેઠળની ચર્ચાઓ માટે પણ તપાસ અધિકારી અને સુપરવિઝન અધિકારી વચ્ચેની બેઠકો ટેલિફોનિક માધ્યમથી જ પૂર્ણ કરવા સૂચના અપાઈ છે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીની ઈંધણ બચતની અપીલ અન્વયે ગુજરાત માહિતી આયોગના રાજ્ય માહિતી કમિશનરો દ્વારા કાર પુલિંગનો અમલ શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ કાર પુલિંગના પરિણામે આયોગ દ્વારા થતા કાર ફ્યુઅલના વપરાશમાં ૩૫ ટકા કે તેથી વધુ ગણનાપાત્ર ઘટાડો કરવાનો આયોગ દ્વારા લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે.

# અમદાવાદીઓએ હવે ચાર કચરાપેટી રાખવી પડશે: મનપાનો નવો નિયમ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: મોટાભાગનાં શહેરોમાં નાગરિકોએ સૂકો અને લીલો એમ બે કચરા અલગ અલગ એકઠા કરવાના હોય છે, પરંતુ અમદાવાદ મનપાએ હવે બે ને બદલે ચાર સેગ્રેગેશનની માર્ગદર્શિકા બહાર પાડી છે, આથી નાગરિકોએ હવે ચાર કચરાપેટી રાખી તેમાં અલગ અલગ કચરો એકઠો કરવાનો રહેશે.

શહેરને વધુ સ્વચ્છ બનાવવા અને કચરાના વૈજ્ઞાનિક નિકાલ માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા નવી અને કડક માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી હતી. ભારત સરકારના પર્યાવરણ વિભાગ અને સુપ્રીમ કોર્ટના નિર્દેશો હેઠળ હવે શહેરના તમામ રહેણાક અને વ્યાવસાયિક એકમો માટે કચરાનું વર્ગીકરણ કરવું અનિવાર્ય છે.

નવી ગાઈડલાઈન મુજબ, હવે ડોર-ટુ-ડોર કલેક્શન વાહનોને કચરો આપતી વખતે તેને ચાર ભાગમાં વહેંચવો પડશે. જેમાં (૧) ભીનો કચરો: રસોડાનો કચરો, ફળ અને શાકભાજી (૨) સૂકો કચરો: કાગળ, પ્લાસ્ટિક, કાચ અને ધાતુની વસ્તુઓ (૩) સેનિટરી કચરો: ડાયપર અને સેનિટરી પેડ્સ (જેને પેપર કે બેગમાં પેક કરીને અલગ આપવાના રહેશે) અને (૪) વિશેષ કચરો: જોખમી ઘરગથ્થુ કચરામાં વર્ગીકૃત કરીને આપવા પડશે.

મનપાના સૂત્રોએ સ્પષ્ટ કર્યું છે કે કચરો શેરીઓમાં, ખુલ્લી જગ્યાઓમાં, ગટરમાં કે જળાશયોમાં ફેંકવો, બાળવો કે દાટવો એ હવે કાનૂની ગુનો ગણાશે. જો કોઈ પણ એકમ કચરાનું યોગ્ય સેગ્રીગેશન નહીં કરે, તો તેને સુપ્રીમ કોર્ટના આદેશની અવમાનના ગણી સોલિડ વેસ્ટ મેનેજમેન્ટના કાયદા હેઠળ કડક દંડ ફટકારવામાં આવશે. મોટી સંસ્થાઓ અને રહેણાંક એકમો માટે કોર્પોરેશને વિશેષ કડક જોગવાઈઓ કરી છે. જે એકમોનું ક્ષેત્રફળ ૨૦,૦૦૦ ચો.મી.થી વધુ હોય, દૈનિક પાણીનો વપરાશ ૪૦,૦૦૦ લિટરથી વધુ હોય અથવા રોજનો ૧૦૦ કિલોથી વધુ કચરો પેદા થતો હોય તથા હોટલ, રેસ્ટોરન્ટ, શોપિંગ મોલ્સ, મોટી શૈક્ષણિક સંસ્થાઓ, સરકારી કચેરીઓ અને મોટા એપાર્ટમેન્ટ્સે આનું ફરજિયાત પાલન કરવું પડશે, તેવી માહિતી પણ સૂત્રોએ આપી હતી.

# ગુજરાત પોલીસ માટે ડીજીપીનો કડક આદેશ, આરોપીઓના જાહેરમાં વરઘોડા કાઢવા પર પ્રતિબંધ

(આપણા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત પોલીસ માટે રાજ્યના ડીજીપી દ્વારા કડક લેખિત આદેશ જાહેર કરવામાં આવ્યો હતો. જેમાં કોઈ પણ ગુનાના આરોપી સાથે ગેરવર્તન કરવા તેનું જાહેરમાં પરેડ એટલે વરઘોડા કાઢવામાં ના આવે તેવો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. હવે કોઈ આરોપીનું સરઘસ કાઢવામાં આવશે કે પછી તેની સાથે અપમાનજનક વર્તન કરવામાં આવશે તો તે પોલીસ કર્મચારી સામે કડક કાર્યવાહી કરવામાં આવશે તેવો આદેશ રાજ્યના ડીજીપી દ્વારા આપવામાં આવ્યો હતો.

લેખિત આદેશમાં સ્પષ્ટપણે લખવામાં આવ્યું હતું કે, આરોપી ભલે ગંભીર ગુનામાં સંડોવાયેલ હોય તો પણ તેની સાથે કાયદાની મર્યાદામાં રહીને જ વ્યવહાર કરવાનો રહેશે. આરોપીનું આત્મસન્માન જળવાય અને માનવ અધિકારોનું ઉલ્લંઘન ન થાય તે માટે રાજ્યભરની પોલીસને તકેદારી રાખવાની રહેશે. એટલું જ નહીં પરંતુ આરોપીને જ્યારે મેજિસ્ટ્રેટ સામે રજૂ કરવામાં આવે ત્યારે પણ તેની સુરક્ષાનું ખાસ ધ્યાન રાખવાનું રહેશે.

ડીજીપીના આદેશમાં આરોપીઓની જાહેરમાં પરેડની કાઢવા, જાહેરામાં ઉઠક-બેઠક કરાવવા, ઘૂંટણિયે ચલાવવા, લાત કે લાકડીથી માર મારવા, હાથ જોડીને માફી મગાવવી, કે પછી કાન પકડાવવા પર પ્રતિબંધ મૂકી દેવામાં આવ્યો છે. આરોપીઓનું આત્મસન્માન જળવાઈ તેવી રીતે તેની સાથે વ્યવહાર કરવાનો રહેશે. જો કોઈ ગુનેગાર રીઢો હોય તો જ તેને હાથકડી પહેરવવામાં આવશે બાકી હાથકડી પણ ના પહેરાવી તેવો આદેશ આપવામાં આવ્યો હતો.

# રાજકોટ-જેતપુર હાઈવેને સિક્સ-લેન બનાવવાનો પ્રોજેક્ટ ફરી વિલંબમાં

અમદાવાદ: જેતપુર અને રાજકોટ વચ્ચે મુસાફરી કરતા વાહનચાલકોએ હજુ દોઢેક વર્ષ માટે સિક્સ લેન હાઈ વેની રાહ જોવી પડશે, કારણ કે આ પ્રોજેક્ટની નવી ડેડલાઈન હવે જૂન-૨૦૨૭ જાહેર કરવામાં આવી છે. જેતપુર-રાજકોટ સિક્સ-લેન હાઈવે પ્રોજેક્ટનું ખાતમુહૂર્ત સપ્ટેમ્બર ૨૦૨૨માં જેતપુરના ધારેશ્વર ખાતે કરવામાં આવ્યું હતું. તે સમયે, નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયાએ જાહેરાત કરી હતી કે આ પ્રોજેક્ટ બે વર્ષમાં પૂર્ણ થઈ જશે. જોકે, લગભગ ચાર વર્ષ વીતી ગયાં હોવા છતાં, ઓથોરિટીએ હવે જણાવ્યું છે કે રોડનું કામ પૂર્ણ કરવા માટે હજુ બીજાં દોઢ વર્ષનો સમય લાગશે, તેવી માહિતી અહેવાલોને આધારે મળી હતી. તાજેતરમાં રાજકોટ નજીક કોર્ટ ચોક ખાતે એલિવેટેડ ઓવરપાસ માટે મંજૂરી મળતા આ વિલંબ થયો છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે, રાજકોટ-જેતપુર સિક્સ-લેન રોડ, જે અગાઉ ૨૮ ઓવરપાસ સાથે જાન્યુઆરી ૨૦૨૭ સુધીમાં શરૂ થવાની અપેક્ષા હતી, તે હવે જૂન ૨૦૨૭ સુધીમાં કાર્યરત થશે. વધારાના ઓવરપાસને કારણે પ્રોજેક્ટના કુલ ખર્ચમાં પણ નોંધપાત્ર વધારો થવાની શક્યતા છે. પ્રોજેક્ટની વિગતો મુજબ, ૬૭ કિમીના માર્ગ પર ૨૮ નાના-મોટા પુલો બનાવવામાં આવી રહ્યા છે. અત્યાર સુધીમાં ૧૪ પુલો પૂર્ણ થઈ ગયા છે અને વાહનવ્યવહાર માટે ખોલી દેવામાં આવ્યા છે, જ્યારે બાકીના સ્ટ્રક્ચર જાન્યુઆરી ૨૦૨૭ સુધીમાં તૈયાર થવાની ધારણા છે. મુસાફરોએ લાંબા વિલંબ અને રસ્તાની ખરાબ હાલત અંગે ભારે નારાજગી વ્યક્ત કરી રહ્યા છે. વાહનચાલકોએ જણાવ્યું હતું કે, જેતપુર અને રાજકોટ વચ્ચેની મુસાફરી જે અગાઉના ફોર-લેન રોડ પર લગભગ દોઢ કલાક લેતી હતી, તે હવે ચાલુ બાંધકામ, ટ્રાફિક જામ અને ડાયવર્ઝનને કારણે ૩ થી ૪ કલાક જેટલો સમય લે છે. ચાલકોએ એવી પણ ફરિયાદ કરી હતી કે તૂટેલા રસ્તાઓ, પુષ્કળ ધૂળ અને વારંવારના ટ્રાફિક જામ છતાં, ૩૫ કિમીના અંતરમાં આવેલા બે ટોલ પ્લાઝા પર ટોલ ટેક્સની વસૂલાત ચાલુ જ છે.

# ૮૦ લાખની ચાંદી લઈ ભુજની આંગડિયા પેઢીનો કર્મચારી રફૂચક્કર

ભુજ: અમદાવાદથી ભુજ તરફ અંદાજે ૮૦ લાખ રૂપિયાની ચાંદી લઈને નીકળેલો આંગડિયા પેઢીનો એક કર્મચારી રસ્તામાં જ કિંમતી માલસામાન સાથે ફરાર થઈ જતાં ખળભળાટ મચી ગયો હતો. આ મામલે અમદાવાદના કાલુપુર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાતા પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા. 'એચ. પ્રવીણ' નામની જાણીતી આંગડિયા પેઢીનો એક કર્મચારી ત્રણ દિવસ પહેલા અમદાવાદથી ભુજના વેપારીઓને ડિલિવરી આપવા માટે અંદાજે ૮૦ લાખની ચાંદી લઈને નીકળ્યો હતો. સામાન્ય રીતે આંગડિયાના કર્મચારીઓ સુરક્ષાના કારણોસર મુસાફરી દરમિયાન બસ અને રૂટ બદલતા રહેતા હોય છે, પરંતુ આ કર્મચારી નિયત સમયે ભુજ ન પહોંચતા અને તેનો સંપર્ક ન થતાં પેઢી દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી. અંતે કર્મચારી ચાંદી લઈને ફરાર થઈ ગયો હોવાનું જણાતા પોલીસ ફરિયાદ કરવામાં આવી હતી. આ ઘટનાએ આંગડિયા વ્યવસાયની કાર્યપદ્ધતિ અને સુરક્ષાવ્યવસ્થા પર અનેક સવાલો ઊભા કર્યા છે. હાલમાં અમદાવાદ અને કચ્છ પોલીસ સંયુક્ત રીતે આ ફરાર કર્મચારીને ઝડપી પાડવા અને ૮૦ લાખની ચાંદી રિકવર કરવા માટે તપાસ ચલાવી રહી છે.

# બનાસકાંઠા અને વાવ-થરાદમાં શિક્ષણના પાયા હચમચ્યા: ૩૭ હજાર વિદ્યાર્થીએ અધવચ્ચે અભ્યાસ છોડ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ઉત્તર ગુજરાતમાં વાવ-થરાદ અને બનાસકાંઠા જિલ્લામાં શિક્ષણના પાયા ડગમગી રહ્યાં હોય તેવું લાગી રહ્યું છે. ધોરણ ૧૦ અને ૧૨ની આ બોર્ડની પરીક્ષામાં બનાસકાંઠા જિલ્લાએ ખૂબ જ સારું પ્રદર્શન કર્યું છે છતાં પણ શિક્ષણ અંગે સવાલો થઈ રહ્યાં છે. આ જિલ્લામાં ધોરણ ૧થી લઈને ૧૨ સુધીના આશરે ૩૭,૪૧૫ જેટલા વિદ્યાર્થીએ અદ્ધવચ્ચે જ શાળા છોડી દીધી હોવાનો ચોંકાવનારો આંકડો પ્રકાશમાં આવ્યો છે. સૂત્રોના જણાવ્યાં પ્રમાણે આ બાળકોએ ખાસ કરીને પરિવારની આર્થિક સ્થિતિ, જાગૃતિનો અભાવને કારણે શિક્ષણ છોડ્યું છે, જ્યારે છોકરીઓની સુરક્ષાનું કારણ પણ મહત્ત્વનું હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

વાવ-થરાદ અને બનાસકાંઠામાં ડ્રોપઆઉટ રેશિયોની મળતી વિગતો અનુસાર ડિસા તાલુકામાંથી ૫,૫૬૩, ધાનેરા તાલુકામાંથી ૩,૧૧૬, પાલનપુર તાલુકામાંથી ૪,૬૯૮, કાંકરેજ તાલુકામાંથી ૩,૦૭૨, દાંતા તાલુકામાંથી ૩,૮૧૬, વડગામ તાલુકામાંથી ૨,૧૮૬, થરાદ તાલુકામાંથી ૩,૫૬૫ અને અમીરગઢ તાલુકામાંથી ૧,૯૩૫ વિદ્યાર્થીઓએ અદ્ધવચ્ચે જ અભ્યાસ છોડી દીધો છે.

આટલા વિદ્યાર્થીઓએ અદ્ધવચ્ચે શાળા છોડી તેના કારણે જિલ્લા શિક્ષણ વિભાગ સક્રિય થયું અને 'બેક ટુ સ્કૂલ' મિશન શરૂ કર્યું છે. જેમાં હવે જે વિદ્યાર્થીઓએ અભ્યાસ છોડી દીધો હતો તેમને ફરી શાળામાં પ્રવેશ અપાવવા માટે પ્રયાસ શરૂ કરવામાં આવી રહ્યો છે. ૩૨,૦૭૮ જેટલા વિદ્યાર્થીઓનું વેરિફિકેશન કરવામાં આવ્યું તેમના વાલીઓ સાથે વાતચીત શરૂ કરવામાં આવી છે. આ મિશનના કારણે કેટલા વિદ્યાર્થીઓ ફરી શાળામાં આવશે તે જોવાનું રહેશે.

# નીરમા કંપનીના એમડીના હેલિકૉપ્ટરની ઈમરર્જન્સી લેન્ડિંગ થતાં દુર્ઘટના ટળી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં નવસારીમાં એક મોટી દુર્ઘટના ટળી હતી. નીરમા કંપનીના મેનેજિંગ ડિરેક્ટર (એમડી) હિરેન પટેલ સહિત પાંચ લોકોને લઈ જઈ રહેલા હેલિકૉપ્ટરમાં અચાનક ખામી સર્જાતા થોડી ક્ષણો માટે ગભરાટ ફેલાયો હતો, પરંતુ પાયલટ્સની સતર્કતાને લીધે હેલિકૉપ્ટરનું ઈમરજન્સી લેન્ડિંગ થયું હતું અને તમામ લોકો સુરક્ષિત હોવાની માહિતી સૂત્રોએ આપી હતી.

આ ઘટના અંગે મળતી માહિતી અનુસાર હેલિકૉપ્ટર અમદાવાદથી સુરત અને ત્યારબાદ સુરતથી મુંબઈ જવા નીકળ્યું હતું. દરમિયાન નવસારી પાસે હવામાં હેલિકૉપ્ટરમાં અચાનક કોઈ યાંત્રિક ખામી સર્જાઈ હતી. ખામી સર્જાતા હેલિકૉપ્ટરમાં બેસેલા લોકોનો જીવ અધ્ધર થયો હતો. આ સમયે કેપ્ટન કરણસિંહ દહિયા અને કુલદીપ મહેતાએ સમયસૂચકતા વાપરી મગોબ બાઠા ગામ પાસે એક ખુલ્લા મેદાનમાં હેલિકૉપ્ટર લેન્ડ કર્યું હતું. માનવવસ્તીથી દૂર લેન્ડિંગ કરી તેમણે સંભવિત જાનહાનિ ટાળી હતી. જોકે હેલિકૉપ્ટર લેન્ડ થતાં આસપાસના લોકો ઊમટી પડ્યા હતા. હાલમાં હેલિકૉપ્ટરની તપાસ ચાલી રહી હોવાની માહિતી સૂત્રોએ આપી હતી.

# મહેસાણા-રાજસ્થાન હાઈવે પર બસ ડિવાઈડર કૂદી ટ્રક સાથે અથડાતા ત્રણનાં મોત, ૧૩ ઈજાગ્રસ્ત

અમદાવાદ: મહેસાણા-રાજસ્થાન હાઈવે પર મોટી દાઉ ગામ પાસે મોડી રાત્રે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. પૂરપાટ ઝડપે જતી એક લક્ઝરી બસના ચાલકે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવતા બસ ડિવાઈડર કૂદીને સામેની સાઈડ રોંગ સાઈડમાં ધસી ગઈ હતી અને ટ્રક સાથે ધડાકાભેર અથડાઈ હતી. આ ટક્કરમાં બે વ્યક્તિઓનાં ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નીપજ્યાં હતાં, જ્યારે ૧૩ મુસાફર લોહીલુહાણ થતા તેમને સારવાર અર્થે હૉસ્પિટલ ખસેડાયા હતા. આ દુર્ઘટના રાત્રિના આશરે ત્રણ વાગ્યાની આસપાસ બની હતી. વડોદરાના રાજપીપળાથી કેળા ભરીને એક ટ્રક રાજસ્થાનના જોધપુર તરફ જઈ રહી હતી. તે જ સમયે અમદાવાદ તરફ જઈ રહેલી લક્ઝરી બસ અચાનક ડિવાઈડર કૂદીને ટ્રકની લેનમાં આવી ગઈ હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે ટ્રક સાથે અથડાયા બાદ બસ સીધી રોડની સાઈડમાં આવેલી ઝાડીઓમાં ઘૂસી ગઈ હતી. અંધારી રાતે મુસાફરોની ચીસિયારીઓથી હાઈવે પર સંભાળાઈ હતી. અકસ્માતમાંથી બચેલા ટ્રકચાલક તુલસીરામે જણાવ્યું હતું કે બસના ડ્રાઈવરને ઝોકું આવી ગયું હોય તેમ લાગતું હતું. અચાનકથી આવી ગયેલી બસ જોઈ મેં ટ્રકને સાઈડમાં લેવાની કોશિશ કરી હતી, છતાં પાછળના ભાગે ટક્કર લાગી હતી. અકસ્માતની જાણ થતા જ સ્થાનિક પોલીસ ઘટનાસ્થળે દોડી આવી હતી. બસની બારીઓ તોડીને અંદર ફસાયેલા મુસાફરોને ભારે જહેમત બાદ બહાર કાઢ્યા અને સારવાર માટે હૉસ્પિટલ ખસેડ્યા હતાં. અકસ્માતને કારણે હાઈવે પર કલાકો સુધી ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી. પોલીસે બંને મૃતકોના શબને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપી અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી દીધી હતી.

# ત્રણ વખત તલાક બોલી પત્નીને આપ્યા છૂટાછેડા, કોર્ટે પતિને એક વર્ષની જેલની સજા ફટકારી

(આપણા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: મહેસાણા જ્યુડિશિયલ કોર્ટ દ્વારા એક મોટો ચુકાદો આપવામાં આવ્યો હતો. મહિલાઓના રક્ષણ અને અધિકાર માટે મહેસાણા જ્યુડિશિયલ કોર્ટે આ મહત્ત્વપૂર્ણ નિર્ણય લીધો હતો. પત્નીને ગેરકાયદે ત્રિપલ તલાક આપી તરછોડી દેવાના કેસમાં આરોપી પતિ ઇમરાન મન્સૂરીને દોષિત ઠેરવીને કોર્ટે એક વર્ષની સજા સંભળાવી હતી. એક વર્ષની જેલની સજા સાથે રૂપિયા ૧૦ હજારનો દંડ પણ ફટકારવામાં આવ્યો હતો. જો કોર્ટના ચુકાદાનો અનાદર કરવામાં આવશે અને દંડ નહીં ભરે તો વધુ બે મહિનાની જેલની સજા કરવામાં આવશે. વર્ષ ૨૦૨૪માં નોંધાયેલા આ કેસમાં પતિ ઇમરાન મન્સૂરીએ તેની પત્ની રિઝવાનાબાનુ સાથે મારપીટ કરી, માનસિક ત્રાસ આપ્યો અને પછી બે બાળકો સાથે ઘરેથી કાઢી મુકી હતી. પત્નીને કાઢી મૂક્યા બાદ કાયદાનું ઉલ્લંઘન કરીને ત્રિપલ તલાક પણ આપ્યાં હતા . જેથી આ મામલે પીડિત પત્નીએ પતિ સામે મહેસાણા મહિલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવીને હિંમત દેખાડી હતી. મુસ્લિમ મહિલા અધિનિયમ હેઠળ ત્રિપલ તલાક આપવો એ ગંભીર ગુનો હોવાના કારણે કોર્ટે અરજદારની દલીલો સ્વીકારી અને પતિને દોષિત માની સજા ફટકારી હતી.

# અમદાવાદના જ્વેલરી શોરૂમમાં મહિલા કર્મચારીએ દોઢ કરોડના દાગીના ચોર્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરના નિકોલ વિસ્તારમાં આવેલા એક નામાંકિત જ્વેલરી શોરૂમમાં ચોરીની એક ચોંકાવનારી ઘટના સામે આવી હતી. શોરૂમમાં કામ કરતી એક મહિલા કર્મચારીએ અંદાજે ૧.૬૬ કરોડ રૂપિયાથી વધુની કિંમતના સોનાના દાગીનાની ચોરી કરી હતી. આ સમગ્ર ઘટના શોરૂમમાં લાગેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ હતી. નિકોલનામાં આવેલા પ્રખ્યાત જ્વેલર્સ શોપના માલિકે આ અંગે ફરિયાદ નોંધાવી હતી

સૂત્રોના જણાવ્યા અનુસાર તારીખ ૧૧ મે, ૨૦૨૬ના રોજ સાંજે જ્યારે એક ગ્રાહકને દાગીના બતાવવામાં આવી રહ્યા હતા, ત્યારે સ્ટાફના સભ્યનું ધ્યાન ગયું કે ટ્રેમાંથી એક સોનાની લગડી ગુમ છે. આ બાબતે તપાસ કરતા માર્કેટિંગ અને સેલ્સ વિભાગમાં કામ કરતી હર્ષિદાબેન શેટ્ટી શોરૂમમાં હાજર ન હોવાનું જણાયું હતું. તે કોઈને કહ્યા વગર ઇમરજન્સી કામનું બહાનું કાઢીને નીકળી ગઈ હતી. શંકા જતાં જ્યારે સીસીટીવી ફૂટેજ ચેક કરવામાં આવ્યા ત્યારે માલિક પણ દંગ રહી ગયા હતા.

સીસીટીવી વીડિયોમાં હર્ષિદાબેન અન્ય કર્મચારીઓ સાથે સામાન્ય રીતે વાતો કરી રહી હતી અને વાતોની વચ્ચે જ તે તક મળતા કબાટમાંથી સોનાના દાગીના કાઢીને પોતાના કોટના ખિસ્સામાં અને બેગમાં મૂકી રહી છે. તેની આ ચાલાકી બાજુમાં ઉભેલા અન્ય કર્મચારીઓને પણ ખબર પડી નહોતી.

# ગુજરાતમાં નવા લોકાયુક્ત નિમાયા, ગુજરાતમાં ૭૨ આઈએએસ અધિકારીની બદલી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં વહીવટી સ્તરે બે મુખ્ય ઘટના ઘટી હતી. રાજ્યમાં નવા લોકાયુક્તની નિયુક્તિ થઈ હતી તેમ જ એક સાથે ૭૨ આઈએએસ અધિકારીની બદલી સરકારે કરી હતી. ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે બુધવારે ગાંધીનગર સ્થિત લોકભવન ખાતે સેવાનિવૃત્ત ન્યાયમૂર્તિ બિરેન વૈષ્ણવને ગુજરાત રાજ્યના લોકાયુક્ત તરીકેના શપથ લેવડાવ્યા હતા. મુખ્ય પ્રધાન ભૂપેન્દ્રભાઈ પટેલ, વિધાનસભા અધ્યક્ષ શંકરભાઈ ચૌધરી તથા નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવીની ગરિમામય ઉપસ્થિતિમાં લોકભવન ખાતે શપથવિધિ યોજાઈ હતી. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પૂરી થયા બાદ રાજ્યમાં ફરી બદલીનો દોર શરૂ થયો છે. ૭૨ આઈએએસ અધિકારીઓની બદલી કરવામાં આવી છે. રાજ્યના મહેસૂલ અને વહીવટી માળખાને વેગ આપવા માટે એકસાથે ૭૨ આઈએએસ અધિકારીઓની બદલી અને નિમણૂકના આદેશ જાહેર કરવામાં આવ્યા છે. આ બદલીઓમાં અનેક જિલ્લાના કલેક્ટરો, મ્યુનિસિપલ કમિશનરો અને જિલ્લા વિકાસ અધિકારીઓનો સમાવેશ થાય છે. ભવ્ય વર્માને અમદાવાદના નવા કલેક્ટર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. જે.એસ. પ્રજાપતિને ગાંધીનગરના મ્યુનિસિપલ કમિશનર તરીકે નિયુક્ત કરાયા છે. કચ્છના કલેક્ટર આનંદ બાબુલાલ પટેલની બદલી કમિશનર ઓફ સ્કૂલ્સ, ગાંધીનગર તરીકે કરવામાં આવી છે. ડૉ. વિપિન ગર્ગ હવે ગુજરાત ટુરીઝમ કોર્પોરેશનના એમડી તરીકે સેવા આપશે. અમદાવાદના કલેક્ટર સુજીત કુમારને સ્પેશિયલ કમિશનર (સ્ટેટ ટેક્સ), અમદાવાદ તરીકે મૂકવામાં આવ્યા છે. આદિજાતિ વિસ્તારોમાં પણ નવા પ્રોજેક્ટ એડમિનિસ્ટ્રેટરોની નિમણૂક થઈ છે, જેમાં વંદના મીના (મહીસાગર), રાજેશ કુમાર મૌર્ય (સોનગઢ), અને પ્રતીક જૈન (દાહોદ) નો સમાવેશ થાય છે. રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલા આ વ્યાપક ફેરફારો પાછળનો મુખ્ય હેતુ વહીવટી કામગીરીમાં પારદર્શિતા લાવવા અને સરકારી યોજનાઓનું અમલીકરણ જિલ્લા સ્તરે વધુ અસરકારક બનાવવાનો છે.

# સુરતની ફેક્ટરીઓમાં કામ કરતા ૯૧ બાળમજૂરને મુક્ત કરાયા

અમદાવાદ: ટેક્સટાઈલ્સ અને ડાયમન્ડ માટે જાણીતા એવા સુરત શહેરમાં બાળમજૂરીનું એક મોટું નેટવર્ક ઝડપાયું હતું. રાજસ્થાનના ઉદયપુરના ૯૧બાળમજૂર અહીં મજૂરી કરતા હોવાનું ખૂલ્યું હતું. બાળકો માટે કામ કરતી સંસ્થા, ઉદયપુરની માનવ તસ્કરી વિરોધી યુનિટ અને રાજ્ય બાળમજૂર આયોગની ટીમે બુધવારે એક જોઈન્ટ મેગા ઑપરેશનમાં અહીંની અલગ અલગ ફેક્ટરીમાં કામ કરતા ૯૧ જેટલા બાળમજૂરને રેસ્કયૂ કર્યા હતા. મોટાભાગના બાળકો ઉદયપુર જિલ્લામાં આવેલા ગામડામાં રહેતા આદિવાસી પરિવારોમાંથી આવતા હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યું હતું. આ સાથે અન્ય ત્રણ રાજ્યમાંથી પણ બાળકો અહીં લાવવામાં આવ્યા હતા. જોકે રેડ દરમિયાન એજન્ટો અને તેમને કામ પર રાખનારા યુનિટના માલિકો નાસી છૂટ્યા હોવાની માહિતી સૂત્રોએ આપી હતી. લગભગ એક મહિનાથી આ રેકેટ પર નજર રાખી રહેલી રાજસ્થાન પોલીસના ૨૦ કરતા વધારે સભ્યએ સુરતના પુણા પોલીસ સ્ટેશનના અધિકારીઓની મદદથી આ બાળકોને છોડાવ્યા હતા. મોટાભાગના બાળકો અહીંના ટેક્સટાઈલ્સ યુનિટ્સમાં સાડીના દોરા કાપવાનું કામ કરતા હતા. લગભગ ૭થી ૧૪ વર્ષ વચ્ચેના બાળકોને મહિને માત્ર ૫૦૦૦થી ૭૦૦૦ રૂપિયા જેટલું વેતન મળતું હોવાનું પણ જાણવા મળ્યું હતું. આ બાળકો સ્કૂલ ડ્રોપ આઉટ હોવાનું પણ જાણવા મળ્યું હતું. ગરીબ પરિવારોના બાળકોને અહીં લાવી કામ કરાવનારા એજન્ટો હવે પોલીસની રડાર પર છે. પોલીસ આગળની તપાસ હાથ ધરી રહી છે.

# મારી ટીમ વિશે ખોટી વાતો ન ફેલાવો, દરેક વ્યક્તિ પોતાની જવાબદારી સમજેઃ પ્રીટિ ઝિન્ટા

ધરમશાલાઃ આ વખતની આઇપીએલની શરૂઆતમાં સતત સાત મૅચ જીતીને ઘણા સમય સુધી નંબર-વન પર રહેનાર પંજાબે સોમવારે અહીં સતત ચોથી હાર જોવી પડી એને પગલે અખબારી માધ્યમોમાં તેમ જ ખાસ કરીને સોશ્યલ મીડિયામાં પંજાબની ટીમની ટીકા જે રીતે કરવામાં આવી છે અને ટીમની કેટલીક કચાશ તરફ આંગળી ચીંધવામાં આવી એને પગલે ટીમની માલિક પ્રીટિ ઝિન્ટા ગુસ્સે થઈ છે અને પોતાની ટીમ વિશે ખોટી વાતો ફેલાવનારાઓને ચેતવ્યા છે અને સચોટ માહિતી જ લોકો સુધી પહોંચાડવા સતર્ક કર્યા છે.

પંજાબની ટીમમાં ગેરશિસ્ત છે, ખેલાડીઓ મેદાન પર હોય કે મેદાનની બહાર તેમનામાં શિસ્તનો અભાવ જોવા મળ્યો છે એવી વાતો વાઇરલ થતાં પ્રીટિ ઝિન્ટા ઉશ્કેરાઈ છે. તેણે 'એક્સ' પર પોતાના હૅન્ડલ પર જણાવ્યું છે કે 'કોઈની ટીકા કરવી અને ઇરાદાપૂર્વક (લક્ષ્યાંક બનાવીને) વખોડવું એ બન્ને વચ્ચે મોટો ફરક છે. રમતમાં જો યોગ્ય કારણો અને પુરાવા સાથે ચર્ચા થાય તો ચાલે, પણ કોઈ વ્યક્તિ કે ટીમ કે બ્રૅન્ડને નુકસાન કરવાના ઇરાદાથી જાણી જોઈને ખોટા નૅરેટિવ ફેલાવવામાં આવે એને જરાય હળવાશથી ન લેવાય. હું ભરોસાપાત્ર માધ્યમો અને મીડિયા પ્રોફેશનલો સહિત દરેકને વિનંતી કરું છું કે ખોટી અને ઉપજાવી કાઢેલી વાતો બીજા લોકો સુધી પહોંચાડતાં પહેલાં પોતાની જવાબદારી શું છે એ સમજી રાખજો.'





### અક્ષર-મિલરની ૬૪ રનની ભાગીદારી

સોમવારે ધરમશાલામાં પંજાબે પાંચ વિકેટે ૨૧૦ રન બનાવ્યા પછી દિલ્હીએ કૅપ્ટન અક્ષર પટેલના ૫૬ રન, ડેવિડ મિલરના ૫૧ રન, આશુતોષ શર્માના ૨૪ રન, નવા ખેલાડી માધવ તિવારીના અણનમ ૧૮ તેમ જ આકિબ નબીના અણનમ ૧૦ રનની મદદથી ૧૯ ઓવરમાં સાત વિકેટે ૨૧૬ રન બનાવીને વિજય મેળવી લીધો હતો. અક્ષર-મિલર વચ્ચે ૬૪ રનની ભાગીદારી થઈ હતી જે પંજાબને નડી હતી. એ મૅચમાં પંજાબના કૅપ્ટન શ્રેયસ ઐયરે મુખ્ય સ્પિનર અને આઇપીએલના ઇતિહાસમાં સૌથી વધુ વિકેટ લેનાર યુઝવેન્દ્ર ચહલને બોલિંગ જ નહોતી આપી. જોકે પંજાબના પાંચ-પાંચ બોલર પણ દિલ્હીને લક્ષ્યાંક મેળવતા નહોતા રોકી શક્યા અને પંજાબે સતત ચોથી હાર જોવી પડી હતી. પંજાબના ફ્રૅન્ચાઇઝીએ 'એક્સ' પર એક પોસ્ટમાં જણાવ્યું છે, 'રમતગમતમાં ટીકા તો થાય અને મસ્તીમજાક પણ થતી રહે. મંતવ્યો પણ ખેલકૂદનો એક હિસ્સો જ ગણાય, પરંતુ હલકી પબ્લિસિટી મેળવવા ખોટી સ્ટોરીઓ બનાવીને ચગાવવી એ જરાય ન સાંખી લેવાય. અમે દરેકને વિનંતી કરીએ છીએ કે કોઈ પણ વાતને (સાચી છે કે ખોટી એ) ચકાસ્યા વિના ન ફેલાવો.'

### ચહલને કેમ બોલિંગ નહોતી અપાઈ

સોમવારે ધરમશાલામાં પંજાબનો દિલ્હી સામે ત્રણ વિકેટે જે મૅચમાં પરાજય થયો એમાં પંજાબના કૅપ્ટન શ્રેયસ ઐયરે ટીમના મુખ્ય સ્પિનર અને આઇપીએલના ઇતિહાસમાં સૌથી વધુ ૨૨૯ વિકેટ લઈ ચૂકેલા યુઝવેન્દ્ર ચહલને એક પણ ઓવર બોલિંગ નહોતી આપી અને એ મુદ્દો થોડો ચર્ચાસ્પદ થતાં પંજાબના સ્પિન-બોલિંગ કોચ સાઇરાજ બહુતુલેએ પત્રકારોને કહ્યું કે 'ટાઇમ-આઉટ વખતે અમે ચર્ચા કરી જ હતી કે સ્પિનર્સને બોલિંગ આપવી જોઈએ. જોકે બૉલ ઘણો સીમ થતો હતો અને ફાસ્ટ બોલર્સને પિચ પર ઘણી મદદ મળી રહી હતી એટલે અમે ફાસ્ટ બોલર્સને જ બોલિંગ આપતા રહેવાનું નક્કી કર્યું હતું. દિલ્હીની એક મોટી ભાગીદારી અમને નડી ગઈ હતી.' ■

# રાયપુરમાં રઘુવંશીની બોલબાલાઃ કોલકાતાને મુશ્કેલીમાંથી બચાવ્યું

રાયપુરઃ છત્તીસગઢના રાયપુર શહેરમાં બુધવારે ડિફેન્ડિંગ ચૅમ્પિયન બેંગ્લૂરુએ બૅટિંગ આપ્યા બાદ કોલકાતાએ નબળી શરૂઆત બાદ ટોટલ છેવટે ૨૦૦ રનની નજીક પહોંચાડવામાં સફળતા મેળવી હતી. ૨૦ ઓવરમાં કોલકાતાએ ચાર ૧૯૨ રન કર્યા હતા જેમાં અંગક્રિશ રઘુવંશી (૭૧ રન, ૪૬ બૉલ, ત્રણ સિક્સર, સાત ફોર)નું સૌથી મોટું યોગદાન હતું.

**આજે કઈ મેચ?**
મુંબઈ વિરુદ્ધ પંજાબ
ધરમશાલા, સાંજે ૭.૩૦

કોલકાતાએ ૨૩મા રને ઓપનર ફિન ઍલનની અને ૪૮મા રને કૅપ્ટન અને બીજા ઓપનર અજિંક્ય રહાણેની વિકેટ ગુમાવી હતી એટલે કોલકાતાની ટીમ વધુ મુસીબતમાં મુકાઈ શકે એમ હતી. જોકે અંગક્રિશ ક્રીઝમાં ટકી રહ્યો હતો અને કૅમેરન ગ્રીન (૩૨ રન, ૨૪ બૉલ, એક સિક્સર, ત્રણ ફોર) સાથે તેણે ત્રીજી વિકેટ માટે ૬૮ રનની ભાગીદારી કરી હતી. ૧૧૬ રનના ટોટલ પર ગ્રીને વિકેટ ગુમાવી ત્યાર બાદ રઘુવંશીએ રિન્કુ સિંહ (૪૯ અણનમ, ૨૯ બૉલ, બે સિક્સર, ત્રણ ફોર)ને જોડીદાર બનાવ્યો હતો અને તેની સાથે ચોથી વિકેટ માટે ૭૬ રનની પાર્ટનરશિપ કરીને કોલકાતાના સેફ ઝોનમાં લાવી દીધું હતું.

અંગક્રિશ છેક ૨૦મી ઓવરના અંતિમ બૉલ પર રનઆઉટ થયો હતો. દેવદત્ત પડિક્કલ અને ભુવનેશ્વર કુમારે તેને રનઆઉટ કર્યો હતો. ■

# વિરાટ વિશે જર્મન મહિલા મૉડલનો ચોંકાવનારો દાવો





બેંગ્લૂરુ ડિફેન્ડિંગ ચેમ્પિયન રોયલ ચેલેન્જર્સ બેંગલૂરુ (આરસીબી)નો પીઢ ખેલાડી વિરાટ કોહલી હમણાં ફૉર્મમાં નથી અને સોશ્યલ મીડિયા પર તેની ઑફ-ફીલ્ડ પ્રવૃત્તિઓ ચર્ચામાં છે ત્યારે જર્મનીની ચર્ચાસ્પદ જાણીતી મહિલા મૉડલે વિરાટ વિશે ચોંકાવનારો દાવો કર્યો છે. જર્મનીની લિઝલાઝ જાણીતી ઇન્ફ્લુએન્સર અને સિંગર પણ છે. તેનો એવો દાવો છે કે 'તાજેતરમાં કેટલાક પત્રકારોએ મને પૈસા ઓફર કર્યા હતા જેના બદલામાં તેઓ ઇચ્છતા હતા કે હું જાહેરમાં વિરાટ કોહલીને બદનામ કરતા નિવેદનો આપું.'

લિઝલાઝનો એવો પણ દાવો છે કે આ પત્રકારોએ તેને વિરાટ વિશે જાહેરમાં ખોટા આક્ષેપો કરવા કહ્યું હતું.

થોડા સમય પહેલાં જ લિઝલાઝની એક પોસ્ટને વિરાટના કથિત અકાઉન્ટ પરથી લાઈક કરવામાં આવી એને પગલે લિઝલાઝ ન્યૂઝમાં ચમકી હતી. તેણે તાજેતરના દાવા વિશે વધુમાં કહ્યું કે 'મેં પત્રકારોને ચોખ્ખું સંભળાવી દીધું હતું કે હું વિરાટ વિશે કંઈ પણ ખોટા આક્ષેપો નહીં કરું. મેં તેમને સંભળાવી દીધું કે હું શું કામ વિરાટ વિશે ખોટી વાતો ફેલાવું?' ■

# હાર્દિકે ત્રણ કલાક પ્રૅક્ટિસ કરી, પણ અટકળ એવી છે કે તે આજે પંજાબ સામે કદાચ નહીં રમે

ધરમશાલાઃ મુંબઈ ઇન્ડિયન્સ (એમઆઇ)ની ટીમ આઇપીએલની ૧૯મી સીઝનમાં પ્લે-ઑફની રેસની બહાર થઈ ગઈ છે એટલે હવે આ ટીમની જીતનું કોઈ મહત્ત્વ તો નહીં રહે, પરંતુ એ વિજય અન્ય ટીમોની સ્થિતિને જરૂર વિપરીત અસર કરી શકે અને એ વાતને ધ્યાનમાં રાખીને એમઆઇની ટીમે મંગળવારે રિલાયન્સ કોર્પોરેટ પાર્કમાં ખૂબ પ્રૅક્ટિસ કરી હતી જેમાં કૅપ્ટન હાર્દિક પંડ્યાની હાજરી ઊડીને આંખે વળગે એવી હતી. હાર્દિકે ત્રણ કલાક પ્રૅક્ટિસ કરી હતી.

હાર્દિક પીઠના દુખાવાને લીધે લખનઊ અને બેંગ્લૂરુ સામેની મૅચ નહોતો રમ્યો, પણ હવે તેણે ખૂબ પ્રૅક્ટિસ કરી છે એટલે તે ફરી રમતો જોવા મળી શકે. જોકે એક અહેવાલ મુજબ આજે ધરમશાલામાં પંજાબ કિંગ્સ સામે જે મૅચ રમાવાની છે એમાં પણ હાર્દિક કદાચ નહીં રમે.

એમઆઇએ વારંવાર જણાવ્યું છે કે હાર્દિક પીઠની ઈજામાંથી મુક્ત થઈ રહ્યો છે. જોકે તેણે મંગળવારે જે લાંબા સેશનમાં પ્રૅક્ટિસ કરી એના પરથી જણાય છે કે તે આજે કદાચ રમે પણ ખરો.

એક જાણીતા અંગ્રેજી દૈનિકના અહેવાલ મુજબ એમઆઇના ડ્રેસિંગ-રૂમમાં બધુ ઠીકઠાક નથી. હાર્દિક ખેલાડી તરીકે ફૉર્મમાં નથી અને તેના સુકાનમાં એમઆઇની ટીમે વહેલી એક્ઝિટ જોવી પડી અને એવામાં તે



ઉપરાઉપરી બે મૅચ ન રમ્યો એટલે જાત જાતના સવાલો ક્રિકેટ જગતમાં ચર્ચાઈ રહ્યા છે.

પાંચ ટાઇટલ જીતી ચૂકેલી એમઆઇની ટીમ મંગળવારે ચંડીગઢથી ધરમશાલા પહોંચી હતી, પણ એ બૅચમાં હાર્દિક કે કાર્યવાહક સુકાની સૂર્યકુમાર યાદવ નહોતા.

સૂર્યકુમારની વાત નીકળી છે તો ખાસ કહેવાનું કે તાજેતરમાં જ તેની પત્ની દેવિશાએ પુત્રીને જન્મ આપ્યો હતો.

મુંબઈની છેલ્લી ત્રણ લીગ મૅચની વિગત આ મુજબ છેઃ ગુરુવારે ધરમશાલામાં પંજાબ સામે, ૨૦મી મેએ ઈડન ગાર્ડન્સમાં કોલકાતા સામે અને ૨૪મી મેએ વાનખેડેમાં રાજસ્થાન વિરુદ્ધ. ■

# હાર્દિક ધરમશાલા ન ગયો, નવી મુંબઈમાં પ્રૅક્ટિસ કરી, ગર્લફ્રેન્ડ સાથે ટાઇમ સ્પેન્ડ કરે છે

## આ બધું શું ચાલી રહ્યું છે? અટકળો એવી પણ છે કે...

મુંબઈઃ ઑલરાઉન્ડર હાર્દિક પંડ્યા ૨૦૨૪ના ટી-૨૦ વર્લ્ડ કપનો સુપરસ્ટાર ખેલાડી હતો અને તાજેતરમાં ૨૦૨૬ના ટી-૨૦ વિશ્વ કપમાં પણ ચૅમ્પિયન ભારતીય ટીમનો ખેલાડી હતો, પરંતુ આઇપીએલ શરૂ થઈ એટલે તેના વળતાં પાણી જોવા મળ્યાં જેમાં ખાસ કરીને તેના નેતૃત્વમાં મુંબઈ ઇન્ડિયન્સ (એમઆઇ)ની સરિયામ નિષ્ફળતાએ તેને વધુ ચર્ચાસ્પદ બનાવી દીધો છે અને હવે તો તેના નામ પર જાત જાતની અટકળ થવા લાગી છે.

પ્લે-ઑફની રેસની બહાર થઈ ગયેલી મુંબઈ ઇન્ડિયન્સની ટીમના ખેલાડીઓએ ગુરુવારે ધરમશાલામાં પંજાબ કિંગ્સ સામે રમાનારી મૅચ માટે મંગળવારે ધરમશાલામાં પ્રૅક્ટિસ કરી હતી, પણ તેમની સાથે હાર્દિક નહોતો. ઊલટાનું તેણે નવી મુંબઈના રિલાયન્સ કોર્પોરેટ પાર્કમાં એકલાએ ત્રણ કલાક પ્રૅક્ટિસ કરી હતી.

એમઆઇના મૅનેજમેન્ટ સાથે હાર્દિકની કોઈ વાતે ખટપટ ચાલી રહી હોવાની વાતો અફવા બજાર ગરમ કરવા માટે જાણે પૂરતી ન હોય એમ હાર્દિકની ગર્લફ્રેન્ડ માહિકા શર્માએ સોશ્યલ મીડિયામાં મૂકેલી એક પોસ્ટને કારણે હાર્દિકનું ચૅપ્ટર વધુ ઘૂંટાયું છે.





ગર્લફ્રેન્ડ માહિકા સાથે હાર્દિક. તે રૂમમાં બૂકે લઈને ઊભો હોય એવો ફોટો (જમણે) માહિકાએ મીડિયામાં શૅર કર્યો છે.

માહિકા શર્માની ઇન્સ્ટાગ્રામ સ્ટોરીને ઇન્ટરનેટ યુઝર્સ તેમ જ એમઆઇએ શૅર કરી હતી. એ પોસ્ટ પરથી જણાય છે કે હાર્દિક તેના ઘરમાં કે હૉટેલમાં છે અને તેની સાથે માહિકા શર્મા છે. આ પોસ્ટમાં હાર્દિક ફૂલોનું મોટું બૂકે હાથમાં લઈને ઊભેલો જણાય છે. જોકે આ ફોટોમાં હાર્દિકનો ચહેરો નથી દેખાતો એટલે એ કોણ છે એ પણ પ્રશ્ન છે.

ખુદ હાર્દિકે ખેલાડી તરીકે આ વખતની આઇપીએલમાં નિરાશાજનક પર્ફોર્મ કર્યું છે. આઠ મૅચમાં તે માત્ર ૧૪૬ રન બનાવી શક્યો છે અને ચાર જ વિકેટ લીધી છે. ઇન્ટરનેટ પર એક ક્રિકેટપ્રેમીએ ત્યાં સુધી જણાવ્યું છે કે 'મને ૯૯ ટકા ખાતરી છે કે હાર્દિકને એમઆઇની ટીમમાંથી જાકારો અપાયો છે.'

એક વાત એવી છે કે બીસીસીઆઇએ ખેલાડીઓને આઇપીએલ દરમ્યાન ગર્લફ્રેન્ડ સાથે ટ્રાવેલ કરવા પર નિયંત્રણો મૂકી દીધાં છે ત્યારથી હાર્દિકના એમઆઇ સાથેના સંબંધો તંગ થઈ ગયા હોવાનું મનાય છે. સોશ્યલ મીડિયામાં ક્રિકેટપ્રેમીઓ પૂછી રહ્યા છે કે શા માટે હાર્દિક ગુરુવારની મૅચ માટે ટીમ સાથે જ ધરમશાલા ન ગયો. ■

# પુરુષોની ટીમમાં મહિલા કોચઃ ટેસ્ટના ઇતિહાસમાં પ્રથમ બનાવ

લંડનઃ ઇંગ્લૅન્ડના ક્રિકેટ બોર્ડે નૅશનલ ટેસ્ટ ટીમના ફીલ્ડિંગ-કોચ તરીકે ઇંગ્લૅન્ડની જ ભૂતપૂર્વ મહિલા વિકેટકીપર સારા ટેલરની નિયુક્તિ કરી છે. મેન્સ ટેસ્ટ ટીમમાં કોઈ મહિલાને કોચ તરીકે નીમવામાં આવી હોય એવો આ પહેલો જ કિસ્સો છે. ૩૭ વર્ષની સારા ૨૨૬ આંતરરાષ્ટ્રીય મૅચ રમી હતી અને તે મહિલા જગતની શ્રેષ્ઠ વિકેટકીપર્સમાં ગણાય છે. તે ચોથી જૂને ન્યૂ ઝીલૅન્ડ સામે શરૂ થનારી સિરીઝની પ્રથમ ટેસ્ટથી બેન સ્ટોક્સની કૅપ્ટન્સીવાળી ઇંગ્લૅન્ડની ટીમને ફીલ્ડિંગમાં કોચિંગ આપશે. ■



# 'કોઈ પણ ટીમ સુરક્ષિત નથી'...


## આઈપીએલના પ્લે-ઑફ વિશે મોહમ્મદ કૈફે 'હાઈ અલર્ટ' જાહેર કર્યું

નવી દિલ્હીઃ ગુજરાત ટાઇટન્સની ટીમ મંગળવારે અમદાવાદમાં સનરાઇઝર્સ હૈદરાબાદને ૮૨ રનથી હરાવીને આઇપીએલની ૧૯મી સીઝનના પ્લે-ઑફમાં લગભગ પહોંચી જ ગઈ છે, પરંતુ ભૂતપૂર્વ ભારતીય ખેલાડી મોહમ્મદ કૈફના મતે ટૉપ-ફોરની ચારમાંથી એકેય ટીમ હજી પોતાને સુરક્ષિત નહીં માનતી હોય.

ગુજરાત મંગળવારે સતત પાંચમી અને કુલ આઠમી જીત સાથે પૉઇન્ટ્સ-ટેબલમાં ૧૬ પૉઇન્ટ બદલ મોખરે થઈ જનારી પ્રથમ ટીમ બની હતી અને એ સાથે પ્લે-ઑફ માટેની, ટૉપ-ફોરમાં રહેવા માટેની તેમ જ ટૉપ-ટૂમાં રહેવા માટેની દોડ વધુ તીવ્ર બની ગઈ છે.

ગુજરાતની ટીમ ૨૦ ઓવરમાં ૫/૧૬૮ના સ્કોર સુધી મર્યાદિત રહી હતી છતાં છેવટે એનો વિજય થયો હતો. કારણ એ હતું કે હૈદરાબાદની ટીમ એના સૌથી નીચા ૮૬ રનના સ્કોર પર ઑલઆઉટ થઈ ગઈ હતી. કૅગિસો રબાડા અને મોહમ્મદ સિરાજે ભેગા મળીને પાવરપ્લેની છ ઓવરમાં હૈદરાબાદની ચાર વિકેટ લઈ લેતાં આ પાવરહાઉસ જેવી ટીમની કમર ભાંગી ગઈ હતી અને ફરી ક્યારેય બેઠી નહોતી થઈ શકી.

મોહમ્મદ કૈફે એક જાણીતી ઍપને કહ્યું, 'સત્તાવાર



રીતે ગુજરાતની ટીમ પ્લે-ઑફ માટે ક્વૉલિફાય થઈ જશે. ગુજરાતની આગામી મૅચ કોલકાતા સામે છે. કોલકાતાની ટીમ હજી કુલ ૧૦ મૅચ રમી છે અને બહુ સારા ફૉર્મમાં છે. એને તેમ જ ચેન્નઈને ઓછી ન આંકવી જોઈએ. આવનારા થોડા જ દિવસમાં ટૉપ-ફોરમાં સ્થિતિ સ્પષ્ટ થઈ જશે. પ્રથમ નંબરની ગુજરાતની ટીમ પોતાનું સ્થાન વધુ મજબૂત કરી શકે, પરંતુ બીજા તેમ જ ત્રીજા અને ચોથા નંબર પર છેલ્લે કોણ રહેશે એ અત્યારે કહેવું મુશ્કેલ છે. ■

# આ વળી નવું! ઑસ્ટ્રેલિયાનો ક્રિકેટર બની ગયો ઇંગ્લૅન્ડનો સિલેક્ટર, બ્રિટિશ ટીમમાં ઇટલીનો ખેલાડી

લંડનઃ કોઈ વિદેશી ભૂતપૂર્વ ક્રિકેટરને કોઈ અન્ય દેશ પોતાની નૅશનલ ટીમનો હેડ-કોચ બનાવે કે કોચિંગ-સ્ટાફમાં સામેલ કરે એવું ઘણી વખત બની ગયું છે, પરંતુ કોઈ દેશ પોતાની ટીમ સિલેક્ટ કરવા માટેની સિલેક્શન કમિટીમાં કોઈ વિદેશી પ્લેયરને સિલેક્ટર તરીકે સામેલ કરે એ તો નવાઈ જ કહેવાય. ઇંગ્લૅન્ડે આવું કર્યું છે. બ્રિટિશ ક્રિકેટના મોવડીઓએ ઑસ્ટ્રેલિયાના ભૂતપૂર્વ બૅટ્સમૅન માર્કસ નૉર્થને ઇંગ્લૅન્ડની સિલેક્શન કમિટીમાં સામેલ કર્યો છે.

ન્યૂ ઝીલૅન્ડનો ભૂતપૂર્વ બૅટ્સમૅન બ્રેન્ડન મૅક્લમ ઘણા સમયથી ઇંગ્લૅન્ડનો હેડ-કોચ છે. હવે ઑસ્ટ્રેલિયાના માર્કસ નૉર્થને ઇંગ્લૅન્ડનો સિલેક્ટર બનાવાયો છે. તે ઇંગ્લૅન્ડની નૅશનલ ટીમના ખેલાડીઓ તેમ જ યુવા ટીમના પ્લેયર્સ પસંદ કરવામાં સિલેક્શન કમિટીને મદદ કરશે.

૪૬ વર્ષીય માર્કસ નૉર્થ ૨૦૦૯-'૧૦ દરમ્યાન ઑસ્ટ્રેલિયા વતી ૨૧ ટેસ્ટ, બે વન-ડે અને એક ટી-૨૦ રમ્યો હતો. તે લેફ્ટ-હૅન્ડ મિડલ-ઑર્ડર બૅટ્સમૅન હતો. તેણે કુલ ૧,૨૦૦ જેટલા રન કર્યા હતા અને કુલ ૧૪ વિકેટ લીધી હતી. તે ઇંગ્લૅન્ડની છ કાઉન્ટી ટીમ વતી પણ રમ્યો હતો. ડર્હામમાં તેણે ઇંગ્લૅન્ડના વર્તમાન કૅપ્ટન બેન સ્ટોક્સ સાથે કામ કર્યું હતું.

ઇંગ્લૅન્ડનો થોડા સમય પહેલાં ઑસ્ટ્રેલિયા સામેની ઍશિઝ ટેસ્ટ શ્રેણીમાં ૧-૪થી પરાજય થયો એને પગલે ઇંગ્લૅન્ડની સિલેક્શન કમિટીમાં અને ટીમમાં ધરખમ ફેરફાર કરવાનું નક્કી કરાયું હતું. માર્કસ નૉર્થને લ્યૂક રાઇટના સ્થાને સિલેક્ટર બનાવાયો છે. એવા આક્ષેપો હતા કે ઇંગ્લૅન્ડની સિલેક્શન કમિટી કેટલાક કાઉન્ટીના ટૅલન્ટેડ ખેલાડીઓને અવગણી રહી હતી અને એટલે જ ઍશિઝમાં ઇંગ્લૅન્ડનો ઘોર પરાજય થયો હતો.

### ન્યૂ ઝીલૅન્ડ સામેની રમશે ઇટલીનો ક્રિકેટર!

ઇંગ્લૅન્ડમાં ન્યૂ ઝીલૅન્ડ સામે ચોથી જૂને ત્રણ ટેસ્ટની સિરીઝ શરૂ થશે. ચોથી જૂને શરૂ થનારી ટેસ્ટ માટેની ઇંગ્લૅન્ડની ટીમ જાહેર કરાઈ છે. આ ટીમમાં આઉટ-ઑફ-ફૉર્મ બૅટ્સમેન ઝૅક ક્રૉવ્લી અને ઑલી પોપને સામેલ નથી કરવામાં આવ્યા. બીજી નવાઈ એ વાતની છે કે ઇટલી વતી બે વર્ષથી મર્યાદિત ઓવર્સની મૅચોમાં રમતા એમિલિયો ગેને ઇંગ્લૅન્ડની ટીમમાં સ્થાન મળ્યું છે. એમિલિયોના મમ્મીનો જન્મ ઇટલીમાં થયો હતો.

### પ્રથમ ટેસ્ટ માટેની ઇંગ્લૅન્ડની આ ટેસ્ટ ટીમ

બેન સ્ટોક્સ (કૅપ્ટન), જૉ રૂટ, હૅરી બ્રૂક, જૅકબ બેથેલ, બેન ડકેટ, જૅમી સ્મિથ, જૉશ ટન્ગ, રેહાન અહમદ, ગસ ઍટકિન્સન, સૉની બેકર, શોએબ બશીર, મૅથ્યૂ ફિશર, એમિલિયો ગે, જેમ્સ રૂ્યૂ, ઑલી રૉબિન્સન. ■

# ચાર દિવસની પછડાટ બાદ સેન્સેક્સમાં ૧૦૦૦ પોઈન્ટની અફડાતફડીને અંતે સાધારણ સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ ચાર દવિસની જોરદાર પછડાટ બાદ બુધવારે બેન્ચમાર્ક ઇક્વિટી સૂચકાંકો સેન્સેક્સ અને નિફ્ટી નજીવા વધારા સાથે બંધ થયા હતા, જોકે ક્રૂડ ઓઇલના ઊંચા ભાવ અને પશ્ચિમ એશિયામાં ચાલી રહેલી અશાંતિ અને અનિશ્ચતતાને કારણે સુધારો મર્યાદિત રહ્યો હતો. નોંધવું રહ્યું કે સોમવારે સેન્સેક્સમાં ૧૩૦૦ પોઇન્ટનો અને મંગળવારે ૧,૪૫૬.૦૪ પોઈન્ટનો તોતિંગ કડાકો પડ્યો હતો.

સેન્સેક્સ ૪૯.૭૪ પોઈન્ટ અથવા ૦.૦૭ ટકા વધીને ૭૪,૬૦૮.૯૮ પર સ્થિર થયો હતો. દિવસ દરમિયાન, ઇન્ડેક્સ ૧,૦૫૭.૦૯ પોઈન્ટની અફડાતફડીમાં ૭૫,૧૯૧.૫૭ની ઊંચી સપાટી અને ૭૪,૧૩૪.૪૮ની નીચી સપાટી વચ્ચે ફંગોળાયો હતો. જ્યારે નિફ્ટી ૩૩.૦૫ પોઈન્ટ અથવા ૦.૧૪ ટકા વધીને ૨૩,૪૧૨.૬૦ પર બંધ થયો હતો.

એશિયન પેઇન્ટ્સ, ટાટા સ્ટીલ, અદાણી પોર્ટ્સ, ભારત ઇલેક્ટ્રોનિક્સ, ભારતી એરટેલ અને લાર્સન એન્ડ ટુબ્રો સેન્સેક્સના સૌથી વધુ વધનારા શેરોમાં સામેલ હતા. જ્યારે મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, ઇન્ફોસિસ, ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ, સન ફાર્મા અને ટેક મહિન્દ્રા સૌથી વધુ ઘટનારા શેરોની યાદીમાં હતા. ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક, બ્રેન્ટ ક્રૂડ ૦.૫ ટકા ઘટીને ૧૦૭.૨૭ ડોલર પ્રતિ બેરલ બોલાયું હતું. લાર્સન એન્ડ ટૂબ્રોને મિડલ ઇસ્ટમાં એક્સ્ટ્રા હાઇ વોલ્ટેજ સબસ્ટેશન્સ સ્થાપવા માટે ઓર્ડ મળ્યો છે. એર ઇન્ડિયાએ છ ઓવરસીઝ રૂટની ઇન્ટરનેશનલ ફ્લાઇટ ઘટાડી છે. એક્ટિવ ક્લોથિંગ કંપની લિમિટેડ ગ્લોબલ ફેશન બ્રાન્ડ્સ માટે વસ્ત્રોમાં વિશેષતા ધરાવતા રિટેલ સેગમેન્ટમાં વ્યૂહાત્મક પ્રવેશ કરવા ન્યુએમો બ્રાન્ડ નેમ હેઠળ રિટેલ આઉટલેટ્સ શરૂ કરવાની દિશામાં આગળ વધી રહી છે. કંપનીએ ન્યુએમો બ્રાન્ડ હેઠળ પહેલાથી જ પાંચ આઉટલેટ્સ કાર્યરત કર્યા છે અને આગામી દસ દિવસમાં વધુ સાત આઉટલેટ્સ શરૂ કરવાની યોજના છે. જીએસકે ફાર્માએ ચોથા ક્વાર્ટરમાં ૫.૭ ટકાના વધારા સાથે રૂ. ૨૭૭.૮૬ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે.

સેબી દ્વારા રજૂ કરાયેલા એસઆઇએફના નવા ફ્રેમવર્કમાં પ્રવેશ કરતાં મીરાઇ એસેટ એમએફે તેની પ્રથમ સ્પેશિયલાઇઝ્ડ ઇન્વેસ્ટમેન્ટ ફંડ (એસઆઇએફ) પ્રોડક્ટ, પ્લેટિનમ એસઆઇએફ કેટેગરીમાં મીરાઇ એસેટ મ્યુચ્યુઅલ ફંડ, હાઇબ્રિડ લોંગ-શોર્ટ ફંડના લોન્ચ કરવાની જાહેરાત કરી છે, આ કન્ઝર્વેટિવ આર્બિટ્રેજ પ્લસ વ્યૂહરચનાનો ઉદ્દેશ્ય કર કાર્યક્ષમ માળખામાં રિસ્ક એડજસ્ટેડ રીટર્નનો છે. એનએફઓ ૨૦ મે, ૨૦૨૬થી ત્રીજી જૂન, ૨૦૨૬ સુધી સબ્સ્ક્રિપ્શન માટે ખુલ્લો રહેશે.

સિપ્લાનો નફો ૫૫.૩૨ ટકાના કડાકા સાથે ચોથા ક્વાર્ટરમાં રૂ. ૫૪૨.૫૧ કરોડ રહ્યો હતો. ટીવીએસ મોટરનો નફો ૧૭.૫ ટકા વધીને રૂ. ૮૧૯.૫૫ કરોડ રહ્યો છે. એમેઝોને માર્કેટિંગ સ્ટ્રેટેજી અંતર્ગત ઇન્ડિયાઝ ગ્રેટ સમર સેલ્સ, ૨૦૨૬ અંતર્ગત રૂ. ૫૦૦ સુધી કેશ બેક ઓફર અને પ્રથમ ઓર્ડ સામે ૫૦ ટકા સુધીના ડિસ્કાઉન્ટની ઓફર જાહેર કરી છે, જેમાં ફેશન, ઇલેક્ટ્રોનિક્સ એસેસરીઝથી માંડીને હોમ અને કીચન કેટેગરી સુધીનું શોપીંગ કરી શકાશે.

જ્વેલરી સ્ટોક્સમાં સતત ત્રીજા દિવસે ધોવાણ જોવા મળ્યું હતું. ત્રણ દિવસમાં જ્વેલરી સ્ટોક્સમાં ૧૫થી વીસ ટકા સુધીના કડાકા જોવા મળ્યા છે, જેમાં કલ્યાણ જ્વેલર્સમાં સૌથી વધુ ધોવાણ જોવાયું હતું. જ્વેલરી સ્ટોક્સમાં બપોરના સત્ર સુધીમાં સ્કાય ગોલ્ડ એન્ડ ડાયમંડ્સમાં ૧૧ ટકા, કલ્યામ જ્વેલર્સમાં છ ટકા, સેન્કો ગોલ્ડમાં ૪.૩૦ ટકા, પીસી જ્વેલર્સમાં ૩.૬૫ ટકા, ટીબીઝેડમાં ૧.૭૪ ટકા અને ટાઇટનમાં ૧.૬૪ ટકાનો ઘટાડો રહ્યો હતો.

ડિક્સન ટેક્નોલોજીસનો ચોથા ક્વાર્ટરનો ચોખ્ખો નફો ૩૬ ટકા ઘટીને રૂ. ૨૯૮ કરોડ થયો છે. ટાટા પાવરે નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ના માર્ચ ક્વાર્ટરમાં આઠ ટકા જેવી વૃદ્ધિ સાથે રૂ. ૧,૪૧૫.૫૨ કરોડનો કોન્સોલિડેટેડ ચોખ્ખો નફો નોંધાવ્યો હતો, જોકે કંપનીની કુલ આવક રૂ. ૧૭,૪૪૬.૯૫ કરોડ સામે ઘટીને રૂ. ૧૫,૪૫૫.૪૮ કરોડ રહી હતી. પાર્ક મેડી વર્લ્ડનો ચોથા ક્વાર્ટરનો ચોખ્ખો નફો ૪૭ ટકા વધીને રૂ. ૭૭ કરોડ નોંધાયો છે.

એફઆઇઆઇની વેચવાલી ચાલુ રહી હતી. એક્સચેન્જ ડેટા અનુસાર, વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ મંગળવારે રૂ. ૧,૯૫૯.૩૯ કરોડના ઇક્વિટી વેચ્યા હતા. સતત બે સત્રોમાં ભારે વેચવાલી અને કડાકા પછી, ભારતીય ઇક્વિટી બજારોમાં બુધવારે પ્રમાણમાં સ્થિર સત્ર જોવા મળ્યું, જેમાં બેન્ચમાર્ક સૂચકાંકો નજીવા સુધારા સાથે બંધ થવામાં સફળ રહ્યા હતા.

બજાર દિવસભર મોટાભાગે રેન્જ બાઉન્ડ ટ્રેડ થતું રહ્યું, જે ગભરાટભરી વેચવાલીમાં કામચલાઉ વિરામ દર્શાવે છે, જોકે વૈશ્વિક અને સ્થાનિક મેક્રો ચિંતાઓ વચ્ચે બજારનો અંડરટોન સાવચેતીભર્યો રહ્યો છે. મંગળવારે જાહેર કરાયેલા સરકારી ડેટા અનુસાર, એપ્રિલમાં ભારતનો રિટેલ ફુગાવો થોડો વધીને ૩.૪૮ ટકા થયો, જે મુખ્યત્વે સોના અને ચાંદીના દાગીના તેમજ કેટલીક રસોડાની વસ્તુઓના ઊંચા ભાવને કારણે હતો. વૈશ્વિક બજારોમાં એશિયન બજારોમાં, દક્ષિણ કોરિયાનો બેન્ચમાર્ક કોસ્પી, જાપાનનો બેન્ચમાર્ક નિક્કી ૨૨૫, શાંઘાઈનો એસએસઇ કમ્પોઝિટ અને હોંગકોંગનો હેંગસેંગ હકારાત્મક ક્ષેત્રમાં બંધ થયો હતો.

# સત્ર દરમિયાન રૂપિયો ૯૫.૮૦ની સપાટી સ્પર્શીને અંતે એક પૈસાનો સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વૈશ્વિક વિનિમય બજારમાં આજે ડૉલર ઈન્ડેક્સમાં સુધારાતરફી વલણ રહેતાં સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં ઑલ ફોલ ડાઉનનું વલણ જળવાઈ રહ્યું હતું અને સત્ર દરમિયાન ભારે ચંચળતાના માહોલમાં ડૉલર સામે રૂપિયો એક તબક્કે ગઈકાલના બંધ સામે ૧૨ પૈસા ગબડીને ૯૫.૮૦ની સપાટી સ્પર્શી ગયા બાદ અંતે સાધારણ એક પૈસાના સુધારા સાથે ૯૫.૬૬ની સપાટીએ બંધ રહ્યો હતો. જોકે, આજે સંભવિતપણે રિઝર્વ બૅન્કનો બજારમાં હસ્તક્ષેપ અને સરકારે સોનાની આયાત ઘટાડવા માટે ડ્યૂટીમાં કરેલા વધારાને કારણે રૂપિયામાં ઘટાડો મર્યાદિત રહ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું.

અત્રે નોંધનીય બાબત એ છે કે પશ્ચિમ એશિયાની કટોકટીને પગલે ક્રૂડતેલના ભાવમાં આવેલા વધારા અને ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહેતાં આ વર્ષમાં અત્યાર સુધીમાં એશિયાના તમામ ચલણો પૈકી રૂપિયામાં સૌથી વધુ છ ટકાનું ધોવાણ અથવા તો સૌથી વધુ નબળી કામગીરી જોવા મળી હોવાનું ટ્રેડરોએ ઉમેર્યું હતું. આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૯૫.૬૮ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૯૫.૫૨ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૯૫.૮૦ અને ઉપરમાં ૯૫.૫૧ની રેન્જમાં રહીને અંતે ગઈકાલના બંધ સામે સાધારણ એક પૈસાના સુધારા સાથે ૯૫.૬૬ના મથાળે બંધ રહ્યો હતો, જ્યારે ગઈકાલે રૂપિયો ૪૦ પૈસાના કડાકા સાથે ૯૫.૬૮ના મથાળે બંધ રહ્યો હતો. હાલમાં ડૉલર સામે રૂપિયો ૯૫.૬૦ આસપાસની રેન્જમાં જોવા મળી રહ્યો છે, જે પશ્ચિમ એશિયાની ભૂરાજકીય કટોકટીને પગલે ક્રૂડતેલના ભાવમાં આવેલા ઉછાળાને પ્રતિબિંબિત કરે છે. જોકે, રિઝર્વ બૅન્કનો બજારમાં હસ્તક્ષેપ અને સોના પરની આયાત જકાતમાં વધારા જેવાં સરકારના ડ્યૂટી વિષયક પગલાં રૂપિયામાં નબળાઈ મર્યાદિત રાખે છે, એમ કોટક સિક્યોરિટીઝનાં કૉમૉડિટી અને કરન્સી રિસર્ચ વિભાગનાં હેડ અનિંદ્ય બેનરજીએ જણાવ્યું હતું. સોનાની ટૅરિફમાં વધારાથી સોનાની માગ દબાણ હેઠળ આવી શકે છે અને વિદેશી ચલણોનાં દબાણ પર તેની સકારાત્મક અસર પડી શકે છે, એવું ટ્રેડરનોનું માનવું છે. અમેરિકા અને ઈરાન વચ્ચે વધેલા ભૂરાજકીય તણાવને કારણે તાજેતરમાં ક્રૂડતેલના ભાવમાં મક્કમ વલણ અને તેને કારણે ફુગાવામાં વધારો થવાથી આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયામાં નરમાઈ જળવાઈ રહેતાં ૯૫.૪૫થી ૯૬.૧૫ આસપાસની રેન્જમાં રહે તેવી શક્યતા વ્યક્ત કરતાં મિરે એસેટ્ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતાં ઉમેર્યું હતું કે રિઝર્વ બૅન્કનો બજારમાં હસ્તક્ષેપ રૂપિયામાં ઘટાડો મર્યાદિત રાખી શકે છે.

# સોના-ચાંદી પરની આયાત જકાતમાં વધારો થતાં સોનામાં ₹ ૯૩૪૫નો અને ચાંદીમાં ₹ ૨૨,૮૫૩નો ઉછાળો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકા-ઈઝરાયલ અને ઈરાન વચ્ચેનાં યુદ્ધને કારણે ક્રૂડતેલના ભાવ વધી આવતાં અમેપિરામાં ગત એપ્રિલ મહિનાના ફુગાવામાં ત્રણ વર્ષનો સૌથી વધુ વધારો થયો હોવાના અહેવાલ સાથે અમેરિકી ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં કાપ મૂકે તેવી શક્યતા ઓસરી જતાં આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવમાં ઘટાડો આવ્યો હતો, જ્યારે ચાંદીમાં ભાવ એક ટકો વધી આવ્યા હતા. આમ વૈશ્વિક મિશ્ર અહેવાલ છતાં સ્થાનિક સ્તરે આજે સરકારે સોના અને ચાંદી પરની આયાત જકાત જે છ ટકા હતી તે વધારીને ૧૫ ટકા કરતાં આયાતમાં ઘટાડો થવાથી પુરવઠાખેંચની ભીતિ સપાટી પર આવતા સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૯૩૦૭થી ૯૩૪૫નો અને ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૨૨,૮૫૩નો ઉછાળો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડ્યૂટી વધારાને પગલે આયાતમાં ઘટાડો થવાથી પુરવઠાખેંચની ભીતિ સપાટી પર આવવાની સાથે વિશ્વ બજારમાં ચાંદીના ભાવ વધીને ઔંસદીઠ ૮૭ ડૉલર સુધી પહોંચ્યાના પ્રોત્સાહક અહેવાલને ધ્યાનમાં લેતા હાજરમાં ચાંદીના વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૨૨,૮૫૩ના તોતિંગ ઉછાળા સાથે રૂ. ૨,૮૭,૭૨૦ના મથાળે રહ્યા હતા. જોકે, ઊંચા મથાળેથી ઔદ્યોગિક વપરાશકારોની માગને બાદ કરતાં જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ નિરસ રહી હતી. તે જ પ્રમાણે હાજરમાં વેરારહિત ધોરણે ૧૦ ગ્રામદીઠ ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૯૩૦૭ વધીને રૂ. ૧,૬૦,૩૩૨ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૯૩૪૫ વધીને રૂ. ૧,૬૦,૯૭૭ના મથાળે રહ્યા હતા. જોકે, સોનામાં પણ ઊંચા મથાળેથી જોવા મળેલી રોકાણલક્ષી માગને બાદ કરતાં જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની લેવાલી શુષ્ક રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

દરમિયાન આજે લંડન ખાતે સત્રના આરંભે ખાસ કરીને વર્ષ ૨૦૨૬માં રેટ કટની શક્યતા પાતળી થતાં હાજરમાં સોનાના ભાવ ગઈકાલની ત્રણ સપ્તાહની ઊંચી સપાટીથી પાછા ફરીને ગઈકાલના બંધ સામે ૦.૨ ટકા ઘટીને ઔંસદીઠ ૪૭૦૩.૪૯ ડૉલર આસપાસ અને જૂન ડિલિવરી વાયદામાં ભાવ ૦.૫ ટકાના સુધારા સાથે ૪૭૧૧.૮૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે એક ટકાના ઉછાળા સાથે ઔંસદીઠ ૮૭.૪૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

ગઈકાલે અમેરિકાનાં એપ્રિલ મહિના ફુગાવાના ડેટામાં જોવા મળેલા વધારાને બાદ કરતાં ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં કપાતથી દૂર રહે તેવી શક્યતાને ધ્યાનમાં લેતા આજે સોનાના ભાવ દબાણ હેઠળ આવ્યા હોવાનું યુબીએસના વિશ્લેષક જિઓવન્ની સ્ટુનોવોએ જણાવતાં ઉમેર્યું હતું કે સામાન્યપણે ફુગાવામાં વધારો થવાથી સોનામાં વધતા ફુગાવા સામેની હેજરૂપી માગ રહેતી હોય છે, પરંતુ તેની સામે કેન્દ્રવર્તી બૅન્ક વ્યાજદરમાં કાપ મૂકે તેવી શક્યતા પણ મંદ પડતાં સોનું દબાણ હેઠળ આવ્યું છે, પરંતુ જો આર્થિક વૃદ્ધિદર દબાણ હેઠળ આવે તો સોનાના સુધારાને ટેકો મળી શકે છે, એમ તેમણે ઉમેર્યું હતું.

જોકે, હવે રોકાણકારોની નજર આજે મોડી સાંજે જાહેર થનારા અમેરિકાના એપ્રિલ મહિનાના પ્રોડ્યુસર પ્રાઈસ ઈન્ડેક્સ પર તેમ જ ડૉનલ્ડ ટ્રમ્પ તથા શિ જિનપિંગ વચ્ચેની બેઠક પર મંડાયેલી હોવાનું સૂત્રોએ ઉમેર્યું હતું.

# યુદ્ધ અને અનિશ્ચિતતા વચ્ચે મ્યુચ્યુઅલ ફંડ ઉદ્યોગનું લાર્જ કેપમાં રોકાણ વધ્યું

મુંબઇઃ અખાતી દેશોમાં લાંબા સમયથી ચાલી રહેલી અનિશ્ચતતા હજુ લાંબો સમય ચાલી શકે એવી શક્યતા વચ્ચે વિવિધ ફંડ હાઉસ લાર્જ કેપમાં વધુ રોકાણ કરી રહ્યા હોવાનું જાણવા મળે છે. ખાસ કરીને ફ્લેક્સી કેપમાં આ બાબતે વૈકલ્પિક છૂટ હોવા છતાં એવું જોવા મળ્યું છે કે, સૌથી મોટા ફ્લેક્સીકેપ ફંડ્સે ૬૦ ટકાથી વધુ રોકાણ લાર્જ-કેપ શેરોમાં જાળવી રાખ્યું છે.

એક વિશ્લેષણ મુજબ, ૨૦૨૬ના પ્રથમ ક્વાર્ટરમાં એસેટના ધોરણે ટોચના પાંચ ફ્લેક્સીકેપ ફંડ્સ લાર્જકેપની તરફેણમાં ભારે ઝુકાવ ધરાવતા રહ્યા, જેમાં મોટાભાગના તેમના પોર્ટફોલિયોનો ૬૦ ટકાથી વધુ લાર્જ-કેપ શેરોમાં ધરાવે છે. તેનાથી વિપરીત, આ શ્રેણીના ઘણા ટોચના ફ્લેક્સીકેપ ફંડ્સે સમાન સમયગાળા દરમિયાન મિડ અને સ્મોલકેપ શેર્સમાં નોંધપાત્ર રીતે વધુ રોકાણ સાથે સંચાલન કર્યું હતું. આ દર્શાવે છે કે સમાન શ્રેણીના ફંડ મેનેજરોએ આ વર્ષે ફાળવણી માટે અલગ અભિગમ અપનાવ્યો છે.

અખાતી દેશમાં ચાલી રહેલા ભૂરાજકીય અનિશ્ચિતતાની વર્તમાન પરિસ્થિતિમાં મ્યુચ્યુઅલ ફંડમાં જ રોકાણ કરવું યોગ્ય હોવાનું જણાવતાં બજાર નિરીક્ષકે કહ્યું હતું કે જોકે, લાર્જ, મિડ, કે સ્મોલ કેપ. દરેકની પોતાની જોખમ અને વળતર પ્રોફાઇલ હોય છે.

લાર્જ કેપ શેરો સામાન્ય રીતે વધુ સ્થિર હોય છે પરંતુ ધીમી ગતિએ વૃદ્ધિ પામે છે. મિડ અને સ્મોલ કેપ વધુ વળતર આપી શકે છે, પરંતુ તે વધુ અસ્થિરતા સાથે આવે છે. ખાસ કરીને બજારને નિયમિતપણે ટ્રેક ન કરનારા રોકાણકારો માટે પસંદગી મુશ્કેલ થઇ જાય છે.

બજારમાં જ્યારે યુદ્ધ જેવા કારણસર અનિશ્ચિતતાનો માહોલ હોય ત્યારે ફ્લેક્સીકેપ ફંડ્સનો વિકલ્પ રહે છે. આ ફંડ્સ લાર્જ, મિડ અને સ્મોલ, એમ ત્રણેય માર્કેટકેપ શ્રેણીઓમાં રોકાણ કરે છે, એમ જણાવતાં ઇન્વેસ્ટ રિસર્ચના ફાઉન્ડર હિમાંશુ ધાની કહે છે કે, આ શ્રેણીના ફંડમાં કોઈ નિશ્ચિત ફાળવણી આદેશ વિના ફંડ મેનેજર પાસે કોઈપણ સમયે શ્રેષ્ઠ તકોના આધારે આ સેગમેન્ટ્સ વચ્ચે નાણાં ખસેડવાની સ્વતંત્રતા હોય છે.

વ્યવહારિક દ્રષ્ટિએ, આનો અર્થ એ છે કે જ્યારે બજારો અનિશ્ચિત હોય અથવા જ્યારે મિડ અને સ્મોલકેપમાં મૂલ્યાંકન ખેંચાયેલું દેખાય ત્યારે તે લાર્જ કેપ તરફ ભારે ઝુકાવ કરી શકે છે. જ્યારે પરિસ્થિતિ સુધરે છે અને નાની કંપનીઓ આકર્ષક દેખાવા લાગે ત્યારે ફંડ ત્યાં ફાળવણી બદલી શકે છે.

ફ્લેક્સીકેપ રોકાણકાર માટે બજારને સમય આપવાનો અથવા કઈ કેપ શ્રેણીમાં રાખવું તે નક્કી કરવાનો બોજ દૂર કરે છે. મૂળભૂત રીતે તે નિર્ણય ફંડ મેનેજરને સોંપાય છે, જે મૂલ્યાંકન, મેક્રો શરતો અને વ્યવસાય ચક્રને ટ્રેક કરે છે જેથી તે કોલ કરી શકાય.

ફ્લેક્સીકેપ ફંડ્સ એવા રોકાણકારો માટે પણ ઉપયોગી છે, જેઓ તેમના પોર્ટફોલિયોમાં એક જ ઇક્વિટી ફંડ ઇચ્છે છે. માર્કેટ કેપમાં ત્રણ અલગ-અલગ ફંડ્સનું સંચાલન કરવાને બદલે, તમને એક જ ઉત્પાદનમાં વૈવિધ્યકરણ મળે છે. અલબત્ત, ફંડના પ્રદર્શનની ગુણવત્તા મેનેજર આ પરિવર્તનોને કેટલી સારી રીતે નેવિગેટ કરે છે તેના પર નિર્ભર રહેશે. પરંતુ માળખું સ્થિતિસ્થાપક હોવાથી ફંડને વિવિધ બજાર ચક્રમાં જોખમનું સંચાલન કરવામાં અર્થપૂર્ણ ધાર આપે છે.


PUBLIC NOTICE પબ્લિક નોટીસ

BRIHANMUMBAI MAHANAGARPALIKA

નંબર ડે. ચી. એ.(O&M) / et-૦૯ / SWD તા. ૧૨.૦૫.૨૦૨૬

બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન
eT-૦૯
(ટેન્ડર ID:૨૦૨૬_MCGM_૧૩૦૨૧૯૨_૧)

| | |
|---|---|
| વિભાગ | ચીફ એન્જિનિયર (SWD) |
| પેટા વિભાગ | ડેપ્યુટી ચીફ એન્જિનિયર (O&M) SWD |
| વિષય | A થી G/N વોર્ડમાં સિટી વિસ્તારમાં સાઈટ્સ ખાતે M.S. પ્લેટ ટાઈપ ગ્રેટીંગ્સના નોન રિપેરેબલ/ મિસિંગ મિલ્ડ સ્ટીલ (M.S.) ફ્લેટસનું બદલી કરવાનું કામ. |
| ઈ-ટેન્ડર વેચાણ | તારીખ ૧૪.૦૫.૨૦૨૬ સમયઃ ૧૧.૦૦ ક.થી |
| ઈ-ટેન્ડર પાકતી તારીખ | તારીખ ૨૦.૦૫.૨૦૨૬ સમયઃ ૧૬.૦૦ ક. સુધી |
| વેબસાઈટ | http://mahatenders.gov.in |
| સંપર્ક અધિકારી નામ | શ્રીમતી વનિતા કોકાટે એક્ષિક્યૂટિવ એન્જિનિયર (O&M) મીકે. SWD; શ્રી વિનોદ ભાબલ A.E. (O&M) M. SWD |
| ટેલિફોન નંબર (ઓફિસ) | ૦૨૨-૨૪૩૦૯૮૧૭ ૦૨૨-૨૪૩૦૯૪૭૨ |
| મોબાઈલ નં. | ૯૮૩૩૫૩૯૦૨૯; ૯૮૬૯૫૪૦૩૭૮ |
| ઈ-મેઈલ સરનામું | dyche01onm.swd@mcgm.gov.in eeomcity01.swd@mcgm.gov.in |

સહી/-
એક્ષી. એન્જી. (O&M) M. SWD

PRO/339/ADV./2026-27

વૃક્ષો વાવો, વૃક્ષો બચાવો.


# ડૉલરની મજબૂતી સાથે વિશ્વ બજાર પાછળ ધાતુમાં આગેકૂચ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વૈશ્વિક વિનિમય બજારમાં આજે ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ જળવાઈ રહેતાં લંડન મેટલ એક્સચેન્જ ખાતે કોપર સહિતની ધાતુઓનાં ભાવમાં સુધારાતરફી વલણ રહ્યું હોવાના પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને લીડ ઈન્ગોટ્સમાં જોવા મળેલા ટકેલા વલણ અને નિકલમાં જોવા મળેલા કિલોદીઠ રૂ. પાંચના ઘટાડાને બાદ કરતાં અન્ય તમામ ધાતુઓમાં ટીનની આગેવાની હેઠળ આગેકૂચ જોવા મળી હતી અને ભાવમાં કિલોદીઠ રૂ. ત્રણથી ૩૨ સુધીનો સુધારો આગળ ધપ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી ઉપરાંત વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે જે ધાતુઓમાં આગેકૂચ જોવા મળી હતી તેમાં ટીનના ભાવ કિલોદીઠ રૂ. ૩૨ વધીને રૂ. ૫૩૩૮, કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. ૧૫ વધીને રૂ. ૧૪૩૨, કોપર સ્ક્રેપ હેવી અને કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ૧૦ વધીને અનુક્રમે રૂ. ૧૨૮૭ અને રૂ. ૧૧૮૩, ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. નવ વધીને રૂ. ૩૬૮, કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. આઠ વધીને રૂ. ૧૨૬૩, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. સાત વધીને રૂ. ૩૮૮ અને કોપર કેબલ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. છ વધીને રૂ. ૧૩૧૫ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે બ્રાસ શીટ કટિંગ્સના ભાવ કિલોદીઠ રૂ. પાંચ વધીને રૂ. ૮૮૫ અને એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ વધીને રૂ. ૩૧૦ના મથાળે રહ્યા હતા. જોકે, આજે નિકલમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલીનું દબાણ અને સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં ભાવ વધુ કિલોદીઠ રૂ. પાંચના ઘટાડા સાથે રૂ. ૧૮૩૭ના મથાળે રહ્યા હતા, જ્યારે બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને લીડ ઈન્ગોટ્સમાં ખપપૂરતી માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૮૨૦ અને રૂ. ૨૦૭ના મથાળે ટકેલા રહ્યાં હતાં.

# મિડિયમ ગ્રેડની ખાંડમાં ધીમો સુધારો, નાકા ડિલિવરીમાં પીછેહઠ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્થાનિક તેમ જ દેશાવરોની માગ ખપપૂરતી મર્યાદિત રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડનાં ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૧૦થી ૧૫ના ઘટાડા સાથે રૂ. ૩૭૯૦થી ૩૮૩૦માં થયાના ઓવરનાઈટ અહેવાલ હતા. જોકે, આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી અને રિટેલ સ્તરની માગ જળવાઈ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦નો સુધારો આવ્યો હતો. તેમ જ આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ મર્યાદિત રહેતાં ભાવમાં ક્વિન્ટલે રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી મર્યાદિત રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો, જેમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૩૨થી ૩૯૮૨માં ટકેલા ધોરણે થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં માગને ટેકે વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ના સુધારા સાથે રૂ. ૪૦૪૨થી ૪૧૩૦માં થયા હતા. વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ નિરસ રહેતાં ભાવમાં ક્વિન્ટલે રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો, જેમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૬૦થી ૩૯૦૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૧૦થી ૪૦૦૦માં થયાના અહેવાલ હતા.


BRIHANMUMBAI MAHANAGARPALIKA

ACL/GEN/૪૧૪/ AEML તારીખઃ ૧૩.૦૫.૨૦૨૬

હિતની અભિવ્યક્તિ નોટિસ

જાહેરાત

વિષયઃ ૨૫.૦૫.૨૦૨૬થી ૨૪.૧૧.૨૦૨૬ની મુદત માટે આસિસ્ટન્ટ કમિશનર L વોર્ડ વહીવટી બિલ્ડિંગમાં સફાઈ અને અન્ય વિવિધ કામ માટે મજૂરોની જોગવાઈ માટે સંસ્થા અને સંસ્થાઓની નિમણૂક

આસિસ્ટન્ટ કમિશનર L વોર્ડ વહીવટી બિલ્ડિંગમાં સફાઈ અને વિવિધ કામના અમલ માટે પ્રાઈવેટ કોન્ટ્રાક્ટ મજૂરોની જોગવાઈ માટે એક NGOની નિમણૂક કરવા ઈચ્છુક બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના L વોર્ડ અથવા અન્ય કોઈપણ વિભાગમાં પ્રાઈવેટ કોન્ટ્રાક્ટ મજૂરોની જોગવાઈ માટે રસ ધરાવતા L વોર્ડ અધિકારક્ષેત્રમાં નોંધાયેલ રજિસ્ટર્ડ NGO's, મજૂર સહકારી સંસ્થા, સેવા સહકારી સંસ્થા, બેરોજગાર સેવા સહકારી સંસ્થા વગેરે પાસેથી અરજીઓ મંગાવે છે. (મુદત - ૨૫.૦૫.૨૦૨૬થી ૨૪.૧૧.૨૦૨૬.)

| ક્ર.નં. | વિશેષ | સંસ્થાની નિમણૂક સંખ્યા |
|---|---|---|
| ૧ | ૨૫.૦૫.૨૦૨૬થી ૨૪.૧૧.૨૦૨૬ની મુદત માટે આસી. કમિશનર L વોર્ડ વહીવટી બિલ્ડિંગમાં વિવિધ કામની સફાઈ અને અન્ય વિવિધ કામ માટે મજૂરોની જોગવાઈ માટે સંસ્થા અને સંસ્થાઓની નિમણૂક | ૧ |

નિર્ધારિત અરજી ફોર્મ રૂ. ૪૦૦૦+૧૮% GST (રિફંડપાત્ર નથી) ચૂકવ્યા પછી ઉપલબ્ધ કરાવવામાં આવશે. અરજી ફોર્મની ચુકવણી માટેનું ચલણ ૧૪.૦૫.૨૦૨૬થી ૨૧.૦૫.૨૦૨૬ના સ. ૧૧.૦૦થી સાં. ૪.૦૦ સુધી L વોર્ડમાં હેડ કલાર્ક (ખર્ચ)ની ઓફિસમાં ઉપલબ્ધ રહેશે.

CFCમાં અરજી ફોર્મ ભર્યા પછી, નિર્ધારિત અરજી ફોર્મ અને બારડી ચલણ (રૂ. ૧૭૦૦૦/-) L વોર્ડમાં હેડ કલાર્ક (ખર્ચ)ની ઓફિસમાં આપવામાં આવશે. બારડી ચૂકવણી બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના નામે રાષ્ટ્રીયકૃત બૅન્ક D.D.માં અથવા રોકડમાં કરવામાં આવશે.

નિર્ધારિત અરજી ફોર્મ, તમામ જરૂરી દસ્તાવેજો સાથે સીલબંધ કવરમાં ૨૫.૦૫.૨૦૨૬ના હેડ કલાર્ક (ખર્ચ)ની ઓફિસમાં સુપ્રત કરવાનું રહેશે. ૨૨.૦૫.૨૦૨૬ના સાં. ૫.૩૦ ક. પછી મળેલી અરજી ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

પ્રાપ્ત અરજી ફોર્મની ચકાસણી કર્યા પછી, લાયકાતની યાદી તૈયાર કરવામાં આવશે. લાયક સંસ્થા કે સંસ્થાઓની યાદીના આધારે, આસિસ્ટન્ટ કમિશનર L વોર્ડની ઓફિસમાં લોટરી કાઢવામાં આવશે અને તદ્અનુસાર લોટરીમાં પસંદ થયેલ સફળ સંસ્થા અને સંસ્થાઓને કાર્ય ફાળવવામાં આવશે.

આસિસ્ટન્ટ કમિશનર L વોર્ડ કોઈપણ કારણ આપ્યા વિના ઉપરોક્ત કાર્ય માટે સંસ્થા/સંસ્થાઓની પસંદગી પ્રક્રિયા રદ કરવાનો અધિકાર અનામત રાખે છે.

સહી/-
આસિસ્ટન્ટ એન્જિનિયર
(મેઈન્ટ.) L વોર્ડ

PRO/342/ADV./2026-27

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.


# નિરસ માગ અને મલયેશિયા પાછળ આયાતી તેલમાં નરમાઈ, સિંગતેલમાં ₹ ૧૦નો ઘટાડો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ગઈકાલે ૧૬૨ સેન્ટનો સુધારો આવ્યાના ઓવરનાઈટ અહેવાલ હતા, જ્યારે આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં ૪૧ રિંગિટ ઘટી આવ્યા હતા. આમ વૈશ્વિક મિશ્ર અહેવાલ છતાં સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી અને સેલરિસેલ ધોરણે કામકાજ નિરસ રહેતાં આયાતી તેલમાં આરબીડી પામોલિન, સોયા રિફાઈન્ડ અને સરસવમાં ૧૦ કિલોદીઠ રૂ. પાંચનો ઘટાડો આવ્યો હતો. વધુમાં આજે ગુજરાતના મથકો પર સિંગતેલમાં નિરસ માગે તેલિયા ટીનના ભાવમાં ૧૫ કિલોદીઠ રૂ. ૩૫નો અને ૧૦ કિલોદીઠ રૂ. ૨૫નો ઘટાડો આવ્યો હોવાથી સ્થાનિકમાં પણ દેશી તેમાં સિંગતેલ અને સરસવમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૦ ઘટી આવ્યા હતા, જ્યારે એકમાત્ર કપાસિયા રિફાઈન્ડમાં રૂ. ૧૦નો સુધારો જોવા મળ્યો હતો. આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ એડબ્લ્યુએલના સોયા રિફાઈન્ડના મે અને જૂન ડિલિવરી શરતે અનુક્રમે રૂ. ૧૪૬૦ અને રૂ. ૧૪૭૦, જી-વનના આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૫૧, પતંજલિ ફૂડ્સના આરબીડી પામોલિનના મે અને જૂન ડિલિવરી શરતે અનુક્રમે રૂ. ૧૪૫૦ અને રૂ. ૧૪૫૫, ગોલ્ડન એગ્રીના આરબીડી પામોલિનના રૂ. ૧૪૯૦ અને ગોકુલ એગ્રોના આરબીડી પામોલિન તથા સોયા રિફાઈન્ડના અનુક્રમે રૂ. ૧૪૪૮ અને રૂ. ૧૪૭૫ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારનો અભાવ હતો. આજે ગુજરાતમાં ગોંડલ મથકે મગફળીની ૬૦૦૦ ગૂણીની અને રાજકોટ મથકે મગફળીની ૩૦૦૦ ગૂણીની આવક સામે બન્ને મંડીમાં વેપાર મણદીઠ રૂ. ૧૩૦૦થી ૧૫૦૦ના મથાળે થયા હતા. તેમ જ આજે ગોંડલ મથકે ૧૦ કિલોદીઠ સિંગતેલના વેપાર રૂ. ૧૫૩૫થી ૧૫૫૦માં, વૉશ્ડ કૉટનના રૂ. ૧૪૫૦માં અને કૉટન રિફાઈન્ડના વેપાર રૂ. ૧૫૦૦માં થયા હતા, જ્યારે રાજકોટનાં મથકો પર દેશાવરોની માગની માગ નિરસ રહેતાં સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૩૫ના ઘટાડા સાથે રૂ. ૨૪૭૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૨૫ના ઘટાડા સાથે રૂ. ૧૫૫૦માં થયા હતા. વધુમાં આજે મધ્ય પ્રદેશનાં મથકો પર સોયાસીડની અંદાજે ૭૫,૦૦૦ ગૂણીની આવક સામે મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૬૯૦૦થી ૭૧૦૦માં અને પ્લાન્ટ ડિલિવરી શરતે રૂ. ૭૨૦૦થી ૭૩૫૦માં થયા હતા. આજે હાજરમાં દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ આરબીડી પામોલિનના રૂ. ૧૪૭૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૮૫, સન રિફાઈન્ડના રૂ. ૧૬૩૫, સિંગતેલના રૂ. ૧૬૧૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૫૦૦ અને સરસવના રૂ. ૧૪૯૦ના મથાળે રહ્યાના અહેવાલ હતા.

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

**વડા પ્રધાનની અપીલ**

## મુખ્ય પ્રધાન સહિત તમામ પ્રધાનોના કાફલામાં વાહનોની સંખ્યા અડધી થઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ઇંધણ અને વિદેશી હૂંડિયામણ બચાવવા માટે વડા પ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા કરવામાં આવેલી અપીલનો પ્રતિસાદ આપતાં મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે બે ઉચ્ચ સ્તરીય બેઠકોમાં વિવિધ પગલાંઓની સમીક્ષા કરી અને તે મુજબ મુખ્ય પ્રધાન સહિત તમામ પ્રધાનોના કાફલામાં વાહનોની સંખ્યા અડધી કરવાની સૂચનાઓ આપવામાં આવી હતી.

આ પ્રસંગે મુખ્ય સચિવ, પોલીસ ડીજી અને અન્ય વરિષ્ઠ અધિકારીઓ હાજર રહ્યા હતા.

મુખ્ય પ્રધાન સહિત તમામ પ્રધાનોના કાફલામાં વાહનોની સંખ્યા તાત્કાલિક અસરથી અડધી કરવાનો આદેશ અપાયો હતો. સંબંધિત પોલીસ કમિશનર અથવા પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ પ્રવાસ દરમિયાન કાફલામાં વાહનોની સંખ્યા નિર્ધારિત સંખ્યા કરતાં વધુ ન થાય તેની સુનિશ્ચિત કરવા માટે જવાબદાર રહેશે. પ્રધાનો અને અધિકારીઓએ કોઈપણ વિદેશ પ્રવાસ ન કરવો. જ્યાં સુધી ખુબ જ જરૂરી ન હોય ત્યાં સુધી પ્રધાનોએ સરકારી વિમાનો અને હેલિકોપ્ટરનો ઉપયોગ ન કરવો, પરંતુ નિયમિત હવાઈ સેવાઓનો ઉપયોગ કરવો. પ્રધાનો અને અધિકારીઓએ મેટ્રો જેવા જાહેર પરિવહનનો ઉપયોગ વધારવો. આ પ્રયોગ પ્રથમ તબક્કામાં ઓછામાં ઓછો એક દિવસ માટે કરવો જોઈએ. અધિકારીઓને મીટિંગમાં બોલાવવાને બદલે, વિડિઓ કોન્ફરન્સિંગ દ્વારા મીટિંગો યોજવી. સરકારને વિતરિત વાહનોની વિગતવાર સમીક્ષા કરવી, એવા આદેશ આ બેઠકમાં મુખ્ય પ્રધાને આપ્યા હતા.

મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે આ મીટિંગમાં એવો પણ નિર્દેશ આપ્યો છે કે ઉર્જા સંરક્ષણ માટે બિનજરૂરી હોર્ડિંગ્સ/ફ્લેક્સ સામે કાર્યવાહી કરવામાં આવે અને ત્યાં સુશોભન લાઇટિંગનો ઉપયોગ ન થાય તેની કાળજી લેવામાં આવે. ■

**બારામતી પ્લેન ક્રેશ**

## અજિત પવારનું જે જગ્યાએ વિમાન તૂટી પડ્યું તે જ ગામમાં આ દુર્ઘટના બની

મુંબઈ: સમય પણ એ જ અને ગામ પણ એ જ અને ફરીથી એ જ દુર્ઘટના થતા થતા રહી ગઈ. ટૂંકમાં, એક નાનો પણ મોટો અકસ્માત થયો. ફરી એકવાર બારામતીમાં એક વિમાન ક્રેશ થયું. બારામતી તાલુકાના ગોજુબાવી ગામની હદમાં બુધવારે સવારે એક વિમાન ક્રેશ થયું હતું.

આ અકસ્માતમાં વિદ્યાર્થી પાયલોટ સુરક્ષિત હોવાનું કહેવાય છે. રેડ બર્ડ કંપનીનું પાયલોટ તાલીમ વિમાન બુધવારે સવારે લગભગ ૮:૪૦ વાગ્યે તેની નિયમિત તાલીમ આપી રહ્યું હતું. ગોજુબાવી ગામથી લગભગ દોઢ કિલોમીટર ઉત્તરમાં હવામાં જ વિમાનનો અવાજ બંધ થઈ ગયો. વિમાનના એન્જિનમાં ખામી સર્જાઈ હોવાનું સમજીને પાયલટે સાવચેતી રાખીને નજીકના શેરડીના ખેતરમાં વિમાનને ઉતારવાનો પ્રયાસ કર્યો, પરંતુ તે ક્રેશ થઈ ગયું. વિમાન શેરડીના ખેતરમાં ક્રેશ થતાં મોટી દુર્ઘટના ટળી ગઈ હતી. આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી. જોકે, તાલીમ લઈ રહેલ તાલીમાર્થી પાયલોટ આ ભયાનક ઘટનાને કારણે ગભરાઈ ગયો હતો. ■

### ગોજુબાવી ગામનું વિચિત્ર કનેક્શન

નોંધનીય છે કે, ગોજુબાવી ગામના જે વિસ્તારમાં આ અકસ્માત થયો હતો,



અગાઉ ત્યાં જ અજિત પવારનું વિમાન પણ ક્રેશ થયું હતું. આ વિસ્તારમાં વિમાન દુર્ઘટનાની આ ત્રીજી ઘટના છે, તેથી, સ્થાનિકોમાં ચર્ચાનો વિષય બની છે. ઘટનાની માહિતી મળતાં જ બારામતી પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઈ હતી. પ્રાથમિક તપાસ મુજબ વિમાનનું એન્જિન હવામાં જ બંધ થઈ જવાને કારણે ઈમરજન્સી લેન્ડિંગ કરવું પડ્યું હતું. જોકે, નાગરિક ઉડ્ડયન નિયામકમંડળ ટેકનિકલ ખામીના ચોક્કસ કારણ અંગે વધુ તપાસ કરે તેવી શક્યતા છે. ■


અમૂલ દૂધની કિંમતોમાં વધારો.

| પ્રકાર | SKU | હાલની એમઆરપી* (₹) | નવી એમઆરપી* (₹) |
|---|---|---|---|
| અમૂલ તાજા | 500 મિલી | 29 | 30 |
| | 1 લીટર | 57 | 59 |
| | 2 લીટર | 112 | 116 |
| અમૂલ ગાયનું દૂધ | 500 મિલી | 29 | 30 |
| | 1 લીટર | 57 | 59 |
| અમૂલ ટી – સ્પેશ્યલ | 500 મિલી | 29 | 30 |
| | 1 લીટર | 57 | 59 |
| અમૂલ ગોલ્ડ | 500 મિલી | 35 | 36 |
| | 1 લીટર | 69 | 72 |
| અમૂલ ભેંસનું દૂધ | 500 મિલી | 37 | 39 |

*એમઆરપી (બધાં કરવેરા સહિત). પ્રમુખ દૂધ પ્રકારો/પૅક્સ.

નવી કિંમતો 14 મે, 2026 ના રોજ સવારથી મુંબઈ અને નજીકના માર્કેટમાં લાગુ રહેશે.



અમૂલ દૂધ

શરતો લાગુ.


Amul The Taste of India

અમે દૂધની કિંમતોમાં વધારો કર્યો છે, જે દૂધ ઉત્પાદન ખર્ચમાં વધારો થવાને લીધે કરાયો છે. વધુ માહિતી માટે કૃપા કરી અહીં સંપર્ક કરો – 1800-258-3333 / ઈમેઈલ: customercare@amul.coop


## ટીસીએસકાંડમાં મતીન પટેલના ઘર-ઓફિસ પર બુલડોઝર

નાસિક: નાસિકમાં ટીસીએસ કર્મચારી સાથે જોડાયેલા કથિત યૌન શોષણ અને ધર્માંતરણના મામલે હવે નવો રાજકીય વળાંક આવ્યો છે. આરોપી નિદા ખાનને આશ્રય આપવાના આરોપસર એઆઈએમઆઈએમના કોર્પોરેટર મતીન પટેલના ઘર અને ઓફિસ પર મહાનગરપાલિકાએ બુલડોઝરની કાર્યવાહી શરૂ કરી દીધી છે. આ કાર્યવાહી દરમિયાન મહિલાઓએ અધિકારીઓને ફૂલ અને બંધારણની નકલ આપીને પોતાનો વિરોધ નોંધાવ્યો હતો. પોલીસના જણાવ્યા અનુસાર, મતીન પટેલ પર આરોપ છે કે તેણે આરોપી નિદા (જુઓ પાનું ૪)

## ઘોડબંદર રોડ પર બુધવારે ભીષણ ટ્રાફિક જૅમ



થાણે: ઘોડબંદર રોડ પર આવેલા આર મોલ વિસ્તારમાં વાહન બગડી જવાને કારણે તેમજ ગાયમુખ ઘાટ વિસ્તારમાં કરપે કમ્પાઉન્ડ પાસે અન્ય એક વાહન બંધ પડી જવાથી બુધવારે સવારે ભારે ટ્રાફિક જામ સર્જાયો હતો.

આ ટ્રાફિક જામને કારણે મુસાફરોને ભારે હેરાનગતિ ભોગવવી પડી હતી.

બુધવારે સવારે આર મોલ વિસ્તારમાં ઘોડબંદરથી થાણે તરફ જતી લેન પર એક વાહન બગડી ગયું હતું, જેના કારણે ટ્રાફિક વ્યવસ્થા ખોરવાઈ ગઈ હતી. આના પરિણામે આર મોલથી ડોંગરીપાડા સુધી ભારે ટ્રાફિક જામ સર્જાયો હતો. આના કારણે થાણે રેલવે સ્ટેશન, ઈસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે થઈને મુંબઈ અને મુંબઈ-નાશિક હાઈવે થઈને નવી મુંબઈ કે ભિવંડી તરફ જનારા મુસાફરોને ભારે હાલાકી ભોગવવી પડી હતી. માત્ર ૧૦ મિનિટના અંતર માટે લોકોને અંદાજે ૨૦ થી ૨૫ મિનિટ જેટલો સમય લાગી રહ્યો હતો.

તેમજ ગાયમુખ ઘાટના કરપે કમ્પાઉન્ડ વિસ્તારમાં એક ભારે વાહન બગડી ગયું હતું, જેની (જુઓ પાનું ૪)

## પાકિસ્તાની ગૅન્ગસ્ટર શહઝાદ ભટ્ટીના રાજ્યમાં ૫૭ શાગિર્દ



શહઝાદ ભટ્ટી

### એટીએસે ૪૦ સ્થળે દરોડા પાડી શકમંદોની પૂછપરછ હાથ ધરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: સોશ્યલ મીડિયાના માધ્યમથી યુવાનોને દેશ વિરોધી પ્રવૃત્તિ માટે ઉશ્કેરનારા પાકિસ્તાની ગૅન્ગસ્ટર શહઝાદ ભટ્ટીના સંપર્કમાં રાજ્યના ૫૭ જેટલા યુવાનો હોવાની ચોંકાવનારી માહિતી સામે આવી છે. છેલ્લા અમુક દિવસથી નજર રાખ્યા પછી બુધવારની વહેલી સવારથી મહારાષ્ટ્ર એન્ટિ-ટેરરિઝમ સ્ક્વોડ (એટીએસ)ના અધિકારીઓએ ૪૦ જેટલાં સ્થળે દરોડા પાડી શકમંદોની પૂછપરછ હાથ ધરી હતી.

મહારાષ્ટ્રનાં અલગ અલગ શહેરોમાં રહેતા અનેક યુવાનો પાકિસ્તાની ગૅન્ગસ્ટર શહઝાદ ભટ્ટીના સંપર્કમાં હોવાની માહિતી એટીએસને મળી હતી. ભટ્ટી વિદેશમાં બેસીને સોશ્યલ મીડિયાના માધ્યમથી યુવાનોને દેશ વિરોધી કૃત્યો કરવા માટે ઉશ્કેરતો હોવાની શંકા એટીએસને છે.

કહેવાય છે કે એટીએસ દ્વારા વિવિધ શહેરોના ૫૭ યુવાનોને ઓળખી કાઢવામાં આવ્યા હતા. પછી તેમની હિલચાલ પર સતત નજર રાખવામાં આવી હતી. આખરે બુધવારે એટીએસની અલગ અલગ ટીમ નવ જેટલાં શહેરો પર ત્રાટકી હતી.

સૂત્રોએ જણાવ્યું હતું કે મુંબઈ, અકોલા, નાંદેડ, પુણે, મીરા રોડ, નાલાસોપારા, નાશિક, જળગાંવ, નાગપુર સહિત અન્ય સ્થળોએ એટીએસની ટીમ પહોંચી હતી. અધિકારીના કહેવા મુજબ (જુઓ પાનું ૪)


કાશ્મીર
હિમાચલ
ઉત્તરાખંડ
સ્પીતી
•••• મહારાજ સાથે ••••
Heena Tours & Travels
9769442741 / 8369230503



PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in **CANADA, UK, USA & WORLD WIDE** including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with **SPECIAL rates.**
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"


## દીકરીના અનૈતિક સંબંધોથી કંટાળેલા પિતાએ તેનું માથું વાઢી નાખ્યું

**મધ્ય પ્રદેશમાં હત્યા પછી શબ જળગાંવના જંગલમાં લાવી સળગાવી દેવાયું: પિતા-પુત્રની ધરપકડ**

બુલઢાણા: દીકરીના અનૈતિક સંબંધોથી કંટાળેલા પિતાએ તેનું માથું વાઢી નાખ્યા પછી શબને પેટ્રોલ રેડી સળગાવી દીધું હોવાની આંચકાજનક ઘટના સામે આવી હતી. મધ્ય પ્રદેશમાં હત્યા કર્યા પછી શબને બાઈક પર જળગાંવ લાવીને બાળવામાં આવ્યું હતું. પોલીસે હત્યાનો ભેદ ઉકેલી પિતા-પુત્રની ધરપકડ કરી હતી.

પોલીસના જણાવ્યા મુજબ જળગાંવ તાલુકાના રાજુરા શિવાર ખાતેના જંગલમાંથી ૨૬ એપ્રિલે યુવતીનો અડધો બળેલો મૃતદેહ મળી આવ્યો હતો. માથું ધડથી અલગ કરીને શરીર પરનાં બધાં નિશાન મિટાવી દેવાયાં હતાં. પરિણામે યુવતીની ઓળખ મેળવવી મુશ્કેલ બની રહ્યું હતું.

દરમિયાન ઘટનાના છ દિવસ પછી પહેલી મેના રોજ મધ્ય પ્રદેશના ખકનાર પોલીસ સ્ટેશનમાં યુવતી ગુમ થયાની ફરિયાદ નોંધાઈ હતી. પિતા બાપુરાવ કળમેકરે જ દીકરી શિવાની ગુમ થયાની ફરિયાદ કરી હતી. આ બાબતની જાણ જળગાંવની ક્રાઈમ બ્રાન્ચને થઈ હતી.

ક્રાઈમ બ્રાન્ચની એક ટીમ મધ્ય પ્રદેશના ખકનાર પોલીસ સ્ટેશને પહોંચી હતી. પ્રાથમિક તપાસમાં યુવતીના પિતા પર શંકા હોવાથી બે દિવસ સુધી અધિકારીઓએ બાપુરાવ અને તેના પુત્ર અજય કળમેકર (જુઓ પાનું ૪)

## ટ્રેન મેનેજરોના વિરોધથી મધ્ય રેલવેની સેવાઓ પર અસર

મુંબઈ: મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ (સીએસએમટી) ખાતે ટ્રેન મેનેજરો (ગાર્ડ્સ) એ સેન્ટ્રલ રેલ્વે વહીવટીતંત્ર દ્વારા જારી કરાયેલા સલામતી પરિપત્રના વિરોધમાં 'કામ કરો' વિરોધ પ્રદર્શન કર્યા બાદ બુધવારે સાંજે ઉપનગરીય સેવાઓ પર અસર પડી હતી.

આ આંદોલનને કારણે સાંજના ધસારાના સમયે ઉપનગરીય ટ્રેન સેવાઓ રદ કરવામાં આવી હતી.

રેલવે સૂત્રોના જણાવ્યા અનુસાર બુધવાર સાંજથી શરૂ થયેલા વિરોધથી દક્ષિણ મુંબઈના વ્યસ્ત ટર્મિનસ પર કામગીરી પર અસર પડી હતી, ટ્રેન મેનેજરો પ્રક્રિયાગત ધોરણોનું કડક પાલન કરતા હતા, જેના કારણે સ્થાનિક સેવાઓમાં વિલંબ અને રદ કરવામાં આવી હતી.

મધ્ય રેલવે (સીઆર) ના પ્રવક્તાએ જણાવ્યું હતું કે વાતચીત દ્વારા આ મુદ્દાને ઉકેલવા માટે અધિકારીઓ અને ટ્રેન મેનેજરોના પ્રતિનિધિઓ વચ્ચે ચર્ચા ચાલી રહી છે અને તેઓ શક્ય તેટલી વહેલી તકે સામાન્ય ઉપનગરીય કામગીરી પુનઃસ્થાપિત કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. સેન્ટ્રલ રેલવે દ્વારા સાતમી મેના રોજ જારી કરાયેલા સેફ્ટી સર્ક્યુલર નંબર ૧૫ માં, ગાર્ડ્સ (ટ્રેન મેનેજર્સ) અને મોટરમેન/લોકો પાઇલટ્સ વચ્ચે બેલ કોડ સિગ્નલની આપ-લે સંબંધિત જનરલ એન્ડ સબસિડિયરી રૂલ્સ (GSR) ૨૦૨૦ આવૃત્તિ હેઠળ સુધારેલી જોગવાઈઓ શામેલ છે. ■

## ડોકયાર્ડ રોડમાં ગેન્ગસ્ટર આસિફ દાઢીના પુત્ર પર કર્યો ગોળીબાર: શૂટર સહિત બેની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ડોકયાર્ડ રોડ વિસ્તારમાં ગેન્ગસ્ટર અને દાઉદ ઇબ્રાહિમ ગેન્ગ સાથે કડી ધરાવતા આસિફ દાઢીના પુત્ર સમીર મોહંમદ આસિફ શેખ પર થયેલા ગોળીબારના કેસમાં ક્રાઇમ બ્રાન્ચે શૂટર સહિત બે જણને માહિમ દરગાહ પરિસરમાંથી ઝડપી પાડ્યા હતા. આર્થિક વિવાદને લઇ થયેલા હુમલામાં સૈફ ખાન નામનો આરોપી સંડોવાયેલો હોવાનું તપાસમાં સામે આવ્યું હોઇ પોલીસ હવે તેની શોધ ચલાવી રહી છે, એમ અધિકારીએ કહ્યું હતું.

ક્રાઇમ બ્રાન્ચ યુનિટ-૩ના અધિકારીઓએ ઝડપી પાડેલા બંને આરોપીની ઓળખ ઝીશાન અનવર ખાન અને સાદિક લિયાકત શેખ તરીકે થઇ હતી. બંનેને કોર્ટમાં હાજર કરવામાં આવતાં તેમને ૧૯ મે સુધીની પોલીસ કસ્ટડી ફટકારવામાં આવી હતી.

ડોકયાર્ડ રોડ ખાતે મીનાક્ષી એપાર્ટમેન્ટ નજીક મંગળવારે સાંજે ૫.૪૫ વાગ્યાની આસપાસ સમીર શેખ પર ગોળીબાર કરવામાં આવ્યો હતો. સમીર શેખ હોટેલ તરફ જઇ રહ્યો હતો ત્યારે બાઇક પર આવેલા શખસોએ તેના પર ફાયરિંગ કર્યું હતું અને બાદમાં તેઓ ત્યાંથી ફરાર થઇ ગયા હતા. સમીર શેખના પગમાં ગોળી વાગતાં તેને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયો હતો. ભાયખલા પોલીસે આ પ્રકરણે હત્યાનો ગુનો દાખલ કર્યો હતો.

દરમિયાન આ કેસની સમાંતર તપાસ કરી રહેલી ક્રાઇમ બ્રાન્ચની ટીમે સીસીટીવી કેમેરાના ફૂટેજ (જુઓ પાનું ૪)


તાત્કાલિક જરૂરિયાત - Administrative Manager

પારસધામ – ઘાટકોપર ધર્મ સંકુલ ખાતે એક અનુભવી Administrative Manager / Agency ની તાત્કાલિક જરૂર છે.

જેઓ નીચેના વિભાગોને સુવ્યવસ્થિત અને શિસ્તબદ્ધ રીતે સંભાળી શકે:
* Office Administration * Kitchen Management * Accommodation Management
* Event Coordination * તથા અન્ય સંચાલન સંબંધિત Departments

અરજદાર માટેની લાયકાત:
* 8 થી 10 વર્ષનો પ્રશાસનિક અનુભવ * Computer તથા આધુનિક Technology નું સારું જ્ઞાન
* Leadership, Discipline અને Team Managementની કુશળતા.

કાર્યક્ષમતા અને અનુભવ અનુસાર યોગ્ય salary આપવામાં આવશે.

ઇચ્છુક વ્યક્તિઓએ પોતાનો ફોટોગ્રાફ તથા Resume નીચે આપેલ Email Id and contact no. પર મોકલવો અથવા દર્શાવેલ નંબર પર સંપર્ક કરવો.

Email Id: resume.parasdham@gmail.com • Contact: 7303000666






14 DAYS

DATE OF DEPARTURE
JUNE - 05th & 19th

Package Inclusions
» Helicopter Ride, The Great Wall, Avatar Mountains, Kuixing Tower Square, Glass Bridge, Face-Changing Show, Maglev Train, Charming Xiangxi Show, Shanghai Tower, Heaven's Gate, Acrobatic Show, Panda Breeding Centre, અને Hongyadong Cave Complex નો અદભુત અનુભવ.
» વર્લ્ડ ક્લાસ એરલાઈન દ્વારા પ્રવાસ.
» આપણા પોતાના જ રાજસ્થાની મહારાજ - શુદ્ધ શાકાહારી / જૈન જમણ.
» ગુજરાતી, હિન્દી અને ઈંગલિશ જાણતા ટૂર મનેજર ની સેવા.
» વીઝા અને એન્ટ્રન્સ ફી સહિત તમામ ખર્ચ ટૂર કોસ્ટ માં જ સામેલ.



SHAH HOLIDAYS
203, Man Excellenza, 2nd Floor, Opp. Pawan Hans, S. V. Road, Vile Parle (W), Mum-56.
9920490227 07506679945, 09324064281 (022) 26103073, 74


"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રી: *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલ: **samachar.bombay@gmail.com** ટેલિફોન: ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**